# સંભારણાં

(પચાસેક વર્ષ પહેલાંના ગામડાના
લોકજીવનની ખાટી-મીઠી વાતો)

સુરેશ ત્રિવેદી

© સુરેશભાઈ સી. ત્રિવેદી

**પ્રાપ્તિસ્થાન :** **સુરેશભાઈ સી. ત્રિવેદી**
૨૧, ત્રિશલા રેસીડેન્સી, સોલા સિવિલ હોસ્પિટલ સામે,
એસ.જી. હાઈવે, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧.

**સંપર્ક :** e-mail : sctwav@gmail.com
blog : sctwav.wordpress.com

**સંસ્કરણ :** **પ્રથમ, જાન્યુઆરી-૨૦૧૫**

**મૂલ્ય :** રૂ. ૩૦-૦૦

**મુદ્રક :** **ટાઈપોગ્રાફિક્સ,**
૧૦૮, સિલ્વર ઓક્સ બિલ્ડીંગ, મહાલક્ષ્મી ચાર રસ્તા,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
e-mail : typo_graphers@yahoo.com



# અર્પણ...

## મારાં માતાપિતાને

**જેમના સ્નેહ, શાણપણ, શિક્ષણ, શીખ,**

**અને**

**સંસ્કાર સિંચનથી મારું જીવનઘડતર થયું**

# પ્રસ્તાવના

વર્ષ ૨૦૧૦ના ઓકટોબર મહિનાની ૪થી તારીખ. સવારે ઘરમાંથી ચોકમાં જવાનું પગથીયું ઉતરતાં પગ લપસ્યો અને હાડકાંના ડોક્ટરે ડાબે પગે મસમોટો પાટો બાંધીને કહી દીધું કે માઈનોર ફ્રેકચર છે, જેથી એક મહિનો જમીન ઉપર પગ મૂકવો નહીં. અર્થાત એક મહિનો ઓફીસ જવું નહીં. હવે બેંક અધિકારીની એકદમ વ્યસ્ત અને સમર્પિત જિંદગીમાં ખાસ પ્રસંગ કે પ્રવાસ સિવાય આટલી લાંબી રજા ક્યારેય લીધેલ નહીં, તેથી મોટો પ્રશ્ન એ થયો કે એક મહિના સુધી ઘેર બેસીને કરવું શું.

મને અવારનવાર બાળપણના સમયની પ્રવૃત્તિઓ, લોકજીવન, અવનવા પ્રસંગો વિગેરેની યાદ આવ્યા કરતી અને મારાં પત્ની સાથે તેની ચર્ચાઓ થયા કરતી. આ સંદર્ભમાં તેમણે સુચન કર્યું કે તમારી બાળપણની સ્મૃતિઓને લખાણનું સ્વરૂપ આપી દો, જેથી ફાજલ સમયની તક મળી છે તેનો સદુપયોગ થશે. બસ, આમ શરુ થયું મગજની હાર્ડડીસ્કમાં ખૂણેખાંચરે સંઘરાયેલા ડેટાને કાગળ પર ઉતારવાનું. મનમાં ધરબાયેલી બાળપણની સ્મૃતિઓ જેમ યાદ આવતી ગઈ તેમ લખતો ગયો. આમ નવરા બેસી રહેવાનો પ્રશ્ન હલ થયો અને બાળપણનાં સંભારણાં (તારક મહેતાનાં ઉલ્ટા ચશ્માંવાળા ભીડે માસ્તરના શબ્દોમાં "અમારા જમાનાની વાતો") મિત્રો સાથે વહેંચીને તાજી કરીશું એમ વિચાર્યું.

તે મુજબ મારા લખાણની હસ્તપ્રત કેટલાક મિત્રોને વાંચવા માટે આપી. આ મિત્રોને મારું લખાણ રસપ્રદ લાગ્યું અને તેઓએ આ લખાણને પુસ્તકરૂપ આપવા સુચન કર્યું. પરંતુ ફરીથી વ્યસ્ત બનેલી જિંદગીમાં હસ્તપ્રતને મઠારીને પુસ્તકરૂપ આપવાનો યોગ જલ્દી આવ્યો નહીં. કદાચ કુદરતને ફરીથી પગનું ફ્રેકચર કરાવવાનું પસંદ નહીં હોય! છેવટે બેંકમાંથી નિવૃત્ત થયા પછી હવે આ અધૂરું કાર્ય પૂરું થયું છે અને તેના ફળસ્વરૂપ આ પુસ્તિકા રજૂ કરું છું.

હું કોઈ લેખક હોવાનો દાવો કરતો નથી કે આ પુસ્તિકા મારી આત્મકથા છે તેવું પણ કહેતો નથી. આમ પણ આત્મકથા લખવાનું કાર્ય ઘણું મુશ્કેલ છે. આત્મકથા લખવાના સંદર્ભમાં અબ્રાહમ કાઉલીનું એક સરસ અવતરણ યાદ આવે છે.

"પોતે પોતાના વિશે લખવામાં મજા તો છે, પણ મુશ્કેલી પણ છે, કારણકે પોતાના વિશે કશુંક ખરાબ લખતાં પોતાને ખટકે અને સારું કહેતાં સાંભળનાર કે વાંચનારને ખટકે !"

આમ આ પુસ્તિકા મારી આત્મકથા નથી. મેં તો ફક્ત મારા બાળપણના સમયના ગામડાનાં લોકજીવન અને સંસ્કૃતિને લગતું વાસ્તવિક ચિત્ર, મારા મનમાં જેવું ધરબાયેલું હતું તેનું તેવું નિરૂપણ કરવાનો પ્રયત્ન કર્યો છે. જો વાંચકોને આ પુસ્તિકામાં રસ પડશે અને વાંચવાલાયક ગણશે તો મારો પ્રયત્ન સફળ ગણીશ. વાંચકોને મારા લખાણમાં માહિતીદોષ, ઉણપ કે અન્ય કોઈ ક્ષતિ જણાય તો ક્ષમ્ય ગણવા અને મને પત્ર અથવા ઈ મેલ દ્વારા જાણ કરવા વિનંતી છે. ઉપરાંત આપના સારા અને નરસા બન્ને પ્રકારના પ્રતિભાવો મને જણાવશો તો હું બહુ જ આભારી થઈશ (email-id : sctwav@gmail.com). આ પુસ્તિકા તથા મારાં અન્ય લખાણો મારા બ્લોગ (sctwav.wordpress.com) ઉપર ઉપલબ્ધ છે, જેના પર પણ આપના પ્રતિભાવો મોકલી શકાશે.

આ પુસ્તિકાના લખાણથી પ્રકાશન સુધીના ભગીરથ કાર્યમાં દરેક તબક્કે મને સલાહ-સુચન, સાથ-સહકાર તેમ જ પ્રોત્સાહન આપવા માટે મારાં પત્ની કપિલાબેન ત્રિવેદી તથા મિત્રો શ્રી ભરતભાઈ ત્રિવેદી, શ્રી રમેશભાઈ ત્રિવેદી, શ્રી પ્રભુદાન ગઢવી તથા અન્ય સર્વે મિત્રોનો હું ઋણસ્વીકાર કરું છું.

| | |
|---|---|
| ઉત્તરાયણ, સંવત ૨૦૭૧ | **સુરેશ ત્રિવેદી** |
| તા. ૧૪-૦૧-૨૦૧૫ | અમદાવાદ |

# અનુક્રમણિકા...


| | | |
|---|---|---|
| ૧. | મારું ગામ - માડકા | ૭ |
| ૨. | બાપા અને બા | ૧૪ |
| ૩. | નિશાળ | ૨૨ |
| ૪. | મકાનોની બાંધણી | ૩૨ |
| ૫. | લોકજીવન | ૪૩ |
| ૬. | મનોરંજન | ૫૨ |
| ૭. | ગામડાનાં દૂષણો | ૫૮ |

# ૧. મારું ગામ - માડકા

**એક** તો મારો બનાસકાંઠા જીલ્લો એ ગુજરાતનો સૌથી છેવાડાનો અને સૌથી પછાત જીલ્લો (શિક્ષણ, આરોગ્ય, ખેતી, સિંચાઇ, ઉદ્યોગ-ધંધા, સાધનસગવડ વિગેરે બધાં જ ક્ષેત્રોમાં) અને એમાંય મારો વાવ તાલુકો બનાસકાંઠા જીલ્લાનો પણ સૌથી છેવાડાનો અને સૌથી પછાત તાલુકો. રાજ્યનો એટલા છેવાડાનો ભાગ કે ગુજરાતના અન્ય વિસ્તારમાં વસતા લોકોને અને કદાચ સરકારને પણ વાવ તાલુકાનું અસ્તિત્વ છે તે જ ખબર નહિ હોય. એને લીધે જ આજથી પચાસ વર્ષ પહેલાં વાવ તાલુકાને લગતા કોઈ સમાચાર ગુજરાતનાં તે વખતનાં જાણીતાં અખબારો (ગુજરાત સમાચાર, સંદેશ અને જનસત્તા)માં બેચાર મહીને નાની એવી કોલમમાં છપાય તો પણ અમને બહુ મોટી ઘટના લાગતી.

'નબળા કુતરાને બગાઈઓ ઘણી' એ ન્યાયે કુદરતે પણ વાવ તાલુકાને વિષમ વાતાવરણ આપ્યું છે. ઉનાળામાં સખત ગરમી તપાવે, શિયાળામાં ભયંકર ઠંડી થથરાવે, જ્યારે ચોમાસામાં ઓછો વરસાદ રડાવે. કચ્છના ભેંકાર રણ ઉપરથી અને સુઈગામ-નડાબેટ તરફની મીઠું પાકે એવી ખારી જમીન પરથી આવતા પવનો સમગ્ર વાતાવરણને ક્ષારમય બનાવી દે. ભૂતળનાં પાણી ઘણાં ઊંડાં અને તે પણ ખારાં. ચોમાસું સારું રહે તો વર્ષમાં એક પાક થાય નહીં તો રામરામ. પીવાના પાણીની પણ એવી તકલીફ કે વાવ તાલુકાનાં ૧૨૧ ગામોમાંથી લગભગ ૮૦ ગામોને ટેન્કર મારફતે અથવા ૬૦–૭૦ કી મી દુરથી પાઈપલાઈન મારફતે પાણી આપવું પડતું.

પણ કુદરતનો એક કરિશ્મા હોય છે. બળબળતા વિશાળ રણમાં જ્યાં ચારેકોર રેતીનો સમંદર લહેરાતો હોય, પાણી તો ફક્ત મૃગજળરૂપે જ હોય અને ઝાડપાનને બદલે છૂટાંછવાયાં ઝાંખરાં જ નજરે પડતાં હોય, એવા રણની વચ્ચે પણ કયાંક સુંદર મઝાનો રણદ્વીપ હોય છે, જ્યાં નાની સરખી મીઠા પાણીની તલાવડી હોય, તેની ચારેકોર વૃક્ષોની લીલોતરી હોય અને મનને શાતા મળે તેવું વાતાવરણ હોય. એ જ રીતે વાવ તાલુકામાં પણ કેટલાંક ગામો રણદ્વીપની જેમ મીઠું પાણી ધરાવતાં તળાવ-કૂવા અને વૃક્ષોની વનરાજીવાળાં હતાં. માડકા એવું એક ગામ.

મારા બાપા (પિતાજી), ચીમનલાલ ત્રિવેદી, માડકાની પ્રાથમિક શાળામાં હેડમાસ્તર તરીકે વર્ષ ૧૯૫૭ થી ૧૯૬૫ સુધી રહ્યા. તે પહેલાં તેઓ વાવ તાલુકાનાં જ સુઈગામ અને ભોરોલ ગામોની શાળામાં હેડમાસ્તર હતા. તે દરમ્યાન સુઈગામ ખાતે વર્ષ ૧૯૫૩માં મારો જન્મ. બાદમાં ભોરોલ ખાતે વર્ષ ૧૯૫૫માં મારા નાના ભાઈ રમેશભાઈનો જન્મ અને માડકામાં વર્ષ ૧૯૫૭માં અમારાં સૌથી નાનાં બેન રંજનબેનનો જન્મ. આમ માડકાના અમારા રહેવાશનો સમયગાળો વર્ષ ૧૯૫૭થી ૧૯૬૫ સુધીનો હતો. તે સમયગાળાનું એટલેકે અત્યારથી લગભગ પચાસેક વર્ષ પહેલાનું લોકજીવન અને સંસ્કૃતિનું ચિત્ર મેં જેવું અનુભવ્યું તેવું અહીં રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.

માડકા તે વખતે લગભગ બેએક હજારની વસ્તી ધરાવતું ખોબા જેવડું નાનકડું પણ રળિયામણું ગામ. ગામના એક છેડેથી બીજા છેડે ચાલીને જઈએ તો પણ આઠ દસ મિનીટમાં આરામથી પહોંચી જવાય. પણ ગામની વચ્ચે વિશાળ ચોકમાં એક બાજુ રૂપકડા જૈન દેરાસરની ધજા આકાશમાં લહેરાતી હોય, બીજી બાજુ જૈન ઉપાશ્રયમાં સ્તવન અને પ્રવચનની ગુંજ સંભળાતી હોય, સામે નિશાળમાં (પ્રાથમિક શાળા) વિદ્યાર્થીઓના ભણવાના અવાજો આવતા હોય, ચોકમાં ભૂલકાંઓની રમતગમતની ધમાચકડી ચાલતી હોય, ઘટાદાર લીમડાનાં વૃક્ષોના લહેરાતા અવાજ સાથે પક્ષીઓનો કલરવ સંભળાતો હોય, ગામની સીમમાં મીઠા પાણીનું મોટું તળાવ બારેમાસ પાણી ભરેલું હિલોળા લેતું હોય, તેની એક બાજુ શિવાલય અને બીજી બાજુ હનુમાનજીની દેરીના ઘંટારવ સાંજ-સવાર તાલબદ્ધ રીતે ગુંજતા હોય, તળાવની ચારેબાજુ વડલા, પીપળા, લીમડા, આંબા, જાંબુડા જેવાં ઘટાદાર વૃક્ષો, આંખ ઠારે તેવી વનરાજી અને તેની ઉપર મોર, પોપટ, બુલબુલ, હોલા, કબૂતર, કાગડા, કાબર, ચકલીઓ જેવાં પક્ષીઓ કિલકિલાટ કરતાં હોય, જે માડકાને ખરેખર રળિયામણું ગામડું બનાવતાં હતાં. ઉપરાંત ગામની ચોતરફના વગડામાં વાંદરા, રોઝ (નીલગાય), સસલાં, શિયાળ, જેવાં પશુઓ; તેતર, લેલાં, લક્કડખોદ, સમડી, ગીધ, બગલા, જળકૂકડી, ટીટોડી, જેવાં પક્ષીઓ અને નોળિયો, ઘો, છછુંદર, કાચીંડા, સાપ, વીંછી, અજગર, કાચબા, જેવા અનેક જીવો મેં જાતે જોયેલા છે.

જૂનો ઈતિહાસ ફંફોળતાં જાણવા મળે છે કે લગભગ ૪થા સૈકામાં માર્કંડઋષિએ આ ગામ વસાવેલું, જે માર્કંડ પરથી માડકા તરીકે જાણીતું થયું. માડકામાં મુખ્ય વસ્તી કણબી પટેલોની હતી. તે ઉપરાંત જૈન વાણીયા, બ્રાહ્મણ, દરબાર, સોની, સુથાર, ગઢવી, ખત્રી, રબારી, સાધુ, હરિજન વિગેરે જ્ઞાતિઓની વસ્તી હતી. મોટાભાગના

લોકો સીધી કે આડકતરી રીતે ખેતીવાડીના વ્યવસાયમાં સંકળાયેલા હતા. જૈનો વેપારધંધામાં અને અન્ય કોમો તેમના પારિવારિક ધંધામાં જોડાયેલા હતા.

સુરક્ષાનાં કારણોસર જૈનો અને સોની જેવી જ્ઞાતિઓનાં રહેઠાણ ગામની વચ્ચેના ભાગમાં હતાં. તે પછી બહારના ભાગમાં ઈતર કોમોનાં ઘર હતાં. ખેતીના ધંધામાં સીધી રીતે જોડાયેલા લોકો તથા પશુપાલન કરનારા રબારીઓને મોટી જગ્યાની જરૂર પડતી હોવાથી તેમનાં ઘર ગામની બહારની તરફ હતાં. અસ્પૃશ્યતાના કારણોસર દલિત કોમનાં ઘર  ગામની બહારની તરફ હતાં. તે વખતે મોટેભાગે જે તે જ્ઞાતિનાં રહેઠાણ એક વિસ્તારમાં જ રહેતાં. જેથી ગામની શેરીઓ પણ વાણિયાશેરી, કણબીશેરી, બ્રાહ્મણવાસ, સુથારવાસ, સોનીશેરી, દરજીવાસ એવાં નામથી ઓળખાતી. તે સમયે લગભગ બધાં ગામડાંઓમાં રહેઠાણની આ મુજબની વ્યવસ્થા હતી.

તે સમયે ગામડાઓમાં ભણતરનું પ્રમાણ ઘણું ઓછું હતું, તેથી નોકરી કરવાવાળો વર્ગ ખાસ હતો નહિ. વળી ગામમાં નોકરી કે રોજગારીની તક પણ ખાસ ન હતી. આખા ગામમાં નોકરિયાત વર્ગમાં ત્રણ-ચાર શિક્ષકો અને તલાટી, ટપાલી વિગેરે મળીને માંડ છ-સાત નોકરિયાત હતા. ગામમાં પ્રાથમિક શાળા, પોસ્ટ ઓફિસ અને ગ્રામપંચાયત કચેરી સિવાય સિવાય અન્ય કોઈ સરકારી કચેરી (ઓફિસ) કે ખાનગી સંસ્થા હતી જ નહિ. આવી પરિસ્થિતિને લીધે તે સમયે કહેવાતું કે ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી.

સમયની સાથે હવે આ પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. ખેતીના ભોગે વેપાર તથા ઉદ્યોગોને વધારે મહત્વ આપવાની સરકારી નીતિઓને લીધે અને આધુનિક ખેતી વધુને વધુ ખર્ચાળ બની રહી હોવાથી નાના ખેડૂતો માટે ખેતી હવે નફાકારક રહી નથી. પેઢી દર પેઢી ખેતીની જમીનોનું વારસાઈ મુજબ વિભાજન થતું હોવાથી ખેડૂતો પાસે જમીનનો જથ્થો ઘટતો જાય છે, જેથી વિદેશોમાં થાય છે તેમ મોટા પાયા ઉપર ખેતી થઇ શકતી નથી. વળી આજની નવી પેઢી ખેતીને મજૂરી ગણે છે અને તેને બદલે ખુરશીમાં બેસીને કરવાની નોકરી (વ્હાઈટ કોલર જોબ)ને પહેલી પસંદગી ગણે છે. તદુપરાંત વેપાર તથા ઉદ્યોગનો વિકાસ વધારે થવાથી જમીનોની કિંમત અનેકગણી વધી ગઈ છે. જેથી નાના ખેડૂતો નવી જમીન ખરીદી શકતા નથી, પરંતુ પોતાની જમીનના સારા ભાવ આવવાથી તેને વેચીને શહેરમાં વેપાર-ધંધા માટે જવા લલચાઈ ગયા છે. આથી હવે ગામડાંની વસ્તી શહેરો તરફ સ્થળાંતર થઇ રહી છે,

કારણકે શહેરોમાં ભણતર અને નોકરીધંધા માટે ઘણી તકો છે. આથી આજના સમયમાં વ્યવસાયની પસંદગીની વ્યાખ્યા પણ બદલાઈને કંઈક આવી થઇ ગઈ છે -ઉત્તમ સરકારી નોકરી, મધ્યમ વેપાર ધંધા અને કનિષ્ઠ ખેતી.

ગામના બજારની વાત કરું તો ગામમાં માંડ દસબાર દુકાનો હશે, જે સંપૂર્ણપણે જૈનોની હતી. તેમાંની મોટાભાગની ચોકની આસપાસ જ હતી. આ બધી દુકાનો કરિયાણાની અને કાપડની દુકાનો જ હતી. આજની પેઢીને કદાચ આશ્ચર્ય થશે, પણ વાસણ, કટલેરી, સ્ટેશનરી, હાર્ડવેર, મીઠાઈ વિગેરે તો ઠીક, પણ હજામત, દરજી, દૂધ-દહીંની દુકાન (ડેરી), ચા-નાસ્તાની હોટલ કે પાનનો ગલ્લો પણ ગામમાં ન હતો. આવી બધી ખરીદી માટે ગામલોકોને નજીકના મોટા ગામ વાવ જવું પડતું. હજામત, સિલાઈકામ, જેવા ધંધા કારીગરો પોતપોતાના ઘરેથી જ કરતા. ચા ની કીટલી પણ ફક્ત બસસ્ટેન્ડ પર એક જ જગ્યાએ હતી. મોટેભાગે રહેઠાણના અમુક ભાગમાં જ ધંધાની જગ્યા રહેતી, જેથી ધંધાની જગ્યા માટે અલગ ખર્ચ કરવો ન પડે અને ધંધાની દેખરેખ પણ સરળ રહે.

ગામના ચોકમાં આવેલું જૈન દેરાસર એ શ્વેતાંબર જૈન સંપ્રદાયનું પ્રાચીન અને જાણીતું તીર્થધામ છે. મળતી માહિતી મુજબ આ તીર્થધામ આશરે એક હજાર વર્ષ જૂનું હોવાનું કહેવાય છે. શ્રી શાન્તિનાથ ભગવાનનું મૂળ દેરાસર સંવત ૨૦૩૪માં એટલે કે સને ૧૯૭૭માં નવનિર્માણ થયેલ છે. જયારે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનના દેરાસરની પ્રતિષ્ઠા સંવત ૨૦૦૨માં એટલે કે સને ૧૯૪૫માં થયેલી છે. સફેદ આરસપહાણમાંથી બનેલા આ સુંદર દેરાસરમાં શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવાન અને શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ ભગવાન તથા ખેતરપાળ શ્રી મણીભદ્ર વીર અને શ્રી રંગાદાદાની પધરામણી કરેલ છે. પ્રાચીન અને મોટું જૈન તીર્થધામ હોવાથી દૂરદૂરથી જૈન દર્શનાથીઓ મોટી સંખ્યામાં દર્શન અને પૂજા કરવા આવે છે. દર વર્ષે પ્રતિષ્ઠા દિવસ વૈશાખ સુદ દશમના રોજ ખુબ ધામધૂમથી ઉત્સવ મનાવાય છે.

દેરાસરના બહારના ભાગમાં દુકાનો બનાવેલી છે, જેના ધાબા ઉપર પક્ષીઓને ચણ નાખવામાં આવે છે. બાળપણમાં અમે જાતભાતનાં પક્ષીઓને ચણતાં જોવા માટે અવારનવાર અહીં આવતા. દેરાસરના ધ્વજદંડ ઉપર ઘણીવાર એક મોર બેસતો હતો. સાંજના સમયે આ મોર બાજુના ઝાડ પરથી મોટી પાંખો ફફડાવતો અને તીણો કેકારવ કરતો આવીને ધ્વજદંડ ઉપર નાનકડી જગ્યામાં ઉતરાણ કરતો ત્યારે જાણેકે વિમાનનું લેન્ડીંગ થતું હોય એવું જોવાલાયક દ્રશ્ય સર્જાતું !

દેરાસરની સામે જૈન ઉપાશ્રયનું બે માળનું મકાન છે, જેનો ઉપયોગ જૈન સાધુ તથા સાધ્વીજી જે 'મહારાજ સાહેબ' ના માનવાચક નામથી ઓળખાય છે, તેમના રહેઠાણ માટે તેમજ ધાર્મિક પૂજા, સામાયિક, પ્રવચન અને ધાર્મિક શિક્ષણ માટે થતો. મારા રહેઠાણથી એકદમ નજીક હોવાથી અને બાળમિત્રોમાં ઘણા જૈન હોવાથી હું અવારનવાર તેમની સાથે દેરાસર તથા ઉપાશ્રયમાં જતો. વાંચનના શોખને લીધે જૈનધર્મનાં પુસ્તકો વાંચતો અને નવકાર મંત્ર પણ કંઠસ્થ કરેલ.

જૈનોનાં ધાર્મિક સ્થળોની હિંદુઓનાં ધાર્મિક સ્થળો સાથે સરખામણી કરીએ તો પ્રથમ દ્રષ્ટિએ જૈનદેરાસરની સ્વચ્છતા અને શાંતિ ઊડીને આંખે વળગે તેવાં હોય છે. હિન્દુ મંદિરોમાં ભક્તો દ્વારા કંકુ, ચોખા, નાળિયેર, ફૂલ, અગરબત્તી, ચૂંદડી, દૂધ, ઘી, તેલ, સિંદુર, જાતજાતના પ્રસાદ વિગેરે અનેક પૂજાદ્રવ્યોનો પ્રમાણભાન વગર ઉપયોગ કરવામાં આવે છે. જે મંદિરના પરિસરને સ્વચ્છ રાખવામાં બાધારૂપ બને છે. આથી ભાવિકો આ પૂજાદ્રવ્યો પુજારીને જ આપે અને ફક્ત પુજારી જ તેનો ઉપયોગ કરી શકે તેવો નિયમ બનાવવામાં આવે તો કદાચ હિન્દુ મંદિરો ચોખ્ખાં રહી શકે. આ નિરીક્ષણ સાથે સહમત હોય તે દરેક જણે પોતાનાથી જ શરૂઆત કરવી જોઈએ કે પોતે મંદિરને પૂજાદ્રવ્યોથી અસ્વચ્છ નહીં બનાવે.

તદ્દુપરાંત હિંદુ મંદિરોમાં (અને અન્ય ધર્મનાં સ્થાનકોમાં પણ) લાઉડસ્પીકરનો બેફામ ઉપયોગ અવાજનું પ્રદૂષણ (નોઈઝ પોલ્યુશન) પેદા કરે છે, જેથી મંદિરમાં આવીને માનસિક શાંતિનો જે અનુભવ થવો જોઈએ તે થતો નથી. આ બાબતમાં પણ આપણે ગંભીરતાથી વિચારવાનો સમય હવે પાકી ગયો છે.

ઉપાશ્રયની બહારના ભાગમાં એક મોટો ઓટલો બનાવેલ છે, જેનો ઉપયોગ ગામના ચોતરા તરીકે થતો. સાંજના સમયે ગામના લોકો અહીં એકઠા થતા અને અલકમલકની વાતો તથા ગામગપાટા કરતા.

ચોક ગામની વચ્ચોવચ હતો, તેથી ગામના સામૂહિક ઉત્સવ તથા મનોરંજનના બધા કાર્યક્રમો અહીં ઉજવાતા. અહીં નોરતાં (નવરાત્રી), ગોકુળઆઠમ (જન્માષ્ટમી), દિવાસો, અખાત્રીજ જેવા તહેવારોમાં ઢોલના તાલ ઉપર ગરબાની રમઝટ જામે. રાત્રિના સમયે કોઈવાર રામાયણ કે મહાભારતના પ્રસંગો અને પૃથ્વીરાજ ચૌહાણ કે જસમા ઓડણ જેવાની વાત લઈને નાટક ભજવતા રાવળીયા આવે તો કોઈવાર ભૂંગળ સાથે રંગલાને લાવીને ભવાઈયા ધૂમ મચાવે. કોઈવાર પ્રાચીન અને અર્વાચીન નાટકો ભજવતી નાટકમંડળી ગામના લોકોનું મનોરંજન કરે

તો કોઈવાર સરકારના માહિતીખાતાની જીપ પ્રોજેક્ટર તથા જનરેટર લઈને આવે અને કોઈ નાનીસરખી ફિલ્મ બતાવે. તે જ રીતે દિવસના ભાગમાં ક્યારેક નટ અને મલ્લ જાતભાતના અંગકસરતના ખેલ રજૂ કરે તો ક્યારેક બજાણીયા દોરડા પર ચાલવાના અદભૂત ખેલ કરે. સાપ અને નોળીયો લઈને, મોરલી વગાડતો વાદી પણ આવે તો માંકડું અને રીંછ લઈને, ડુગડુગી વગાડતો મદારી પણ આવે. કોઈવાર જુદાજુદા વેશ પહેરીને મનોરંજન કરતો બહુરૂપી આવે તો કોઈવાર હાથી લઈને ફાળો ઉઘરાવતા સાધુઓ આવે. વળી ક્યારેક પિત્તળનાં વાસણને કલાઈ કરનારો આવે તો કયારેક રંગબેરંગી રમકડાં અને ઘરવપરાશની વસ્તુઓ વેચતો ફેરિયો પણ આવે.

આવો કોઈપણ ખેલ કે ઉત્સવ હોય અથવા હરખનો, શોકનો કે ઝઘડાનો કોઈપણ બનાવ બને, ગામના લોકો તરતજ ભેગા થઈ જતા અને જે તે પ્રસંગની મજા લેતા અથવા બીજાના દુઃખમાં સહભાગી થતા. તેનું મુખ્ય કારણ એ હતું કે તે વખતે લોકો પાસે પૈસા નહોતા, પણ સમય ઘણો હતો. જયારે આજના જમાનામાં પૈસો બધા પાસે ઘણો આવી ગયો છે, પણ સમય કોઈની પાસે નથી. એટલે સુધી કે મોટાં થઈ ગયા પછી સંતાનોને પોતાનાં માબાપ માટે પણ  સમય નથી !

અમારું રહેઠાણ ચોકની એકબાજુ આવેલ નિશાળની પાછળ ક્વાર્ટરમાં જ હતું, જેથી ચોકમાં ઉજવાતા દરેક પ્રસંગમાં સહભાગી થવાનું ઘેરબેઠાં જ થઈ જતું. હાલની પરિસ્થિતિ મુજબ તો ગામના બધા પ્રસંગો જો પોતાના ઘર પાસે જ ઉજવાય તો એવી જગ્યાએ રહેવાનું પણ ત્રાસદાયક થઈ પડે. પરંતુ તે જમાનામાં સામાજીક કે ધાર્મિક પ્રસંગો ઉજવવામાં અત્યારે જે રીતે લાઉડસ્પીકર, મ્યુઝીક સીસ્ટમ, બેન્ડવાજા, ફટાકડા વિગેરેના કાનના પડદા ફાડતા ઘોંઘાટીયા અવાજ, ટ્રાફિક વ્યવસ્થા ખોરવી દેતી ભીડ, ગુલાલ, કંકુ, ફૂલો અને ફટાકડાનો કચરો તથા સમયમર્યાદાના પાલનની વિવેકચૂક થાય છે તે નહોતી થતી. તે સમયે ગામમાં વીજળી હજુ આવી નહોતી અને પેટ્રોલ કે ડીઝલથી ચાલતાં કોઈ વાહન ગામમાં નહોતાં. જેથી આંખો આંજી દેતી ફોકસલાઈટો નહોતી કે બરાડતાં લાઉડસ્પીકર નહોતાં, વાહનોની ભીડ નહોતી કે પેટ્રોલના ધુમાડાનું પ્રદૂષણ નહોતું. વળી મોડી રાતે કે વહેલી સવારે પ્રસંગોની ઉજવણી થતી નહીં. જેથી અત્યારની જેમ પ્રસંગોની ઉજવણી વખતે અન્ય લોકોને કોઈ તકલીફનો ભોગ બનવું ન પડતું.

આ સંદર્ભમાં જાણીતા હાસ્યલેખક શાહબુદ્દીન રાઠોડ રજૂ કરે છે તે વાત યાદ આવે છે. વિઠ્ઠલે પૂછ્યું કે મારે સમાજસેવા કરવી છે તો શું કરું. તેને જવાબ મળ્યો : ''કોઈને નડતો નહિ.'' આમ કેટલાક લોકો સમાજને ઉપયોગી કોઈ કામ ન કરે તો

કઈ વાંધો નહિ, પરંતુ સમાજના સારા કામનો વિરોધ ના કરે તે જ મોટી વાત છે. આ જ રીતે લોકો પોતાનો પ્રસંગ ઉજવવામાં બીજા લોકોને કોઈપણ રીતે નડતરરૂપ ના બને તો તે પણ મોટી સમાજસેવા કરી ગણાય.

## પંચામૃત

તમે કોઈપણ ઘરડાઘરમાં જઈને ત્યાંના વડીલોને પૂછશો કે તમારાં સંતાન શું કરે છે, તો જવાબ મળશે કે ડોક્ટર, વકીલ, અધિકારી, શિક્ષક કે વેપારી છે, પરંતુ ક્યારેય એવું સાંભળવા નહીં મળે કે તેમનાં સંતાન અભણ ખેડૂત છે. તમે માનો કે ન માનો, પણ એ સત્ય છે કે અભણ ખેડૂતનાં માબાપને ક્યારેય ઘરડાઘરમાં જવાનો સમય નથી આવતો.

# ૨. બાપા અને બા

**મારા** જીવન ઘડતરમાં સૌથી મોટો પ્રભાવ પડ્યો હોય તો તે મારા બાપા અને બાનો હતો. મારા બાપા, ચીમનલાલ ત્રિવેદી, સરળ સ્વભાવના આનંદી માણસ અને આજન્મ શિક્ષક. ઊંચું ભરાવદાર શરીર, ગોળ મોઢું, મોટી પ્રેમાળ આંખો, માથે ચમકતી ટાલ, દૂધ જેવા સફેદ ઝભ્ભા ઉપર કાળી બંડી પહેરે, તેવુંજ સફેદ ધોતિયું અને પગમાં ચામડાની સાદી મોજડી. દેખાવ પરથીજ પ્રભાવશાળી વડીલ તરીકે માન આપવાનું મન થાય તેવું વ્યક્તિત્વ. ઓછાબોલો સ્વભાવ પણ મનપસંદ વિષય પર વાત કરવાની તક મળે તો કલાકો સુધી અસ્ખલિત બોલી શકે.

તે જમાનામાં ચુસ્ત કહેવાય એવા બ્રાહ્મણ પરિવારમાં જન્મ એટલે બાપા પણ ધાર્મિક ભાવનાવાળા હતા, પરંતુ તેઓ કર્મકાંડમાં ખાસ શ્રદ્ધા રાખતા નહિ. તેઓ દરરોજ ગીતાપાઠ અને માળા કરતા, પણ સેવાપૂજા અને ટીલાંટપકાંમાં માનતા નહિ. ચાલવા નીકળે તો મંદિરે જાય, પરંતુ દરરોજ મંદિરે જવું જ જોઈએ તેવું માને નહિ. ખરેખર તો તેઓ વાસ્તવવાદી હતા. તેઓ એટલા ફરજપરસ્ત હતાં કે તેમને આદર્શ બ્રાહ્મણને બદલે આદર્શ શિક્ષક થવું વધારે પસંદ હતું. ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે : "યોગ�ઃ કર્મસુ કૌશલમ્" અર્થાત્ પોતાનું કર્મ કુશળતાપૂર્વક કરવું તેનું નામ યોગ. ગીતાનો આ ઉપદેશ તેમણે બરાબર પચાવ્યો હતો. તેમણે શિક્ષક તરીકેના ધર્મનું ચોકસાઈપૂર્વક અને ચીવટપૂર્વક પાલન કરવા બ્રાહ્મણધર્મના પાલનમાં થોડીઘણી બાંધછોડ કરી હતી.

શિક્ષક તરીકે તેઓ પ્રેમાળ પણ કડક શિસ્તપાલનના આગ્રહી. સમયપાલનના એવા પાબંદ કે રહેઠાણ અને નિશાળ જોડે જ હતાં, પણ દરરોજ સમય પહેલાં જ નિશાળમાં હાજર થઈ જાય અને સાંજે સમય પૂરો થયા પછી જ ઘેર જાય. બાજુમાં જ ઘર હોવા છતાં નિશાળના સમય દરમ્યાન ક્યારેય જમવા માટે કે ચા પીવા માટે પણ ઘેર ન જાય.

વિદ્યાર્થીઓને ભણાવવાની તેમની પદ્ધતિ સરળ અને જલ્દી સમજણ પડે તેવી હતી. તે સમયમાં ગણિતનો વિષય ખૂબ અગત્યનો પરંતુ ઘણો અઘરો વિષય ગણાતો. શાળામાં કોઈપણ ઇન્સ્પેકશન આવે તો વિદ્યાર્થીઓને ગણિતના જ સવાલ પૂછાતા

અને ગણિતના વિષયની આવડત મુજબ જ વિદ્યાર્થીની હોશિયારી નક્કી થતી. તેથી ગણિતનો વિષય સારી રીતે ભણાવી શકે તેવા શિક્ષકને ઘણું માન મળતું. બાપા ગણિતના વિષયના ઊંડા જાણકાર હતા. ઉપરાંત ગણિત જેવો અઘરો વિષય દાખલા (ઉદાહરણ) આપીને એવી રીતે સમજાવતા કે વિદ્યાર્થીઓને તરત જ ગળે ઉતરી જતું. આજ રીતે બીજા બધા વિષય પણ તલ્લીનતાથી અને ઓતપ્રોત થઈને ભણાવતા. તેમની પાસે ભણવામાં વિદ્યાર્થીઓને એટલી મજા પડતી કે વિદ્યાર્થીઓ તેમના પિરીયડની રાહ જોતા. તેમની ભણાવવાની પદ્ધતિ તેમના ઘણા વિદ્યાર્થીઓ આજે પણ યાદ કરે છે.

ભણાવવા ઉપરાંત ચિત્રકામ, કાગળકામ, પૂઠાકામ, ગીત-સંગીત, નાટક, રમતગમત, કસરત જેવી દરેક ઈતર પ્રવૃત્તિમાં પણ તેમની કુશળતા હતી અને વિદ્યાર્થીઓ આ બધી કળાઓમાં રસ લે અને નિપૂર્ણ થાય તેવા પ્રયત્ન તેઓ કરતા.

વિદ્યાર્થીઓ અને ગામલોકોમાં બાપાની લોકપ્રિયતાનું બીજું એક કારણ હતું તેમની વાર્તાઓ કહેવાની આવડત. તે જમાનામાં મનોરંજનના એક સાધન તરીકે સારી રીતે વાર્તાઓ રજૂ કરી શકે તેવી વ્યક્તિઓનું ઘણું મહત્ત્વ હતું. બાપા પૌરાણિક તથા ઐતિહાસિક કથાઓના અભ્યાસુ હતા અને લોકોને રસ પડે તેવી શૈલીમાં વાર્તાઓ કહેવામાં નિપૂર્ણ હતા. બાપા જયારે મહાભારત તથા રામાયણના પ્રસંગો કે પૃથ્વીરાજ ચૌહાણ, મહારાણા પ્રતાપ કે શિવાજી મહારાજની વાર્તાઓ કહેવાની શરુ કરે ત્યારે માત્ર વિદ્યાર્થીઓ જ નહીં પરંતુ બીજા શિક્ષકો અને ગામલોકો પણ એકઠા થઈ જતા અને કલાકો સુધી રસથી વાર્તા સાંભળતા.

પુસ્તકવાંચનનો બાપાને ઘણો શોખ અને વિદ્યાર્થીઓ વધુ ને વધુ પુસ્તકો વાંચે તેવો તેમનો આગ્રહ. તેમણે જે જે શાળાઓમાં કામ કર્યું, ત્યાં બધેજ વ્યવસ્થિત પુસ્તકાલયની સ્થાપના કરી. પુસ્તકો માટે સરકારી બજેટ તો બહુ ઓછું મળતું, તેથી ફંડ ઉભું કરવા વિદ્યાર્થીઓ દ્વારા ગામમાં નાટકનું આયોજન કરી, બધા ગામલોકોને એકઠા કરતા અને જાતે લોકોને સમજાવી ગામફાળો એકત્ર કરી તેમાંથી પુસ્તકો મંગાવતા. આ પુસ્તકાલયની સગવડ વિદ્યાર્થીઓ ઉપરાંત ગામલોકો માટે પણ નિઃશુલ્ક ઉપલબ્ધ રહેતી, જેથી ગામલોકો પણ તેનો ઘણો લાભ લેતા.

તે જમાનામાં ખેતીના વ્યવસાયમાં જોડાયેલાં પરિવારોને બાળકોને ભણાવવાની જરૂર લાગતી નહિ, તેથી બાળકોમાં ભણતરનું પ્રમાણ ઘણું ઓછું હતું. આથી બાપા ગામના દરેક વાલીને મળીને તેમના બાળકને ભણવા મોકલવા સમજાવતા. તેમના પ્રયત્નોથી ભણી શકેલા ઘણા લોકો બાપાને યાદ કરતા મેં જોયા છે. નિઃસ્વાર્થભાવે કરેલા તેમના પ્રયત્નોથી ગામલોકોમાં તેમના માટે ઘણું માન અને આદર હતાં. તેઓ

લોકપ્રિય શિક્ષક હતા અને ગામમાંથી તેમની બદલી ન થાય તે માટે ગામલોકો અધિકારીઓ સમક્ષ રજૂઆત કરતા. બધા ગામલોકો તેમને 'સાહેબ' કહેતા, એમાં સાહેબ તેમનું ઉપનામ બની ગયું હતું. આજે પણ માડકા ગામમાંથી કોઈ મળે તો બાપાનું નામ લીધા સિવાય 'સાહેબ' ના રેફરન્સથી જ વાત કરે છે.

બાપાના શિક્ષક તરીકેના જ્ઞાન અને અનુભવનો મને ઘણો લાભ મળ્યો. ૭મા ધોરણ સુધી તેમની પાસેજ ભણવાનું થયું. આથી વારસામાં મળેલ ગુણ ઉપરાંત મારું ગણિત પાકું થયું, ભણવામાં, ચિત્રકામ અને પૂઠાકામ જેવી કળાઓમાં અને ઈતરવાંચનમાં રૂચી વધી, જેથી ભવિષ્યની પરિક્ષાઓમાં ઉચ્ચ કક્ષાઓ મેળવવાનો પાયો તૈયાર થયો. એક આડવાત. હું ભણવામાં હોશિયાર હોવાથી બાપાનો ફેવરીટ વિદ્યાર્થી હતો. છતાં એકવાર મેં લેશન (હોમવર્ક) નહોતું કર્યું, ત્યારે બીજા વિદ્યાર્થીઓ સાથે મને પણ બાપાએ વર્ગમાં ઉભા રહેવાની સજા કરેલી. બાપ-બેટાનો સંબંધ તે વર્ગમાં ના ચલાવતા. આંખોમાંથી ટપકતાં આંસુ સાથે ઉભા રહીને લેશન પૂરું કર્યું ત્યારેજ સજા પુરી થઈ. પછી તો હું એટલો સતર્ક થયો કે બીજીવાર સજા મળે તેવી ભૂલ ફરી ક્યારેય ના કરી.

એકવાર ગામમાં નાટકમંડળી આવેલી. તે સમયે નાટક ચાલતું હોય તે જ વખતે નાટકનાં અમુક પાત્રો પ્રેક્ષકો વચ્ચે આવીને પ્રતિષ્ઠિત માણસો પાસેથી ફાળો ઉઘરાવે. જેવો તે વ્યક્તિ ફાળો જાહેર કરે કે તરતજ આ પાત્રો મોટેથી જાહેરાત કરે કે ''ફલાણા ભાઈ અમુક રૂપીયાનો ફાળો આપે છે.'' એટલે ચાલુ નાટક અટકાવી મંડળીના બધા સભ્યો જે તે વ્યક્તિનો જયજયકાર બોલાવે. આમ ફાળો લખાવનારની જાહેરમાં વાહવાહ થાય. એકવાર બાપાએ ફાળો લખાવ્યો, પણ નામ આપ્યું 'રામ ભરોસે'. તેથી તેમના નામની જાહેરાત ન થઈ. મારા બાલમિત્રો પોતપોતાના વાલીઓના નામની જાહેરાતથી પોરસાતા હતા. તેથી મારી તે વખતની બાળકબુદ્ધિ મુજબ ફાળો આપવા છતાં બાપાના નામની જાહેરાત ન થઈ તે મને પસંદ ન પડ્યું. બીજા દિવસે મેં નારાજગી વ્યક્ત કરી ત્યારે બાપાએ મને ગુપ્તદાનનું મહત્વ સમજાવ્યું કે આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે તે મુજબ જમણા હાથેથી દાન કરીએ તો ડાબા હાથને પણ ખબર ન પડે તેમ દાન કરવું જોઈએ.

તે વખતે તો મને આ વિચારસરણીમાં ખાસ સમજણ પડી ન હતી, પરંતુ જ્ઞાન અને અનુભવ મેળવ્યા પછી મને સમજાયું કે કોઈ પણ સારું કાર્ય સમાજમાં દેખાડો કર્યા સિવાય કરીએ તો જ તેનું સાચું મહત્વ છે. દાન કરવાથી પુણ્ય મળે છે, તેમ દરેક શાસ્ત્ર કહે છે. પરંતુ દાનની જાહેરાત કરીને યશ મેળવીએ તો દાનનો બદલો યશની પ્રાપ્તિ મારફત ત્યાં જ ચૂકવાઈ જાય છે અને ભગવાનને ચોપડે કશું પુણ્ય જમા

રહેતું નથી. અર્થાત્ દાનની રકમની આરસપહાણની તકતીમાં જાહેરાત કરવામાં આવે તો ભગવાનને ચોપડે એવી નોંધ થાય કે એટલી રકમમાંથી આરસપહાણની તકતી ખરીદવામાં આવી છે. આમ આ એક વ્યાવહારિક વેપારી સોદો કહેવાય, દાન ના કહેવાય. બાપાની આ શીખ અનુસરવાનો મેં જયારે પણ પ્રયાસ કર્યો, ત્યારે ખ્યાલ આવ્યો કે આ ઘણું મુશ્કેલ કાર્ય છે. તમે માનતા ન હો તો પ્રયત્ન કરી જોજો. કદાચ આ વિચારસરણી ગીતાના યાદગાર સંદેશ ''કર્મણ્યે વાધિકારસ્તે, મા ફલેષુ કદાચન -કર્મ કરો, પણ ફળની આશા ન રાખો'' પર આધારિત હશે - ''દાન કે પુણ્ય કરો પણ યશની આશા ન રાખો.''

થોડું વધુ વિચારતાં આ વિચારસરણી એવા લોકોને પણ લાગુ પડે છે, જેઓને પોતે કરેલું નાનું એવું સદ્કાર્ય પણ વારંવાર ગણાવવાની ટેવ હોય છે. સામાજીક સંબંધો જાળવવા લોકોને પોતાનાં સગાસંબંધીઓ, મિત્રો, પડોશીઓ અથવા સમાજ માટે કોઈવાર ઘસાવું પડે છે. આવા સંજોગોમાં સામાન્ય માણસો પોતે બીજા માટે કેટલો ભોગ આપ્યો છે તે વહેલામાં વહેલી તકે અને વધુમાં વધુ વ્યક્તિઓને જાહેર કરતા રહે છે, જયારે ઉત્તમ માણસો કયારેય પોતાનાં સદ્કાર્યોની જાહેરાત કરતા નથી.

હવે મૂળ વાત પર આવીએ. બાપા પોતાના દૂરંદેશીપણાથી બદલાતા સમય સાથે ઊચ્ચ ભણતરનું મહત્વ વધશે તે સમજી ચૂક્યા હતા. તેથી અમે ત્રણે ભાઈબહેનને ઉત્તમ પ્રકારનું ઉચ્ચ શિક્ષણ મળે તેવા પ્રયત્ન તેમણે કર્યા. મને પ્રાથમિક શિક્ષણ પૂરું થયા પછી નજીકની વાવ હાઈસ્કૂલમાં ભણવા માટે મોકલ્યો. પરંતુ ત્યાંનું શિક્ષણનું સ્તર બરાબર ન લાગતાં તેમણે અમે બંને ભાઈઓને અમારા ગામથી ૧૦૦ કીમી દૂર આવેલા પાલનપુર (બનાસકાંઠા જીલ્લાનું મુખ્ય મથક) ખાતે ભણવા મોકલ્યા. અમે ઘરથી દૂર અને હોસ્ટેલના વાતાવરણમાં રહીને સારી રીતે ભણી શકીશું એવી ખાત્રી થયા પછી બીજા વર્ષે તેમણે અમને ૨૫૦ કીમી દુર આવેલા અમદાવાદ શહેરમાં મોકલ્યા. અમદાવાદમાં ગુજરાતની શ્રેષ્ઠ એજ્યુકેશન સગવડ હતી, પરંતુ તે જમાનામાં આર્થિક કારણોસર અમારા વાવ તાલુકામાંથી હાઈસ્કૂલથી આગળ કોલેજ કરવા બહુ જ ઓછા વિદ્યાર્થી જતા અને તેમાંય અમદાવાદ સુધી તો ભાગ્યે કોઈ જતું. પરંતુ બાપાએ અમને બંને ભાઈઓને પોસ્ટગ્રેજ્યુએશન સુધી ભણાવ્યા. તે વખતના શિક્ષકના ટૂંકા પગારમાંથી એકસાથે બે સંતાનોનો અમદાવાદ જેવા દૂરના અને ખર્ચાળ શહેરમાં કોલેજના ઉચ્ચ શિક્ષણનો ખર્ચ કાઢવો એ ઘણું મુશ્કેલ કાર્ય હતું. પરંતુ તેમણે હસતાં હસતાં આ કાર્ય પૂરું કર્યું. તેમના સ્વભાવ અને સિદ્ધાન્ત મુજબ તેમણે જિન્દગીપર્યંત અમને કયારેય કહ્યું પણ નથી કે અમને બંને ભાઈઓને ભણાવવામાં તેમણે કેટલી તકલીફ ભોગવી, કેટલી સુખસગવડોનો ત્યાગ કર્યો અને

કેટલી જીવનજરૂરી ચીજોનો પણ અભાવ વેઠ્યો. આજે અમે બંને ભાઈ ભણીગણીને જિંદગીમાં પોતપોતાની રીતે ઘણાં સફળ અને સુખી થયા છીએ, તે બાપાનાં દૂરંદેશી, સ્નેહ, ત્યાગ અને આશીર્વાદથી જ છીએ અને તેમનો ઋણસ્વીકાર કરીએ છીએ.

બાપાની આદર્શ શિક્ષકની ભૂમિકામાં અને અમારા સુંદર ઉછેરમાં મારાં બાનો ફાળો ઘણો મોટો હતો. મારાં બા, સરસ્વતીબેન કર્મશીલ ગૃહિણી, ક્રિયાશીલ શિક્ષકપત્ની અને પ્રેમાળ માતા હતાં. તે જમાનામાં કન્યા કેળવણી નહિવત હતી. તેથી તેમણે પણ અક્ષરજ્ઞાન મેળવેલું નહિ. પરંતુ શિક્ષકપત્ની તરીકે 'અભણ'ની છાપ તેમને મંજુર ન હતી. તેથી લગ્ન પછી તેમણે બાપા પાસે ભણવાનું શરુ કર્યું અને તેમાં સારી હથોટી પણ મેળવી. તે પછી તો ગામની સ્ત્રીઓને ભાગવતના પાઠ કે ઓખાહરણની વાર્તા કડકડાટ વાંચી સંભળાવી તેનો વિસ્તાર અને અર્થ સમજાવતાં તેમને જૂઓ તો તમે કલ્પી પણ ના શકો કે તેમણે ભણવા માટે સ્કૂલમાં પગ પણ મુક્યો ન હતો.

બા ઘરનું બધું કામ જાતેજ કરતાં અને તે પણ ભારે ચીવટ અને ચોકસાઈથી. આજની ગૃહિણી રસોઈગેસ, ફ્રીજ, મિક્ષર અને માઈક્રોવેવ ઓવન જેવાં આધુનિક ઉપકરણો અને ચોવીસ કલાક નળમાં વહેતા પાણીની સગવડ હોવા ઉપરાંત મોટા ભાગનું ઘરકામ ઘરઘાટી કે કામવાળી બાઈ પાસે કરાવે છે છતાં બાકીનું કામ કરવામાં પણ થાકી જાય છે. તેમને કદાચ કલ્પના પણ નહીં આવે કે તે વખતે ગૃહિણીઓને કેટલું બધું ઘરકામ કરવું પડતું અને તે પણ ભારે શારીરિક શ્રમ સાથે. સવારે વહેલા ઉઠીને પથ્થરની ઘંટી પર અનાજ દળવા બેસવાનું, તે પછી બેડું લઈને ગામના કૂવે પાણી ભરવા જવાનું અને ત્યાં કૂવામાંથી ડોલથી પાણી સીંચીને કાઢવાનું. આખા કુટુંબ માટે પીવાનું અને વાપરવાનું બધું પાણી માથા પર ઉપાડીને જ લાવવું પડતું. આથી આવા ત્રણચાર ફેરા તો કરવા જ પડે. ઘેર આવીને ઘરની સાફસફાઈ કર્યા પછી ચૂલામાં લાકડાં અને છાણાં વડે ચા બનાવવાની અને નાહવા માટે પાણી ગરમ કરવાનું. ઘરના બધા સભ્યોને નાહવાનું પતી જાય એટલે બધાનાં કપડાં ધોવાનાં. તે પછી રસોઈ કરી બધાંને જમાડવાના અને પછી વાસણ તથા રસોડાની સફાઈ કરે ત્યારે નોનસ્ટોપ કામ કર્યા છતાંય બપોરના બે તો વાગી જ ગયા હોય.

બપોર પછીના સમયમાં વધારાનું કામ શરુ થાય જેમકે અનાજની સાફસફાઈ કરવાની, કારણકે તે વખતે આજની જેમ વિણાટ અનાજ નહોતું મળતું. ઉપરાંત કોઈવાર વડી કે પાપડ બનાવવાના હોય કે કોઈવાર બટાકાની કાતરી કે બીજી સુકવણી બનાવવાની હોય, કેમકે તે પણ આજની જેમ તૈયાર નહોતાં મળતાં. કોઈવાર ફાટેલાં કપડાં સાંધવાનાં હોય કે કોઈ દિવસ જૂનાં કપડાંમાંથી ગોદડાં બનાવવાનાં હોય.

કોઈવાર મગ ભરડીને મગની દાળ બનાવવાની હોય તો કોઈવાર ચાનો મસાલો લોખંડના ખાંડણીયામાં ખાંડીને (મીક્ષરમાં નહિ) તૈયાર કરવાનો હોય. બપોરનું કામ પૂરું થાય ત્યાં સાંજની રસોઈ બનાવવાનો સમય થઇ જાય. સાંજે રસોઈ બનાવી, બધાને જમાડી, વાસણ તથા રસોડાની સફાઈ કરવાની. તે પછી ફાનસની સફાઈ કરી કેરોસીન પૂરી ફાનસ પ્રગટાવી અજવાળું કરવાનું. છેલ્લે ખાટલા ઢાળીને બધાની પથારીઓ પાથરીને તૈયાર કરે, ત્યારે બાનો દિવસ પૂરો થાય. આટઆટલું કામ છતાં ગમે તેવી પરિસ્થિતિમાં પણ સવારે દસ વાગ્યાના ટકોરે બાપાનું ભાણું તૈયાર હોય. ક્યારે પણ જમવામાં મોડું થવાથી બાપાને કે અમારે સ્કુલે જવામાં મોડું થયું નહોતું.

તે જમાનામાં વીજળી હતી નહીં, જેથી ફ્રીજ નહોતાં કે બરફ મળતો નહીં. આથી ઉનાળામાં પીવાનું પાણી ઠંડુ રાખવામાં ઘણી મુશ્કેલી હતી. બાને પાણી ઠંડુ રાખવાની ઘણી ચીવટ. કુંભારને ત્યાં જઈને જાતે પસંદ કરીને મહા મહિનામાં બનેલાં મોટાં મોટાં માટલાં લઇ આવે અને તેના પર કંતાનનું કપડું બાંધી તેને સતત ભીનાં રાખે. દર કલાકે માટલામાં પાણી અંભોરે (ઉમેરે). માટલા ઉપર પવનની ઘણી અવરજવર થાય પરંતુ સીધો તડકો ન આવે તેનું બા સતત ધ્યાન રાખે અને માટલાની જગ્યા બદલે રાખે. ઉનાળામાં કોઈને ઘેર ન હોય તેવું ઠંડુ પાણી બા બધાને પાય. લોકો યાદ કરીનેય ઠંડુ પાણી પીવા અમારે ઘેર આવતા. ઘણા લોકો બા ને પૂછતા પણ ખરા કે અમે પણ નવાં માટલાં લાવીએ છીએ પણ તમારા ઘર જેવું ઠંડુ પાણી થતું નથી. ત્યારે બા સમજાવતાં કે નવાં માટલાં વસાવવા સાથે તેનો યોગ્ય ઉપયોગ અને કાળજી લેવી પણ એટલીજ જરૂરી છે.

માણસ પાસે સાધનસામગ્રી ઘણી હોય પણ તેના યોગ્ય ઉપયોગની જાણકારી કે કાળજી ન હોય, તો તે વસ્તુઓ તેની ક્ષમતા મુજબ પરિણામ ન આપે. તે વખતે છાપામાં એક કિસ્સો વાંચ્યો હતો. નાના ગામડાના એક અભણ રાજકારણી નસીબને જોરે ધારાસભ્ય બની ગાંધીનગર પહોંચી ગયા, જ્યાં તેમને ફર્નિચર સાથેનું સરકારી મકાન રહેવા મળ્યું. એકવાર તેમના પત્ની બાજુમાં અન્ય ધારાસભ્યને ઘેર મળવા ગયાં, ત્યારે ઠંડુ પાણી જોઇને પૂછ્યું કે તમારે પાણી આટલું ઠંડુ કઈ રીતે થાય છે. પાડોશણ બહેને જવાબ આપ્યોકે અમને ફર્નિચર સાથે ફ્રીજ મળેલું છે જેમાં પાણી ઠંડુ થાય છે. પત્નીએ ધારાસભ્યને આ વાત કરી એટલે ધારાસભ્યે જે તે અધિકારીને ફરિયાદ કરી કે અમને ફ્રીજ મળ્યું નથી. તે અધિકારીએ ઘણું સમજાવ્યું કે તેણે જાતે ફ્રીજ ધારાસભ્યના ઘરમાં મૂકાવ્યું છે. પણ ધારાસભ્ય માન્યા નહિ. આથી તે અધિકારીએ રૂબરૂ જઈને બતાવ્યું કે આ રહ્યું ફ્રીજ! ત્યારે ધારાસભ્ય બોલ્યા : એમ ! તમારે કહેવું જોઈએને કે આ ફ્રીજ છે ! અમે તો તેને કબાટ સમજીને તેમાં કપડાં મૂક્યાં છે.

બા પાસે કહેવતોનો મોટો ખજાનો હતો. રોજબરોજની વાતોમાં લોકભોગ્ય કહેવતોનો અવારનવાર ઉપયોગ કરવો એ બાની ખાસિયત. તેને લીધે તેઓ ઓછા શબ્દોમાં પણ પોતાની વાત સામાવાળાને આસાનીથી સમજાવી શકતાં. અફસોસ એ વાતનો કે બાનો આ કહેવતોનો ખજાનો અમે લેખિત સ્વરૂપે જાળવી રાખ્યો નહિ.

બા ધાર્મિક સ્વભાવવાળાં હોવાથી મંદિરે અને ભજનમંડળીમાં નિયમિત જતાં. આથી તેમને અસંખ્ય ભજનો કંઠસ્થ હતાં. બે ત્રણ કલાક સુધી સતત ગાયા કરે તો પણ તેમનાં ભજનો ખૂટે નહિ અને બા પણ ગાવામાં થાકે નહિ. મીઠી હલકથી ભજનો ગાતાં બાને સાંભળવાં તે એક લ્હાવો હતો. અમે મોટા થયા પછી પણ રાત્રે કુટુંબના બધા સભ્યો સાથે મળીને પરશ (અલકમલકની વાતો) કરતા હોઈએ, ત્યારે બાને ભજનો ગાવાની ફરમાઈશ ઘણીવાર કરતા. આમેય વીજળી નહોતી ત્યારે ગામડામાં ભજનો ગાવાં અને સાંભળવાં એ મનોરંજનનું એક મોટું સાધન હતું. બાનાં ઘણાં ભજનો અમે રેકોર્ડ કરીને સાચવી રાખ્યાં છે અને અવારનવાર આ ભજનો સાંભળીને બા ની યાદ તાજી કરી લઈએ છીએ.

બાનો કરકસરનો ગુણ ખરેખર નોંધ લેવા લાયક હતો. વસ્તુ મોંઘી હોય કે સસ્તી, પણ તેનો પૂરો ઉપયોગ કરવો, બિનજરૂરી ખરીદી કરવી નહીં અને બગાડ તો કોઈપણ વસ્તુનો થવો ન જ જોઈએ એવી તેમની દૃઢ માન્યતા. સામાન્ય રીતે કરકસરવાળા સ્વભાવની વ્યક્તિને લોકો કંજૂસ છે તેમ ગણી લે છે, પરંતુ  કરકસર અને કંજૂસાઈ બંનેમાં ઘણો તફાવત છે. મારી દ્રષ્ટિએ જરૂરી વસ્તુની પણ ખરીદી કે ઉપયોગ ન કરે તેને કંજૂસ કહેવાય; બિનજરૂરી વસ્તુની ખરીદી કરે, દરેક વસ્તુનો પૂરો ઉપયોગ ન કરે કે બગાડ કરે તેને ઉડાઉ કહેવાય; અને ફક્ત જરૂરી વસ્તુની જ ખરીદી કરી તેનો પૂરેપૂરો ઉપયોગ (ઓપ્ટીમમ યુટિલાઈઝેસન) કરે તથા સાથેસાથે મફતમાં મળતી વસ્તુનો પણ ફક્ત ખપ પૂરતો જ ઉપયોગ કરે તેને કરકસરવાળી વ્યક્તિ કહેવાય. સામાન્ય ઉદાહરણ આપું તો ટૂથપેસ્ટ ખલાસ થઇ જાય, પણ નવી પેસ્ટ ન કાઢીને બે ચાર દિવસ પેસ્ટ વગર ચલાવી લે તેને કંજૂસ કહેવાય, ટૂથપેસ્ટ બે ચાર દિવસ ચાલે એટલી બાકી હોય, તેને ફેંકી દઈ નવી પેસ્ટ કાઢે તેને ઉડાઉ કહેવાય અને ટૂથપેસ્ટ બરાબર દબાવીને છેલ્લા ટીપા સુધી તેનો ઉપયોગ કરે તેને કરકસરવાળી વ્યક્તિ કહેવાય.

બા મફતમાં મળતી વસ્તુનો પણ બગાડ સહન કરી ન શકતા. જયારે માથા પર ઊંચકીને પાણી લાવવું પડતું, ત્યારે પાણીનો કરકસરભર્યો ઉપયોગ કર્યો તેને કદાચ જરૂરિયાત ગણીએ. પણ જયારે નળમાં છૂટથી પાણી મળતું થયું, ત્યારે પણ તેમણે પાણીનો ઉપયોગ તેવી જ કરકસરથી કર્યો. તેઓ અવારનવાર કહેતાં  ‘‘પાણી અને

વાણી સાચવીને વાપરવાં જોઈએ.” આ સંદર્ભમાં મહાત્મા ગાંધીજીના જીવનનો એક પ્રસંગ યાદ આવે છે. બાપુ એક વખત નદી કિનારે બેસીને ન્હાવા-ધોવાનું કરતા હતા, ત્યારે પાણીનો માફકસરનો ઉપયોગ કરતા જોઈ એક સાથીદારે કહ્યું કે નદીમાં તો આટલું બધું પાણી છે તો છૂટથી વાપરોને. ત્યારે બાપુએ જવાબ આપ્યોકે આટલું બધું પાણી છે તે ક્યાં આપણા બાપાનું છે. તેમના કહેવાનો મર્મ એ હતો કે કુદરતે આપેલી સંપત્તિ દુનિયાના દરેક જીવોની સહિયારી માલિકીની છે, તેથી તેનો પોતાની જરૂરિયાત પૂરતો જ ઉપયોગ કરવો જોઈએ. આમ કરકસરની ટેવવાળી વ્યક્તિ મારી દ્રષ્ટીએ સાચી પર્યાવરણવાદી વ્યક્તિ કહેવાય.

બાએ ઘણી કરકસર કરી ઘર ચલાવ્યું જેથી કરીને અમારા બંને ભાઈઓના ઉચ્ચ શિક્ષણના ભારે ખર્ચને પહોંચી વળાયું અને સમાજના બધા વ્યવહાર પણ સારી રીતે પૂરા થઇ શક્યા. બાએ પોતાની જાત માટે તો કદાચ વધારે પડતી કરકસર કરી અને આખી જિંદગી કોઈ મોજશોખ ન કર્યા. પરંતુ કુટુંબની જીવનશૈલીના સ્તર (સ્ટાન્ડર્ડ ઓફ લિવીંગ)માં જરાપણ ઘટાડો ન કર્યો કે સંતાનોના ભણવાના ખર્ચા ઓછા કરવાનો વિચાર પણ ન કર્યો. અમને ભાઈ-બહેનોને તે જમાનાના ધોરણ મુજબ શ્રેષ્ઠ ખાવા-પીવાનું, પહેરવા-ઓઢવાનું, દવાદારૂ, ઊચ્ચ શિક્ષણ ઉપરાંત બધા શોખ પૂરા કરવા માટે પણ કોઈ કસર ન રાખી. આમ કુટુંબ માટે જાત ઘસી નાખી આદર્શ ભારતીય નારીના ઉદાહરણરૂપ બની રહ્યાં. આ દુનિયામાં ભગવાન અને મા એ બે જણાનું ઋણ કોઈ વ્યક્તિ કયારેય ચૂકવી શકતી નથી, તેથી બા ની યાદ હંમેશાં દિલમાં રાખીને આદરપૂર્વક પ્રણામ કરું છું.

## પંચામૃત

તમારાં બાળકો પાંચ વર્ષનાં થાય ત્યાં સુધી તેમને ખુબ પ્યાર કરો; છ વર્ષથી પંદર વર્ષનાં થાય ત્યાં સુધી તેમને કડક શિસ્તપાલન હેઠળ દુનિયાદારીના સારા અને માઠા અનુભવો માટે તૈયાર કરો અને તેઓ સોળ વર્ષના થાય પછી તેમની સાથે મિત્ર જેવો વ્યવહાર કરો.

# ૩. નિશાળ

તે જમાનામાં ગામડામાં બાળકોના ભણતરનું પ્રમાણ ઘણું ઓછું હતું. ગામડાના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન. એ બંને વ્યવસાયમાં માનવબળની જરૂરિયાત ઘણી વધારે, જેથી નાની ઊંમરથી બાળકોને પહેલાં પશુપાલન અને પછી ખેતીના કામકાજમાં જોતરી દેવાની પ્રથા થઇ ગયેલી. વળી આ બંને વ્યવસાય પરંપરાગત હોવાથી અનુભવથી જ સારી રીતે શીખી શકાય અને તેના માટે ભણતરની જરૂર નથી તેવી લોકોની જડ માન્યતા. આમ સાચી સમજણ તથા યોગ્ય સલાહના અભાવથી લોકો તેમનાં બાળકોને ભણવા માટે મોકલે જ નહિ અને મોકલે તો પણ માંડ બેત્રણ ધોરણ સુધી જ. તે વખતે ભણતરની આવી ઉપેક્ષા આખા ભારતમાં હતી. કદાચ તમને નવાઈ લાગશે પણ ટાઈમ્સ ઓફ ઇન્ડિયાના તાજેતરના એક અહેવાલ મુજબ વર્ષ ૧૯૫૨માં આપણા દેશની લોકસભાની સૌ પ્રથમ ચુંટણી વખતે કુલ મતદારોના ૮૫%ને લખતાં કે વાંચતાં નહોતું આવડતું !

વળી બેત્રણ ધોરણ સુધી ભણવાની વાત કરી તે પણ ફક્ત છોકરાઓને જ લાગુ પડતી હતી. છોકરીઓને તો વળી ભણવાનું શાનું હોય ? છોકરીઓને તો મોટા થઈને ઘર સંભાળવાનું અને બાળકો પેદા કરી મોટાં કરવાનું કામ જ છે, તેથી તેમને ભણવાની કોઈ જરૂર નથી તેવીજ બધાની જડ માન્યતા. ગામનો વેપારીવર્ગ પણ છોકરીઓને બેત્રણ ધોરણ સુધી ભણાવી સંતોષ માને, જયારે ખેડૂત અને કારીગરવર્ગની છોકરીઓ તો નિશાળનું પગથિયું જ ચડી ન હોય.

આજે છોકરીઓ પ્રાથમિક શિક્ષણ તો ઠીક, ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પણ છોકરાઓને હંફાવી રહી છે, ત્યારે આજની પેઢીને આ વાત કદાચ નવાઈભરી લાગે કે ફક્ત પચાસ વર્ષ પહેલાં સ્ત્રીઓ માટે આવી વિચારસરણી અને વાસ્તવિક પરિસ્થિતિ હતી. પરંતુ વધારે દુ:ખની વાત તો એ છે કે આજના જમાનામાં પણ દુનિયાના કેટલાક વિસ્તારોમાં આવીજ વિચારસરણી અસ્તિત્વમાં છે. તારીખ ૦૬-૦૫-૨૦૧૪ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ આફ્રિકાના નાઇઝેરિયા દેશમાં 'બોકો હરમ' નામનું મુસ્લિમ આતંકવાદી સંગઠન વર્ષ ૨૦૦૨માં સ્થપાયું છે. બોકો હરમનો અર્થ ત્યાંની

ભાષા મુજબ 'પાશ્ચાત્ય કેળવણીનો બહિષ્કાર' થાય છે. આ સંગઠન માને છે કે સ્ત્રીઓએ તેમના પતિ અને બાળકોનું ધ્યાન રાખવા ઘરમાં જ રહેવું જોઈએ અને તેમણે વાંચવા કે લખવાનું શિખવાની કોઈ જરૂર નથી. પોતાની માન્યતાઓનો જબરદસ્તી અમલ કરાવવા આ સંગઠને મે ૨૦૧૪માં ૨૨૩ વિદ્યાર્થીનીઓનું અપહરણ કર્યું છે અને તે બધીને ગુલામ તરીકે વેચી દેવાની ધમકી આપી છે. હાલ નાઈઝેરિયન સરકાર અપ્રહૃતોને છોડાવવાનો પ્રયત્ન કરી રહી છે.

બાળકોના ભણતર માટે આવી પરિસ્થિતિને લીધે તે સમયે નાના ગામડામાં કાં તો સરકારી શાળા હોય જ નહીં અને હોય તો ધોરણ એક થી ચાર સુધીની જ શાળા હોય. ફક્ત વાવ, સુઈગામ, મોરવાડા, ઢીમા, બેણપ અને માડકા જેવાં વાવ તાલુકાનાં મોટાં ગામોમાં જ ધોરણ સાત સુધીની શાળાની સગવડ હતી, જે સેન્ટરશાળા તરીકે ઓળખાતી. આજુબાજુનાં નાના ગામોની ચાર ધોરણ સુધીની શાળાઓ આ સેન્ટરશાળાના વડપણ હેઠળ કામ કરતી. તે જમાનામાં શિક્ષકો 'માસ્તર' તરીકે અને સેન્ટરશાળાના મુખ્ય શિક્ષક 'હેડમાસ્તર' તરીકે ઓળખાતા. તે વખતે વાવ તાલુકામાં એક પણ હાઈસ્કૂલ ન હતી, અર્થાત ધોરણ સાતથી આગળના ભણતર માટેની સગવડ પૂરા તાલુકામાં ક્યાંય ન હતી. તાલુકાની સૌ પ્રથમ હાઈસ્કૂલ વાવ ખાતે વર્ષ ૧૯૬૪માં શરુ થઇ, જે ઘણાં વર્ષો સુધી તાલુકાની એકમાત્ર હાઈસ્કૂલ બની રહી. તો પછી કેળવણી ક્ષેત્રે આવી સગવડ(?) ધરાવતા વાવ તાલુકાને પછાત તાલુકો કહેવો જ પડે ને !

નિશાળની જ સગવડ માંડમાંડ હોય, ત્યારે બાળમંદિર તો ક્યાંથી હોય ? એટલે તે વખતે બાળક છ વર્ષનું થાય ત્યારે તેને સીધા જ પહેલા ધોરણમાં ભણવા બેસાડતા. આમ અમારી પેઢીનાં ગામડાનાં બાળકો બાળમંદિરમાં ગયાં જ નથી. ઘણાં વર્ષો પછી બાળકને ચાર વર્ષે બાળમંદિરમાં દાખલ કરી જુનીયર કેજી અને સિનીયર કેજી એમ બે વર્ષ ભણવાનાં વધ્યાં. તે પછી નર્સરીનું એક વર્ષ ઉમેરી, ત્રણ વર્ષના બાળકનો પણ રમવાનો આનંદ છીનવી લીધો. અને હવે તો બે વર્ષના બાળકને પ્લેગ્રુપમાં દાખલ કરી દેવામાં આવે છે ! દિવસે દિવસે બાળક પર ભણતરનો ભાર વધતો જાય છે, પરતું ભણતરની કિંમત ઘટતી જાય છે. આનું મુખ્ય કારણ છે અંગ્રેજોએ દાખલ કરેલ કારકુનો પેદા કરવા માટેનું ભણતરનું મોડલ, જે આઝાદી પછીના સાત દાયકા પછી પણ આપણે બદલી શક્યા નથી.

એક અભિપ્રાય મુજબ બાળકોને ભણતરની નહિ પણ કેળવણીની જરૂર છે.

ભણતરમાં ત્રણ ચીજ આવેઃ વાંચવું, લખવું ને ગણવું. કેળવણીમાં પણ ત્રણ ચીજ આવે : મગજ, હ્રદય ને હાથપગ. આ ત્રણેને તાલીમ આપવી તેનું નામ કેળવણી. સાદા શબ્દોમાં કહીએ તો બાળકોને ભણતરની સાથે ગણતર (ભણતરના જ્ઞાનનો પ્રેક્ટિકલ જિંદગીમાં કઈ રીતે ઉપયોગ કરવો તે કળા ) પણ શીખવાડવું જોઈએ. બહુ ભણેલા માણસો કોઈવાર વાસ્તવિક જિંદગીમાં નિષ્ફળ જાય છે, ત્યારે કહેવાય છે ને કે ભણ્યા પણ ગણ્યા નહિ ! આમ ભણતરની સાથે ગણતરની પણ તાલીમ આપવામાં આવે તો વિદ્યાર્થી પોતાની જિંદગીની લડાઈ ખુદ લડવા શક્તિમાન બને છે અને દેશનો આદર્શ નાગરિક પણ બને છે.

આજે તો ભણતર ફક્ત નોકરી મેળવવા માટેનું એક સાધન બનીને રહી ગયું છે, પરંતુ નોકરી મળ્યા પછી ભણતર જિંદગીમાં ખાસ ઉપયોગી થતું નથી. ઉપરાંત જેને પોતાનો ઉદ્યોગ કે ધંધો કરવો છે તેવા વર્ગ માટે તેમજ ઘર સંભાળવાની સાથે બાળકોનો ઉછેર કરવાની ઘણી મોટી જવાબદારી જેના પર છે તેવા વિશાળ સ્ત્રીવર્ગ માટે પણ ભણતર જિંદગીમાં કંઇ ઉપયોગી થતું નથી.

બીજી વાત એ છે કે દેશમાં હવે ભણતરનું પ્રમાણ વધતું જાય છે, પણ સાથેસાથે બેરોજગારી પણ તેટલા જ પ્રમાણમાં વધતી જાય છે. અર્થાત ભણેલા માણસને પણ નોકરી કે રોજગાર મળતો નથી. ભણતરની ખામીભરી સિસ્ટમનું આ પરિણામ છે. તાજેતરમાં દિવ્ય ભાસ્કરમાં પ્રગટ થયેલ એક અહેવાલમાં જુદાજુદા દેશમાં કુશળ કારીગર (સ્કીલ્ડ લેબર)નું પ્રમાણ કેટલું છે તેનો સર્વે પ્રગટ થયો છે. તે મુજબ સાઉથ કોરિયામાં ૯૬%, જાપાનમાં ૮૦%, જર્મનીમાં ૭૫% અને બ્રિટનમા ૬૮% કારીગર સ્કીલ્ડ લેબર છે, જયારે આપણા દેશમાં આ પ્રમાણ ફક્ત ૨% છે. અર્થાત કુલ કારીગર વર્ગના ફક્ત ૨% સ્કીલ્ડ લેબર એટલેકે આવડતવાળા કારીગર છે જયારે બાકીના ૯૮% અનસ્કીલ્ડ લેબર એટલેકે મજૂર છે. ઉપરાંત આ સર્વે મુજબ આપણા દેશમાં ૧૫થી ૨૫ વર્ષના ફક્ત ૨% યુવાન વ્યવસાયિક શિક્ષણ મેળવે છે. મારો પોતાનો અનુભવ કહું તો બેંક મેનેજરની મારી કારકિર્દી દરમ્યાન મારે ઘણા ઉદ્યોગકારો સાથે તેમને ઉદ્યોગ ચલાવવામાં પડતી તકલીફો વિષે ચર્ચાઓ થઇ છે. જવાબમાં મોટાભાગના ઉદ્યોગકારોએ આવડતવાળા કારીગર (સ્કીલ્ડ લેબર) મળતા નથી તેને એક મુખ્ય કારણ તરીકે બતાવ્યું છે. આમ ખામીભરેલી શિક્ષણપદ્ધતિને લીધે એકબાજુ બેરોજગારોની સંખ્યા વધતી જાય છે, જયારે બીજી બાજુ ઉદ્યોગધંધા માટે આવડતવાળા કારીગર મળતા નથી.

મારું સ્પષ્ટપણે માનવું છે કે કેળવણીના આજના મોડલમાં આમૂલ પરિવર્તન કરીને વિદ્યાર્થી પોતાની જાતને, પોતાના કુટુંબને, સમાજને અને દેશને ઉપયોગી બને તેવું વ્યવસાયિક શિક્ષણ સાથેનું કેળવણીનું મોડલ શરુ કરવામાં આવે તો બેરોજગારો અને ઉદ્યોગ ધંધા આ બંનેનો પ્રશ્ન એકસાથે હાલ થઈ શકે છે. આપણા દેશમાં વસ્તી ઘણી વધારે છે, જેથી આ અપાર માનવબળને યોગ્ય કૌશલ્ય અને શ્રેષ્ઠ માળખાકીય સવલતો પૂરી પાડવામાં આવે તો દરેક વ્યક્તિની પ્રગતિ સાથે દેશની પણ ઝડપી પ્રગતિ થઈ શકે છે. તેથી વિદ્યાર્થી પોતાનો સ્વતંત્ર ઉદ્યોગ કે ધંધો કરી શકે એવું વ્યાવસાયિક શિક્ષણ આપવાની ખાસ જરૂર છે, સાથેસાથે ભણેલી વ્યક્તિ ફક્ત ખુરશીમાં બેસીને કરવાની નોકરી (વ્હાઈટ કોલર જોબ) જ કરે તે માનસિકતા બદલાવાની પણ જરૂર છે.

હવે મૂળ વાત પર આવીએ. બાળક છ વર્ષનું થાય એટલે તેના વાલી તેને ભણવા બેસાડવા નિશાળે લઈને આવે, પરતું મોટાભાગના વાલીઓ પોતે અભણ હોવાથી તેમને પોતાના બાળકની જન્મતારીખ યાદ ન હોય. શિક્ષક ઘણી પૂછપરછ કરે ત્યારે એવા જવાબ મળે કે પેલો મોટો દુકાળ પડ્યો હતો તેના પછીને વર્ષે જન્મ્યો હતો કે જે વર્ષે સળંગ ત્રણ દિવસ ભારે વરસાદ પડ્યો હતો એ વર્ષે જન્મ્યો હતો. આ રીતે જન્મનું વર્ષ તો નક્કી થાય, પરતું જન્મનો ચોક્કસ મહિનો કે દિવસ તો વાલી કહી જ ન શકે. છેવટે સરકારી નિયમ મુજબ જે તે વર્ષનો વચલો દિવસ એટલે કે ૧લી જુનના દિવસને જન્મતારીખ ગણવામાં આવે. આને લીધે તે વખતે નિશાળના મોટા ભાગના વિદ્યાર્થીઓનો જન્મદિવસ એક જ દિવસે એટલેકે ૧લી જુનના રોજ આવતો હતો. જોકે તે વખતે અત્યારની જેમ બાળકોના જન્મદિવસ ઉજવવાની પ્રથા ન હતી એટલે આવી વાત ખાસ કોઈના ધ્યાનમાં આવતી નહીં.

અત્યારે ધોરણ દસ અને ધોરણ બાર માં બોર્ડની પરિક્ષા હોય છે, તેમ તે જમાનામાં ધોરણ સાત પછી 'ફાઈનલ' તરીકે ઓળખાતી બોર્ડની પરિક્ષા લેવાતી. તે વખતે આ 'ફાઈનલ' પરિક્ષામાં પાસ થવું ઘણું અઘરું ગણાતું અને તેમાં પાસ થનારને ખૂબ યશ મળતો તેમજ શિક્ષક કે તલાટી જેવી નોકરી પણ તરત જ મળી જતી. જોકે આવા શિક્ષકો અનટ્રેઈન્ડ શિક્ષક તરીકે ઓળખાતા અને ઓછો પગાર મેળવતા. ટ્રેઈન્ડ શિક્ષકની પુરા પગારની કાયમી નોકરી માટે પીટીસી (પ્રાયમરી ટીચર્સ સર્ટિફિકેટ) નામનો એક વર્ષનો કોર્સ કરવો પડતો. તે વખતે પીટીસી કોલેજ ફક્ત અમદાવાદ અને વડોદરા જેવાં મોટાં શહેરોમાં જ હતી, જેથી પીટીસીનો કોર્સ કરવો તે ઘણું ખર્ચાળ

અને અગવડભર્યું હતું, પરંતુ પીટીસી પાસ શિક્ષકનો માનમરતબો પણ ઉંચો હતો.

બાપાએ અનટ્રેઈન્ડ શિક્ષક તરીકે વર્ષ ૧૯૩૯માં નોકરી લીધી હતી અને વર્ષ ૧૯૫૨માં પીટીસી પાસ કરી હતી. તે પછી તેમની સુઈગામ, ભોરોલ અને માડકા જેવાં મોટાં ગામોની સેન્ટરશાળાઓમાં હેડમાસ્તર તરીકે નિમણુંક થઇ. માડકા મોટું ગામ હોવાથી તેમાં સેન્ટરશાળા હતી. તદુપરાંત પોસ્ટઓફીસ પણ શાળા સાથે જોડાયેલી હતી, આથી બાપા હેડમાસ્તર ઉપરાંત પોસ્ટમાસ્તર તરીકે પણ ફરજ બજાવતા, જે માટે તેમને વધારાનો પગાર મળતો.

માડકામાં શાળાનું મકાન ગામની વચ્ચોવચ્ચ આવેલા ચોકના એક છેડે હતું, જે નિશાળ તરીકે ઓળખાતું. હેડમાસ્તરને રહેવાનું ક્વાર્ટર પણ નિશાળના મકાનની પાછળ જોડાયેલું હતું. નિશાળનું મકાન જૂની ઢબનું, ઈંટોની દીવાલવાળું અને દેશી નળિયાંના છાપરાવાળું નાનુંસરખું મકાન હતું. નિશાળમાં બે મોટા લંબચોરસ આકારના રૂમ હતા. મકાનના આગળના ભાગમાં ખુલ્લો ચોક હતો, જેનો ઉપયોગ સવારની પ્રાર્થના, સમૂહ કસરત અને રમતગમત માટે થતો. નિશાળની પાછળ અમારે રહેવાનું ક્વાર્ટર હતું, જેમાં બે રૂમ હતા. મુખ્યરૂમના બે ભાગ કરી આગળનો ભાગ બેઠકખંડ તરીકે અને પાછળનો ભાગ રસોડા તરીકે વપરાતો. બીજો રૂમ સામાન રાખવા માટે વપરાતો. ઉપરાંત થોડો ખુલ્લો ચોક હતો. એકંદરે રહેઠાણ નાનું હતું, પરંતુ જરૂર પડ્યે નિશાળના સમય બાદ નિશાળના રૂમોનો ઉપયોગ કરી શકાતો એટલે વાંધો ન આવતો.

તે જમાનામાં માળખાકીય સવલતોના અભાવે અને શિક્ષકોની પણ અછત હોવાથી એક શિક્ષકને એકથી વધુ વર્ગ એકસાથે ભણાવવા પડતા. મોટેભાગે રૂમમાં વચ્ચે ટેબલ-ખુરશી રાખીને બે ભાગ કરીને બંને તરફ વિદ્યાર્થીઓના જુદાજુદા વર્ગ બેસાડવામાં આવતા. તે સમયમાં શિક્ષકને પોતાના માટે જ ખુરશી અને ટેબલની વ્યવસ્થા માંડમાંડ થતી, તેથી વિદ્યાર્થીઓ માટે બેસવાની પાટલી (બેંચ)ની વ્યવસ્થાની તો કલ્પના જ ન કરાય ને ! અર્થાત વિદ્યાર્થીઓ જમીન ઉપર નીચે બેસીને જ ભણતા. ઉપરાંત વિદ્યાર્થીઓ માટે ગણવેશ (યુનિફોર્મ)ની કોઈ પ્રથા નહોતી તેમજ તેઓ દફતર (સ્કૂલબેગ), પાણીની બોટલ કે નાસ્તાના ડબ્બા એવું કશું લઈને આવતા નહોતા. વિદ્યાર્થીઓ પોતાનાં પુસ્તકો કપડાની થેલીમાં ભરીને લાવતા. પીવાના પાણીની વ્યવસ્થા નિશાળમાં રહેતી, જયારે નાસ્તા માટે વિદ્યાર્થીઓ રીસેસ દરમ્યાન પોતપોતાના ઘેર જતા. જોકે સરકારી નિશાળ હોવાથી કોઈ જાતની ફી કે અન્ય કોઈ

ખર્ચ ન હતા. તેમજ ધોરણ ત્રણ સુધી તો માત્ર પાટી (સ્લેટ) અને પેન (માટીની સ્ટીક) નો જ ખર્ચ કરવો પડતો અને વાર્ષિક પરિક્ષા પણ માત્ર મૌખિક જ રહેતી. તે પછી ધોરણ ચારથી નોટ અને પેન્સિલનો ઉપયોગ શરુ થતો. છતાં વિદ્યાર્થીઓએ પાઠ્યપુસ્તકો, થોડી નોટો અને કંપાસબોક્ષ કે કલર પેન્સિલ સિવાય અન્ય કોઈ ઝાઝો ખર્ચ કરવાનો રહેતો નહીં. આજની જેમ સ્વાધ્યાયપોથી, પ્રયોગપોથી, નકશાપોથી, ડ્રોઈંગબુક, ગાઈડબુક, સ્કેચપેન, કલર ટ્યુબ અને નીતનવા પ્રોજેક્ટ બનાવવા માટે જાતભાતની વસ્તુઓ અને સાધનો ઉપરાંત મોંઘાદાટ દફતર, વોટરબેગ, ટીફીનબોક્ષ કે બુટ અને મોજાં જેવા બેફામ અને બિનજરૂરી ખર્ચ તે વખતે કરવા ન પડતા. બધા નિશાળિયા (વિદ્યાર્થીઓ) પગે ચાલીનેજ નિશાળે આવતા. આમ નિશાળે જવા રિક્ષા કે વાનનો ખર્ચ નહોતો કે સાયકલ અથવા સ્કૂટરની જરૂર નહોતી. આમ તે સમયે ભણતરનો ખર્ચ સાવ નહિવત હતો.

હું ધોરણ સાત સુધી નાના ગામડાની આવી સરકારી શાળામાં કોઈ જાતની સાધનસામગ્રી કે સગવડ વગર ભણ્યો, છતાં પણ જયારે ઉચ્ચ અભ્યાસ માટે પાલનપુરની વિવિધલક્ષી વિદ્યામંદિર અને અમદાવાદની એમ જી સાયન્સ કોલેજ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં ગયો ત્યારે અનેક સાધનસામગ્રી અને સગવડો સાથે ભણેલા શહેરના સ્માર્ટ વિદ્યાર્થીઓને પાછળ રાખી દઈને તેમનાથી ઊંચું સ્થાન પ્રાપ્ત કરી શક્યો. આમ મારા પોતાના અનુભવને આધારે કહી શકું છું કે સારું ભણવા માટે વિદ્યાર્થીને કોઈ ખાસ સગવડ કે સાધનસામગ્રીની જરૂર હોતી નથી. માત્ર થોડું દિમાગ, થોડું ધ્યાન, થોડી મહેનત અને થોડી દોરવણી (શિક્ષક અને વાલી તરફથી) આટલીજ વસ્તુઓની જરૂર હોય છે સારું ભણવા માટે.

જેમ ખાસ સગવડ કે સાધનસામગ્રી હોય તોજ સારું ભણી શકાય એવું જરૂરી નથી, તેમ જિંદગીમાં પણ ખાસ સગવડ કે સાધનસામગ્રી જેવાં કે બંગલો, ગાડી, નોકર-ચાકર, ધનદોલત વિગેરે મળી જાય એટલે સુખી થઈ જવાય તેવું જરૂરી નથી. જો માણસની રોટી, કપડાં અને મકાનની મૂળભૂત જરૂરિયાતો (જોકે અત્યારના જમાના પ્રમાણે રૂમાલી રોટી, બ્રાન્ડેડ કપડાં અને આલીશાન સેન્ટ્રલી એસી મકાન ! ) પુરી થઈ જાય તો પછી જિંદગીમાં સુખી થવા માટે સંતોષ સૌથી અગત્યની ચીજ છે. પરંતુ માણસની સૌથી મોટી નબળાઈ એ છે કે જે વસ્તુ મેળવવાની ઘણી ઈચ્છા હોય, તે વસ્તુ મળ્યા પછી તેનો આનંદ તો માણે છે, પરંતુ સંતોષ માનતો નથી, જે દુઃખનું કારણ બને છે. કોઈ માણસને પોતાનું એક મકાન હોય તો ભયોભયો એવી ઈચ્છા

હોય અને તેને તેવું મકાન મળે તો સંતોષ માની સુખી થયાની લાગણી અનુભવવાને બદલે તેથી મોટા મકાનની ઈચ્છા કરશે. એવું મોટું મકાન મળ્યા પછી બે મકાનની ઈચ્છા કરશે. બે મકાન મળ્યા પછી બીજા શહેરમાં પણ એક મકાન હોય તેવી ઈચ્છા કરશે. આમ ઈચ્છાઓનો અંત કોઈ દિવસ આવતો નથી અને તેને લીધે માણસ પોતાને સુખી માનતો નથી. અંતે માણસ સુખી થવા માટે અનેક પ્રકારની પૂજા, બાધા-આખડી અને હોમહવન કરે છે, જાતભાતનાં દેવ અને દેવીઓનાં દર્શન કરવા જાય છે તથા નીતનવા ગુરુ, સાધુ કે મહંતોની શરણમાં જાય છે. એમાં કોઈવાર 'કાગનું બેસવું અને તાડનું પડવું' એ ન્યાયે આવા કોઈ પ્રયોગ પછી ઈચ્છાપૂર્તિ થઇ જાય તો તરતજ નવી ઈચ્છા ધારણ કરી તેને પૂરી કરવા તેવા પ્રયોગ ફરીથી શરુ કરે છે. આમ માણસ એક વિષચક્રમાં ફસાઈને જિંદગી પૂરી કરે છે.

હવે વિષયાંતર છોડીને પાછા મૂળ વિષય પર આવીએ. અમારું રહેઠાણ નિશાળની જોડેજ હોવાથી હું ફાજલ સમયમાં બીજા વર્ગોમાં ચાલતું શિક્ષણકાર્ય પણ ધ્યાનથી સાંભળતો. ઉપરાંત મારે નિશાળના અને અન્ય ગામોની શાળાઓના શિક્ષકો, નિશાળના ઇન્સ્પેકશનમાં આવતા અધિકારીઓ, પોષ્ટઓફિસના કર્મચારીઓ વિગેરે સાથે સંપર્ક રહેતો, જે મારો બૌદ્ધિક વિકાસ કરવામાં ઘણા મદદરૂપ થયો. વાંચનનો મને પહેલેથી જ ઘણો શોખ હતો. નિશાળમાં જ પુસ્તકાલય હોવાથી હું ફાજલ સમયમાં કંઈક ને કંઈક વાંચ્યા જ કરતો. નાનપણમાં બકોર પટેલ, મિયાં ફૂસકી, છકો-મકો, અડુકિયો-દડુકિયો, છેલ-છબો, સોટી અને પોઠી જેવી અનેક બાલકથાઓ; ટારઝન, જાદુગર મેન્ડ્રેક અને ફેન્ટમની ચિત્રવાર્તાઓ અને બુલબુલ, રમકડું અને ઝગમગ જેવાં મેગેઝીન ખુબ વાંચ્યાં. થોડા મોટા થયા પછી પરી, રાજકુમાર અને રાક્ષસની વાર્તાઓ, પંચતંત્રની વાર્તાઓ, સાહસ કથાઓ અને વિજ્ઞાન કથાઓ વાંચી અને તે પછી નવલકથાઓ અને પૌરાણિક કથાઓ વાંચી. સાતમા ધોરણમાં આવ્યો ત્યાં સુધીમાં હું રામાયણના ચાર ભાગ (ગ્રંથ), મહાભારતના ચાર ભાગ, શિવપુરાણ, ભાગવત, વેતાળપચીસી વિગેરે એકથી વધારે વખત વાંચી ચૂક્યો હતો. વાંચનનો શોખ મોટા થવા સાથે વધતો ગયો. કોલેજમાં ભણવા અમદાવાદ આવ્યા પછી વિવિધ પુસ્તકાલયોનો લાભ મળ્યો જેથી મારી વાચનભૂખ વધારે ઉઘડી અને કોલેજનું ભણવાનું પૂરું થયું ત્યાં સુધીમાં ગુજરાતના ખ્યાતનામ લેખકોનાં અનેક પુસ્તકો હું વાંચી ચૂક્યો હતો. હાઈસ્કુલ સુધીના સમયમાં વાંચેલાં પુસ્તકોની નોંધ તો મેં રાખી નહોતી, પરતું અમદાવાદના કોલેજકાળનાં છ વર્ષ

દરમ્યાનની મારી નોંધ મુજબ મારા પ્રિય લેખકો ગુણવંતરાય આચાર્યનાં ૭૦થી વધારે પુસ્તકો, કનૈયાલાલ મુનશીનાં ૧૮, ૨.વ. દેસાઈનાં ૩૪, ધૂમકેતુનાં ૩૩, ચુનીલાલ મડિયાનાં ૧૪, પન્નાલાલ પટેલનાં ૨૧, ઈશ્વર પેટલીકરનાં ૧૭, અને ઝવેરચંદ મેઘાણીનાં ૯ પુસ્તકો સાથે મેં લગભગ ૫૦૦થી વધારે નાનાંમોટાં પુસ્તકો વાંચ્યાં હશે. મુનશીનું 'ગુજરાતનો નાથ' તો કદાચ ૫ થી ૬ વખત વાંચ્યું હશે. ગાંધીજીનું 'સત્યના પ્રયોગો' પણ અનેક વાર વાંચ્યું. શરદબાબુ, રવીન્દ્રનાથ ટાગોર અને વિ સ ખાંડેકરનાં પુસ્તકોના ગુજરાતી અનુવાદ પણ વાંચ્યા અને ફ્રેંચ લેખકો વિક્ટર હ્યુગોનું લા મિઝરેબલ અને એલેકઝાન્ડર ડુમાનાં થ્રી મસ્કેટીયર્સ અને કાઉન્ટ ઓફ મોન્ટેકાર્લો, અંગ્રેજ લેખક ચાર્લ્સ ડિકન્સનું એ ટેઈલ ઓફ ટુ સીટીઝ, સ્પેનિશ લેખક સર્વેન્ટીસનું ડોન કિહોટે વિગેરેના ગુજરાતી અનુવાદ પણ વાંચ્યા. ગુજરાતી ન હોવા છતાં ગુજરાતીમાં લખતા ફાધર વાલેસ અને કાકાસાહેબ કાલેલકરને પણ વાંચ્યા. હાસ્ય લેખકોમાં જ્યોતીન્દ્ર દવે, ધનસુખલાલ મહેતા, વિનોદ ભટ્ટ અને ચીનુભાઈ પટવાને વાંચ્યા અને નવી પેઢીના લેખકોમાં મોહમ્મદ માંકડ, ચંદ્રકાંત બક્ષી, વર્ષા અડાલજા, રસિક ઝવેરી, વિઠ્ઠલ પંડ્યા, સારંગ બારોટ વિગરેને વાંચ્યા. કોલેજની લાયબ્રેરી ઉપરાંત યુનિવર્સીટીની લાયબ્રેરી અને અમદાવાદની ખ્યાતનામ એમ જે લાયબ્રેરીનો હું નિયમિત મુલાકાતી હતો. આ બધી લાયબ્રેરીઓમાં જઈને અખંડઆનંદ, નવચેતન, કુમાર, સંસ્કૃતિ, મિલાપ, નવનીત જેવાં મેગેઝીન હું નિયમિત વાંચું. કોલેજમાં એસ વાય બીએસસીના વર્ષથી અંગ્રેજી મિડીયમમાં ભણવાનું શરુ થયું તે પછી રીડર્સ ડાયજેસ્ટ, ખુશવંતસિંહનું ઈલ્લેસ્ટ્રેટેડ વીકલી, ટાઇમ, નેશનલ જ્યોગ્રાફિક જેવાં મેગેઝીન પણ હું વાંચવા લાગ્યો. બહોળા વાંચનથી મારી વિચારશક્તિનો વિકાસ થયો અને બુદ્ધિઆંક (આઈ. ક્યુ.) વધ્યો, જે મને ભવિષ્યની સ્પર્ધાત્મક પરિક્ષાઓમાં સફળતા મેળવવામાં મદદરૂપ થયા. તદુપરાંત મને દરેક વિષયની સારી તથા નરસી બાજુ ચકાસવાની તેમજ ધર્મ અને સમાજના રૂઢિગત રિવાજો અને બંધનો ઉપર ટિકાત્મક પરિક્ષણ (ક્રીટીકલ એસેસમેન્ટ) કરીને પોતાનો સ્પષ્ટ અભિપ્રાય નક્કી કરવાની ટેવ પડી.

વાંચનના શોખને લીધે મને કાવ્ય અને વાર્તાઓ પ્રત્યે ઘણી રૂચી હતી. ડીસેમ્બર ૧૯૬૪માં જયારે હું સાતમા ધોરણમાં હતો, ત્યારે મેં એક કાવ્ય લખ્યું હતું. કોલેજકાળ દરમ્યાન પણ કાવ્ય અને વાર્તાઓ લખેલ. ઉપરાંત ચિત્રકામના શોખને લીધે ઘણાં ચિત્રો પણ દોર્યાં હતાં અને પૂઠાકામની પણ અનેક ચીજો બનાવેલ. પરંતુ વાવના

ઘરમાં ઉધઈનો ઉપદ્રવ થવાથી આ બધું જ સાહિત્ય નાશ પામ્યું અને અત્યારે તેમાંથી કંઈ પણ સચવાયું નથી.

દરેક સિક્કાને બે બાજુ હોય છે, તે ન્યાયે વાંચવાના શોખના અતિરેકથી બાળપણમાં મારી પ્રકૃતિ આળસુ થઈ ગઈ હતી. એક તો માતાપિતાને ત્રણ સંતાનો શિશુવયમાં ગુજરી ગયા પછી મારો જન્મ થયેલો, તેથી માતાપિતાએ ખૂબ લાડકોડથી ઉછેર કર્યો હતો. માંદા ના પડાય કે રમવામાં કે દોડવામાં પડી ન જવાય કે વાગી ન જાય તેની સતત સાવચેતી રાખવામાં મારું રમવાનું અને દોડવાનું જ બંધ થઈ ગયું. એક તો ઘી-દૂધવાળો સારો ખોરાક ઉપરાંત શારીરિક શ્રમનો અભાવ અને વાંચનનો અત્યંત શોખ, આ બધાને પરિણામે નાનપણમાં મારું  શરીર જાડું થઈ ગયું, જેથી મારા બાલમિત્રો મને જાડિયો કહીને ચીડવતા. માતાપિતાના સાવચેતીભર્યા ઉછેરને લીધે મને ઝાડ ઉપર ચડવાની, તળાવમાં ભૂસકા મારવાની કે તરવાની, અથવા ખેતરોમાં કે વગડામાં રખડવા જવાની છૂટ ન હતી. આમ ગામડામાં બાળપણ વિતાવ્યું છતાં ગામડાનાં બાળકોને સુલભ હોય તેવાં શારીરિક કૌશલ્યો હું મેળવી ન શક્યો. આ ખામીઓનો વસવસો મને મોટા થયા પછી ઘણી વખત રહ્યો.

મારી શારીરિક દુર્બળતાનો માતાપિતાને જ્યારે ખ્યાલ આવ્યો ત્યારે તેમણે મને વાંચન ઓછું કરીને પરાણે રમવા જવાની ફરજ પણ પાડી. પરંતુ મારું શરીર જાડું થઈ ગયું હોવાથી મને શારીરિક શ્રમ પડે તેવી રમતો ગમતી નહીં, તેથી હું બેઠાંબેઠાં રમાય તેવી રમતોમાં જ ભાગ લેતો. ના છુટકે કબડ્ડી કે ખોખો જેવી રમતોમાં ભાગ લેવો પડે ત્યારે હું એમ્પાયર બની જતો, જેથી ઝાઝો શ્રમ લેવો ન પડે. આમ બાળપણમાં મારૂ શરીર નબળું જ રહ્યું, જોકે તેનો અહેસાસ તે વખતે મને ન હતો. પરંતુ ધોરણ ૧૧માં મારે વતન છોડીને પાલનપુર ખાતે છાત્રાલયમાં રહેવા જવાનું થયું, ત્યારે બધા સહછાત્રોને જોઈને મને મારી શારીરિક નિર્બળતાનું ભાન થયું. તે પછી મેં કસરત કરવાનું ચાલુ કર્યું. તદુપરાંત છાત્રાલયની કઠીન જીવનશૈલી અને માનસિક જાગૃતિથી એક-બે વર્ષમાં જ મારા શરીરના બાંધામાં ઘણો સુધારો થયો. આમ છતાં ખડતલ શરીર બની ન શક્યું તેનો વસવસો મને ઘણાં વર્ષ રહ્યો.

માણસને પોતાની પાસે જે કંઈ છે તેનાથી સંતોષ નથી હોતો અને જે નથી હોતું તેની જ ઈચ્છા રહેતી હોય છે. માણસની લાલસા સમજાવતું એક સરસ કાર્ટુન જોયું હતું. પહેલા ચિત્રમાં પગે ચાલીને જતો એક માણસ પોતાની પાસે સાયકલ હોય તો કેવું સારું એમ વિચારતો હતો. બીજા ચિત્રમાં તે માણસ સાયકલ ચલાવતો હતો અને

પોતાની પાસે સ્કૂટર હોય તો કેવું સારું એમ વિચારતો હતો. ત્રીજા ચિત્રમાં તે માણસ સ્કૂટર ચલાવતો હતો અને પોતાની પાસે ગાડી હોય તો કેવું સારું એમ વિચારતો હતો. પછીના ચિત્રમાં તે માણસને સ્કૂટર ચલાવતાં અકસ્માત થાય છે. છેલ્લા ચિત્રમાં તે માણસ એક કપાયેલા પગ સાથે બગલઘોડીથી ચાલતો હોય છે અને પોતે પોતાના પગે ચાલીને જઈ શકતો હોત તો કેવું સારું એમ વિચારતો હતો. મારા કિસ્સામાં પણ કંઈક આવુંજ થયું હતું. હું ભણવામાં હોશિયાર હતો અને ગણિત મારો પ્રિય વિષય હોવાથી પરિક્ષાઓમાં ઉચ્ચ પરિણામ લાવતો. તદુપરાંત બહોળા વાંચન અને ઉંચો બુદ્ધિઆંક હોવાથી સારી કારકિર્દી બનાવવાની ક્ષમતા તો હતી જ. પરંતુ ખડતલ શરીર ન હોવાથી રમતગમત ક્ષેત્રે આગળ વધી ન શકવાનો અફસોસ હતો. તેથી એકવાર મિત્રો સાથે ‘તમને શું થવું ગમે’ એની ચર્ચામાં કોઈએ પાઈલોટ બનવાની તો કોઈએ કલેકટર બનવાની વાત કરી, ત્યારે મેં મોટા પહેલવાન બનવાની ઈચ્છા પ્રગટ કરેલી!

## પંચામૃત

જ્યારે આપણે પોતાની જાત માટે બીજા પાસે નિખાલસ અભિપ્રાય માગતા હોઇએ છીએ, ત્યારે ખરેખર તો આપણને આપણાં વખાણ સાંભળવાં હોય છે.

**-ફ્રેંચ લેખક વિલિયમ સમરસેટ**

# ૪. મકાનોની બાંધણી

જે સમયની હું વાત કરી રહ્યો છું, તે વખતે ગામડામાં સિમેન્ટ કોંક્રીટનાં પાકાં મકાનો બનતાં નહીં, કારણકે તે વખતે સિમેન્ટ મોંઘી વસ્તુ ગણાતી અને સહેલાઈથી મળતી પણ નહીં. વળી મોટાભાગનાં ગામોને પાકી સડક ન હતી, જેથી કરીને માલ અને માણસની આવનજાવન સરળ ન હતી. ઉપરાંત સિમેન્ટ કોંક્રીટનાં મકાનો બનાવે એવા કારીગર પણ ઉપલબ્ધ ન હતા. આથી ગામનાં મોટાભાગનાં મકાનો કાચાં મકાનો હતાં, જેની દિવાલો એક જાતની ચીકણી કાળી માટીમાંથી બનાવવામાં આવતી. તળાવ જેવી જગ્યાએથી આવી માટી લાવીને પાણી સાથે સારી રીતે ગૂંદીને લગભગ એક ઘનફૂટ જેટલો માટીનો લોંદો બનાવીને દીવાલની જગ્યાએ મુકવામાં આવતો. આવી રીતે ઉપરાપર માટીના લોંદા ગોઠવીને દીવાલનું ચણતર કરવામાં આવતું જે સુકાઈ ગયા પછી મજબૂત બની જતું. સમયની સાથે આવી માટીમાંથી કાચી ઈંટ (ગરમીથી પકાવ્યા વગરની) બનાવી તેનાથી દીવાલો બનાવવાનું શરુ થયું, જે ગામનો કુંભાર જ બનાવી લેતો. આવી દીવાલો બની જાય પછી તેની ઉપર ગાર (છાણનું લીંપણ) કરવામાં આવતી, જેથી વરસાદમાં દીવાલોની માટી ધોવાઈ ન જાય. મકાન બનાવવાનો આવો કાચો માલ (માટી અને છાણ) ગામમાંથી જ વગર ખર્ચે મળી જતો. વળી ખેડૂતવર્ગ તો આવા મકાન જાતે જ બનાવી શકતો, જેથી મજૂરીનો ખર્ચ પણ ન લાગતો. ઉપરાંત છાણમાં માટી ભેળવીને સ્ત્રીઓ હાથેથી જ દીવાલોને લીંપણ કરતી, જેથી દીવાલો પર લહેરિયાની કલાત્મક છાપ ઉપસતી.

માટી ઉષ્ણતા પ્રતિરોધક હોવાથી બહુ ગરમ કે બહુ ઠંડી થતી નથી. ઉપરાંત કાચાં મકાનોની દિવાલોની જાડાઈ દોઢ થી બે ફૂટ જેટલી રાખવામાં આવતી, જેથી મજબૂતાઈ વધતી અને ઠંડી-ગરમી સામે ઘણું રક્ષણ મળતું. અત્યારે મકાનોની દિવાલો ઈંટ તથા સિમેન્ટ કોંક્રીટમાંથી બને છે જે જલ્દીથી ગરમ કે ઠંડી થાય છે. ઉપરાંત દિવાલો માત્ર ૯ ઈંચ જાડાઈની જ બનાવવામાં આવે છે, જેથી ઘરને વાતાવરણ સામે યોગ્ય રક્ષણ પૂરું પાડી શકતી નથી. આથી શિયાળામાં ઘર જલ્દી ઠરી જાય છે અને ઉનાળામાં જલ્દી ગરમ થઈ જાય છે. આમ કાચાં મકાનો ગામમાંથી મળતા માલસામાન

અને મજૂરીથી બનતાં હોવાથી સહેલાઈથી બનતાં, કિમતમાં સસ્તાં હતાં છતાં વાતાવરણ સામે ઘણું રક્ષણ પૂરું પાડતાં. જોકે સમયની સાથે લોકો પાકાં મકાનો બાંધવા તરફ વળ્યા, કારણકે કાચાં મકાનોની મજબૂતી પ્રમાણમાં ઓછી હતી, વળી ઉપર બીજો માળ બનાવવો શક્ય હતો નહીં તથા દર બે કે ત્રણ વર્ષે દિવાલો પર છાણનું લીંપણ ફરીથી કરવું પડતું, એટલે કે મેન્ટેનન્સ વધારે હતું.

આ પછીના શરૂઆતના તબક્કામાં અર્ધપાકાં મકાનો બનવા લાગ્યાં, જેમાં પાકી ઈંટ (માટીની ઈંટને તપાવીને બનતી લાલ રંગની ઈંટ) સાથે રેફડી તરીકે ઓળખાતી માટીનો બંધક તરીકે ઉપયોગ કરીને દીવાલો બનાવવામાં આવતી અને તેની ઉપર સિમેન્ટનું પ્લાસ્ટર કરવામાં આવતું. તે વખતે સિમેન્ટ મોંઘી વસ્તુ ગણાતી અને સહેલાઈથી મળતી નહીં, તેથી ચણતરકામમાં સિમેન્ટનો ઉપયોગ ન કરીને ફક્ત પ્લાસ્ટર પુરતું સિમેન્ટ વપરાતી. દીવાલોની જાડાઈ ૧૪ ઇંચ રખાતી, જેથી મજબૂતાઈ વધે અને વાતાવરણ સામે પણ વધારે રક્ષણ મળે.

તે વખતનાં મકાનોની ડીઝાઈન વિષે વાત કરું તો સામાન્ય રીતે દરેક ઘરમાં બે ઓરડા (બે ઢાળવાળા બંધ રૂમ) હોય; તે બંને ઓરડાની આગળ સળંગ ઓશરી (એક ઢાળનો એક બાજુ ખુલ્લો રૂમ) હોય, જેના એક ભાગમાં રસોડું તથા પાણિયારું હોય અને ઓશરીની આગળ આંગણું (ઉપરથી ખુલ્લો પણ ભોંયતળિયું બાંધેલો ચોક) હોય. આંગણા પછી ખુલ્લો ચોક હોય, જેમાં એકાદ ઢાળિયું (એક ઢાળવાળો એક બાજુ ખુલ્લો રૂમ) પણ હોય. સૌથી આગળ માઢ (બે ઢાળના છાપરાવાળો પણ એક બાજુ ખુલ્લો રૂમ) તરીકે ઓળખાતો રૂમ હોય. માઢ પુરુષોના બેઠકખંડ તરીકે વપરાતો. તે જમાનામાં સ્ત્રીઓમાં લાજ કાઢવાનો કુરિવાજ ઘણો પ્રચલીત હતો, જેથી ઘર સિવાયના વડીલ પુરુષો માઢથી અંદર ઘરમાં પ્રવેશતા નહીં. કોઈ મકાનમાં માઢ ન હોય તો સીધો મુખ્ય દરવાજો આવે જે ડેલી કે ખડકી તરીકે ઓળખાતો. ગામનાં મોટાભાગનાં ઘર આવી જ રચનાવાળાં હતાં.

મોટાં મકાનોમાં વાડો તરીકે ઓળખાતો ખુલ્લો ચોક પણ રહેતો, જે ગાય, બળદ, ભેંશ, બકરી જેવાં પશુઓ રાખવા તથા ખેતપેદાશો અને બળતણનાં લાકડાં વિગેરે રાખવાની જગ્યા તરીકે વપરાતો.

બે ઢાળવાળા ઓરડાની બનાવટ વિષે વિગતથી વાત કરું તો બંને બાજુ તરફ ઉપરના ભાગમાં ત્રિકોણ આકારની દીવાલ બને જેને ‘કરો‘ કહેવાય અને પાછળની લંબચોરસ દીવાલને ‘પછીત‘ કહેવાય. છાપરા માટે ‘કરા‘ના ત્રિકોણાકાર

ભાગની ટોચે લાકડાનું સૌથી મજબુત થડિયું ગોઠવાય જે 'મોભ' તરીકે ઓળખાય. મોભ મકાનનો સૌથી ઉંચો અને છાપરાનો સૌથી મજબૂત ભાગ હોવાથી કુટુંબની મુખ્ય વ્યક્તિ માટે 'મોભી' શબ્દ આવ્યો છે. મોભને સમાંતર બીજાં 'નાટ' તરીકે ઓળખાતાં થડિયાં ગોઠવાય. તેના ઉપર ૧ થી ૨ ઈંચની જાડાઈવાળી લાકડાની વળીઓ ખીલીઓથી ચોડી તેના ઉપર લાકડાની પાતળી સોટીઓ પાથરીને દોરીથી બાંધવામાં આવે. આ સોટીઓ ઉપર દેશી નળિયાં ગોઠવીને છાપરું તૈયાર થાય.

તે સમયે મકાનોનાં છાપરાં દેશી નળિયાંનાં જ બનાવતા. દેશી નળિયાં માટીમાંથી બનતાં હોવાથી ગરમી-ઠંડી સામે રક્ષણ પૂરું પાડતાં. ઉપરાંત તેની ગોઠવણી એવી રીતે થતી કે વરસાદનું પાણી ઘરમાં ન આવે પરંતુ હવાની અવરજવર થઇ શકે. આથી ઘરની અંદરની ગરમ હવા બહાર નીકળી જતી અને ઘર અંદરથી ઠંડુ રહેતું. વળી આ નળિયાં ગામનો કુંભાર જ બનાવતો, જેથી કિમતમાં સસ્તાં પડતાં અને ગામના કારીગરોને રોજી પણ મળી રહેતી. સમય જતાં વિલાયતી નળિયાં તરીકે ઓળખાતાં કારખાનામાં બનેલાં નળિયાં વપરાશમાં આવ્યાં, જેમાં પણ સ્થાનિક કારીગરને રોજી મળવા સિવાયના દેશી નળિયાંના અન્ય ફાયદા તો હતા જ.

પણ દેશી નળિયાંના છાપરામાં મુખ્ય તકલીફ એ હતી કે ગામડામાં વાંદરાઓ અવારનવાર આવી ચડતા અને છાપરાં ઉપર કૂદાકૂદ કરીને નળિયાં તોડી નાખતા. ઉપરાંત ભારે પવનથી કે અન્ય કોઈ કારણસર નળિયાં ખસી જાય તો તેવી જગ્યાએથી વરસાદનું પાણી ઘરમાં આવતું, જેને 'ચૂવા પડવા' એમ કહેવાતું. આથી દર વર્ષે નળિયાં નવેસરથી ગોઠવવાં પડતાં, જેને 'નળિયાં ચાળવાં' એમ કહેવાતું. આમ નળિયાંના છાપરામાં મેન્ટેનન્સ વધારે રહેતું.

આ રીતે બનતાં મકાનોમાં ઈંટ, રેફડી, છાપરા માટેનું લાકડું, નળિયાં વિગેરે (સિમેન્ટ સિવાયની બધી જ વસ્તુઓ) ગામમાંથી કે આસપાસના વિસ્તારમાંથી જ મળી રહેતી, જેથી મકાન બનાવવાનો ખર્ચ ઘણો ન આવતો અને કડિયા, સુથાર અને કુંભાર જેવાં સ્થાનિક કારીગરોને રોજી મળી રહેતી.

પરંતુ સમયની સાથે મકાનોના છાપરામાં અન્ય વિકલ્પો આવ્યા. પહેલાં ગેલ્વેનાઇઝડ પતરાં આવ્યાં, જે વાંદરાઓના ત્રાસ સામે મજબૂત અને મેન્ટેનન્સથી પણ મુક્ત હતાં, પરંતુ લોખંડ ઉષ્ણતાનું સુવાહક હોવાથી ઉનાળામાં જલ્દીથી ગરમ થઇ જતાં અને શિયાળામાં જલ્દીથી ઠંડાં થઇ જતાં. ઉપરાંત નળિયાંના છાપરા જેવી હવાની અવરજવર શક્ય ન હતી. આથી ઘરને વાતાવરણ સામે રક્ષણ આપવાને

બદલે વધારે પ્રતિકૂળ બનતાં. વળી એ જમાનામાં વીજળી હજુ આવી ન હતી, જેથી પંખા કે કુલર જેવાં ગરમી સામે રક્ષણ આપે તેવાં ઉપકરણો હતાં નહીં. આથી ગેલ્વેનાઈઝડ પતરાંનાં છાપરાં ખાસ લોકપ્રિય ન થયાં. તે પછી એસ્બેસ્ટોસનાં પતરાં આવ્યાં જે ગરમી-ઠંડી સામે રક્ષણ આપતાં હોવાથી વધારે ઉપયોગી નીવડયાં.

છેવટે વર્ષો પછી સિમેન્ટ સહેલાઈથી ઉપલબ્ધ થવા લાગ્યો, ત્યારથી કોંક્રીટનાં ધાબા બનવા લાગ્યાં, જે અન્ય વિકલ્પો કરતાં ઘણાં ટકાઉ અને મજબુત તથા મેન્ટેનન્સથી મુક્ત હતાં. ઉપરાંત આવાં ધાબાં ગેલ્વેનાઈઝડ પતરાં જેટલાં ગરમ ન થતાં હોવાથી અને ધાબા ઉપર બીજો માળ બનાવી શકાતો હોવાથી જલ્દીથી લોકપ્રિય બન્યાં. અલબત્ત કોંક્રીટનાં ધાબા નળિયાંના છાપરા જેવું વાતાવરણ સામે રક્ષણ આપી શકતાં નથી અને અન્ય તમામ વિકલ્પો કરતાં વધારે ખર્ચાળ છે. પરંતુ હવે પંખા અને કુલર જેવાં ઉપકરણો દરેક ગામમાં આવી ગયાં છે જેથી ગરમી સામે રક્ષણ મેળવી શકાય છે. ઉપરાંત લોકોની આવક અને ખરીદશક્તિ પણ વધી છે, જેથી કોંક્રીટનાં ધાબાનો ઉપયોગ એકમાત્ર વિકલ્પ તરીકે થવા લાગ્યો છે.

મકાનોના ભોંયતળિયાની વાત કરીએ તો તે વખતે છાણ અને માટીના મિશ્રણમાંથી ભોંયતળિયું બનાવવામાં આવતું. ગામમાં ઢોરઢાંખર ઘણાં હોવાથી છાણ જોઈતા પ્રમાણમાં મળી રહેતું. તેમાં માટી ભેળવીને જમીન પર એકસરખું પાથરીને તેના પર હળવેથી પગ દબાવવાથી તે જમીન સાથે ચોટી જતું અને સુકાયા પછી એક મજબૂત પડ બની જતું. આ પ્રક્રિયાને 'ભગરોળા કરવા' એમ કહેવાય. આ રીતે બનાવેલું ભોંયતળિયું શિયાળામાં વધુ ઠંડુ ન થાય અને ઉનાળામાં વધુ ગરમ ન થાય. ઉપરાંત કિમતમાં લગભગ મફતમાં જ તૈયાર થાય, ફક્ત છાણ અને માટી એકઠું કરવાનો અને ભગરોળા કરવાનો શ્રમ કરવો પડે. જોકે આવું ભોંયતળિયું જલ્દીથી ઘસાઈ જતું હોવાથી બે કે ત્રણ વર્ષે ફરીથી બનાવવું પડે. જેથી મેન્ટેનન્સની માથાકૂટથી કંટાળીને અને સમયની સાથે નવા સારા વિકલ્પો મળતાં લોકો સિમેન્ટ પ્લાસ્ટર, મોઝેક ટાઈલ્સ અને કોટાસ્ટોનનાં ભોંયતળિયાં બનાવવા તરફ વળ્યા.

ગામના ગરીબવર્ગને તો ઉપર વર્ણન કર્યું છે તેવાં સસ્તાં મકાન પણ પોસાય તેમ ન હતાં, જેથી તેઓ ઝૂંપડું બાંધીને રહેતાં. ઝૂંપડું બનાવવા માટીની વર્તુળાકાર દીવાલ બનાવીને તેના પર લાકડાની વળીઓ અને ઘાસનું બનેલું છાપરું લગાવવામાં આવતું. દરવાજા તરીકે લાકડું તથા ઘાસનો બનાવેલો ઝાંપો લગાવતો. આવાં ઝૂંપડાં બનાવવાનો બધો માલસામાન, એટલેકે માટી, લાકડું, ઘાસ વિગેરે વગડામાંથી જોઈએ

તેટલાં મળી રહે છે, જેથી જાતમહેનત કરે તો કંઈપણ ખર્ચ વગર આવાં ઝૂંપડાં બનાવી શકાય છે. તદુપરાંત તે પર્યાવરણમિત્ર (ઈકોફ્રેન્ડલી) છે અને વિષમ વાતાવરણ સામે સારુંએવું રક્ષણ પૂરું પાડી શકે છે. થોડાંઅંશે આ ઝૂંપડાંની રચના કચ્છના પ્રખ્યાત 'ભૂંગા'ને મળતી આવે છે.

છેલ્લાં થોડાં વર્ષોથી તમે લોકોને ફરિયાદ કરતા સાંભળ્યા હશે કે હવે ગરમી ઘણી પડે છે; ગરમી દર વર્ષે વધતી જાય છે; આપણા ગુજરાતમાં તો ૧૨ માંથી ૧૦ મહિના ઉનાળાની ઋતુ ચાલતી હોય તેવું લાગે છે વિગેરે વિગેરે. વૈજ્ઞાનિકો આને ગ્લોબલ વોર્મિંગની અસર ગણાવે છે, જે માનવી દ્વારા કરાયેલા પર્યાવરણના ઘોર વિનાશનું પરિણામ છે. મને લાગે છે કે હવે આપણને ગરમી વધારે લાગે છે તે માટે ગ્લોબલ વોર્મિંગ ઉપરાંત આપણી જીવનશૈલીમાં થયેલ બદલાવ, જે આપણને કુદરતથી દુર લઇ ગયેલ છે તે પણ કારણભૂત છે.

એક તો માટીની જાડી દિવાલો, છાણનું ભોંયતળિયું અને નળિયાંના છાપરામાં બનતાં પરંપરાગત મકાનોમાં ગરમી સામે જે રક્ષણ મળતું, તે સિમેન્ટ-કોંક્રીટનાં આધુનિક મકાનોમાં મળતું નથી. પરંપરાગત મકાનોમાં પંખા વગર લોકો આરામથી રહી શકતા હતા, જ્યારે આજનાં આધુનિક મકાનોમાં પંખા સાથે પણ ગરમીથી ત્રાસી જાય છે. આથી કુલર અને એસી નો ઉપયોગ વધ્યો છે, જે વીજળીના વધુ વપરાશમાં પરિણમ્યો છે. વધુ વીજળી ઉત્પાદન કરવા માટે પાછો પર્યાવરણનો ભોગ લેવાય છે. આમ એક વિષચક્ર ચાલે છે. ઉપરાંત એસી મશીન રૂમની અંદર ઠંડક પહોંચાડે છે, પણ બહાર તો ગરમી જ ફેંકે છે. એટલે ઘર, ઓફીસ કે વાહનમાં એસીનો જેટલો વપરાશ વધે, તેટલી વધુ ગરમી તેમના દ્વારા વાતાવરણમાં ફેંકાય. આ પ્રમાણે અન્ય દરેક યંત્ર, મશીન કે વાહન ચાલુ હોય ત્યારે તે ગરમ થાય છે અને તે ગરમી વાતાવરણમાં ભળે છે. આથી ભારે યંત્રો ચાલતાં હોય તેવા અને ઘણાં વાહનો ચાલતાં હોય તેવા વિસ્તારો વધારે ગરમ થાય છે.

બીજું વિકાસના નામે ડામરના રસ્તા બનાવવા આપણે વૃક્ષોનું નિકંદન કાઢયું છે, જેથી વૃક્ષોથી મળતી ઠંડક ગુમાવી છે અને પાકા રસ્તા જલ્દી ગરમ થઇ આપણને વધારે તપાવે છે. પાકા રસ્તાઓને લીધે વરસાદી પાણી જમીનમાં ઉતરી શકતું નથી, જેથી ભૂતળનાં પાણી ઊંડાં જાય છે. ઉપરાંત વરસાદી પાણીના વહેણનો ખ્યાલ રાખ્યા સિવાય આડેધડ બનાવેલા પાકા રસ્તાઓને લીધે કુદરતી તળાવોમાં વરસાદી પાણી આવતું રોકાઈ જાય છે, જેથી કેટલાંય તળાવો સુકાઈ ગયાં છે. બચી ગયેલાં તળાવોને

આપણે મકાનો બનાવવા માટે પૂરી દીધાં છે. આમ તળાવોને લીધે મળતી ઠંડક આપણે ગુમાવી છે.

અંતમાં, આધુનિકતાને નામે આપણે બહુમાળી મકાનો અપનાવ્યાં છે, પરંતુ આવાં મકાનો બનાવવામાં કુદરતી હવાઉજાશના નિયમો ધ્યાનમાં લેવામાં આવતા નથી. આપણા દેશમાં ઉનાળામાં નૈઋત્ય (સાઉથ વેસ્ટ) દિશા તરફથી પવન આવે છે અને શિયાળામાં ઈશાન (નોર્થ ઈસ્ટ) દિશા તરફથી પવન આવે છે. આ દિશાઓનું ધ્યાન રાખીને મકાનની ડીઝાઈન એવી રીતે બનાવવી જોઈએ કે મકાનમાં ઉનાળામાં ગરમી ઓછી લાગે અને શિયાળામાં ઠંડી ઓછી લાગે. પરંતુ બિલ્ડર્સ આ નિયમો ધ્યાનમાં રાખ્યા સિવાય જે તે જગ્યામાં વધુમાં વધુ મકાન બને તેવી રીતે ફ્લેટ્સ બનાવે છે, જેથી આવાં મકાનો ગરમી સામે યોગ્ય રક્ષણ આપી શકતાં નથી.

સિમેન્ટ કોંક્રીટનાં મકાનો ભલે ગરમી સામે માટીનાં મકાનો જેટલું રક્ષણ ન આપતાં હોય, બીજા દેખીતા ફાયદાઓને લીધે તે હવે અનિવાર્ય પસંદગી છે. તેથી ગરમીની અસર ઘટાડવા આપણે અન્ય ઉપાયો કરવા જોઈએ. જેમકે દીવાલોના ચણતરમાં સાદી ઈંટ કે સિમેન્ટના સાદા બ્લોકસને બદલે વચ્ચેથી પોલા સિમેન્ટના બ્લોકસ વાપરવામાં આવે તો દીવાલની વચ્ચે હવાનું પડ રહે, જે દીવાલોને વધુ ગરમ થતી અટકાવે; ભોંયતળિયા માટે વિટ્રીફાઈડ કે સિરેમિક ટાઈલ્સના આકર્ષક દેખાવ અને રંગનો મોહ છોડીને આરસપહાણ (માર્બલ), સેન્ડસ્ટોન કે કોટાસ્ટોન જેવા કુદરતી પથ્થર વાપરવામાં આવે; મકાનની ડિઝાઈન બનાવતી વખતે હવાની કુદરતી અવરજવરની દિશાઓનું ધ્યાન રાખવામાં આવે અને દરેક રૂમને પુરતું વેન્ટીલેશન મળે તેવી વ્યવસ્થા કરવામાં આવે; દિવાલો ઉપર વનસ્પતિના વેલા ચડાવવામાં આવે; ધાબા ઉપર ટેરેસ ગાર્ડન તથા બાલ્કની અને ખુલ્લી જગ્યાઓમાં શક્ય એટલાં વધુ છોડ કે ઘાસ (લોન) ઉગાડવામાં આવે અને મકાનની આજુબાજુ ઊંચાં વૃક્ષો ઉગાડવામાં આવે તો ગરમી સામે ઘણું રક્ષણ મળી શકે છે.

આ ઉપરાંત લોકો અને સરકાર સાથે મળીને વરસાદનું પાણી જમીનમાં ઉતારવાના અને કુદરતી તળાવો તથા કૂવાઓ તરફ વાળવાના, પાણીના બોર રિચાર્જ કરવાના અને નવાં તળાવો તથા ચેકડેમ બનાવવાના પ્રામાણિક પ્રયત્નો કરે; લોકો મકાનોમાં તેમજ ખુલ્લી જગ્યાઓમાં વરસાદી પાણીના સંચયની (રેઈન વોટર હાર્વેસ્ટિંગ) યોગ્ય વ્યવસ્થા કરે અને તેનો ઉપયોગ તે વિસ્તારમાં ઊંચાં વૃક્ષો ઉગાડવામાં અને ખુલ્લી જગ્યાઓમાં અન્ય લીલોતરી કે ઘાસ (લોન) ઉગાડવામાં કરે;

નાનાં અંતર માટે કાર અને બાઈકને બદલે સાઇકલનો ઉપયોગ કરવામાં આવે; ખાનગી વાહનોને બદલે બસ અને ટ્રેન જેવાં પબ્લીક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવામાં આવે; અને પ્લાસ્ટીક, પેટ્રોલ, કાગળ, વીજળી વિગેરેનો ઉપયોગ સમજદારીથી કરી પ્રદૂષણ વધતું અટકાવવામાં આવે તો ગરમી વધતી અટકાવી શકાશે.

વરસાદી પાણીના સંચયની જે વાત લખી છે તે કોઈને પ્રેક્ટિકલ ન લાગે તો એક સત્ય હકીકત રજૂ કરું છું. તા ૧૨-૦૪-૨૦૧૪ના ગુજરાત સમાચાર મુજબ રાજકોટ જીલ્લાના જામકંડોરણા તાલુકાના બોરિયા ગામમાં દરેક ઘરમાં વરસાદી પાણીના સંચય માટે પાણીના ટાંકા બનાવવામાં આવ્યા છે. મકાનની જગ્યા અને કુટુંબના સભ્યસંખ્યા પ્રમાણે ૧૦૦૦૦ થી ૪૦૦૦૦ લીટર સુધીની ક્ષમતાનાં ૫૫૦ ટાંકા હાલ બનેલા છે અને દરેક નવા મકાનમાં આવો ટાંકો બનાવવો ફરજીયાત છે. ગામલોકો આ પાણીનો પીવા માટે ઉપયોગ કરે છે. મીનરલ વોટરની સમકક્ષ આ પાણીનો ખર્ચ લીટરે ૧૦ પૈસા જેટલો નીચો આવે છે અને તેનો ઉપયોગ શરુ કર્યા પછી લોકોને પથરી જેવા રોગોની તકલીફ અગાઉ થતી હતી તે નાબૂદ થઇ છે. ગામની સીમમાં ૧૪૦ જેટલા ચેકડેમ પણ બનાવવામાં આવ્યા છે, જેનાથી ભૂતળનાં પાણી જે ૬૦૦ ફૂટ જેટલાં ઊંડાં હતાં ત્યાં હવે ૧૦૦ ફૂટે પાણી મળે છે. આથી ખેતી માટે પાણીનો ખર્ચ ઘટ્યો છે, સાથે સાથે ખેતઉત્પાદનમાં પણ સારોએવો વધારો થયો છે. આવી રીતે દરેક ગામ થોડો પ્રયત્ન કરે તો પાણીની બાબતમાં સ્વાવલંબી બની શકે છે.

એક બીજું ઉદાહરણ. તા. ૦૨-૦૬-૨૦૧૪ના ટાઈમ્સ ઓફ ઇન્ડિયામાં છપાયેલ એક રિસર્ચ રિપોર્ટની વિગત મુજબ બેંગલોર શહેરની એક કરોડની વસ્તીને વ્યક્તિદીઠ રોજના ૧૬૦ લીટર લેખે વાર્ષિક ૫૮૪ કિલો મીલીયન લીટર પાણીની જરૂરિયાત છે. તેની સામે બેંગલોરના તમામ મકાનોનો છતનો વિસ્તાર અંદાજે ૨૧૦ મીલીયન ચો.મી. છે. જો આ બધાં જ મકાનોનું વરસાદી પાણી એકઠું કરવામાં આવે, તો બેંગલોરના સરેરાશ વાર્ષિક વરસાદ ૧૦૦૦ મીમી પ્રમાણે કુલ ૨૧૦ કિલો મીલીયન લીટર વરસાદી પાણી મળે, જે બેંગલોરની વાર્ષિક જરૂરિયાતના ૩૫% જેટલું છે. આમ વરસાદી પાણીના સંચયની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તો અત્યારે દરેક શહેરમાં પાણી પુરવઠા માટે કરોડો રૂપીયા ખર્ચાય છે તેને બદલે ઓછા ખર્ચે વધારે ચોખ્ખું પાણી મેળવી શકાય અને પર્યાવરણને બહુ મોટો ફાયદો થાય તે નફામાં.

ગામડાનાં પરંપરાગત મકાનોની બાંધણીની ઉપયોગીતા, ફાયદાઓ અને

નબળી બાજુઓની આપણે ચર્ચા કરી, તો હવે તેની ખામીઓની પણ ચર્ચા કરવી જરૂરી છે. મારી દ્રષ્ટિએ પારંપારિક મકાનોની ડિઝાઈનની સૌથી મોટી ખામી એ બાથરૂમ અને જાજરૂ (શૌચાલય)ની સગવડનો અભાવ ગણાય. નવાઈ કહો કે દુઃખની વાત ગણો, પરંતુ સત્ય હકીકત એ છે કે તે વખતે પૂરા માડકા ગામના કોઈપણ ઘરમાં બાથરૂમ કે શૌચાલય ન હતાં. પુરુષવર્ગ તો ઘરની કે કૂવા-તળાવ પાસેની ખુલ્લી જગ્યામાં ન્હાઈ લે અને શૌચ માટે ગામની ભાગોળે જાય. પણ ખરી તકલીફ સ્ત્રી વર્ગને પડે છે. તેમણે ઘરમાં ખાટલાની આડશ લઈને ન્હાવા માટે બેસવું પડે અથવા તળાવ જેવી ખુલ્લી જગ્યામાં પૂરાં કપડાં પહેરીને ન્હાવું પડે. આનાથી શરીરનાં અંગોની સરખી સફાઈ ન થવાથી ચામડીના અને અસ્વચ્છતાથી થતા અનેક રોગો થાય અને માનસિક ક્ષોભ અને શરમ તો વધારામાં. સ્ત્રી વર્ગને શૌચ માટે તો એથી પણ મોટી તકલીફ. ઘરમાં કે આજુબાજુ મોટા વાડાની સગવડ ન હોય તેમણે ગામની ભાગોળે જવું પડે. માનસિક ક્ષોભ અને શરમને લીધે વહેલી સવારે કે સાંજે અંધારું હોય તેવો સમય પસંદ કરવો પડે, એટલે કુતરું કે એરુઝાંઝરું કરડવાનો તથા સુરક્ષાનો પણ પ્રશ્ન રહે. ઉપરાંત કુદરતી હાજતો રોકવાથી થતી શારીરિક તકલીફોનો ભોગ પણ બનવું પડે. પરંતુ આપણા પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીઓના દૃષ્ટિકોણથી કોઈ વિચારતું નથી, તેથી આ પ્રાણપ્રશ્નની હજુ સુધી ઉપેક્ષા થઇ રહી છે.

તે જમાનામાં જગ્યા અને સમય બંનેની છૂટ ઘણી હતી અને માળવાળાં ઊંચાં મકાનો ખાસ હતાં નહીં, તેથી સ્ત્રીઓની મર્યાદા થોડાઘણા અંશે જળવાઈ જતી હતી. વળી પાણી પણ માથે ઊંચકીને લાવવું પડતું હોવાથી અને શૌચાલયમાં વધારે પાણીની જરૂર પડતી હોવાથી શૌચાલયનો ઉપયોગ તે વખતે કદાચ વ્યવહારુ નહોતો. એટલે એ વખતના સમય મુજબ આ સગવડના અભાવને કદાચ ક્ષમ્ય ગણી લઈએ, પરંતુ દુઃખ તો એ વાતનું છે કે પચાસ વર્ષ પછી આજે પણ આ પરિસ્થિતિમાં ખાસ ફેર પડ્યો નથી.

જુન ૨૦૧૪માં ઉત્તરપ્રદેશના બદાયું ગામમાં બળાત્કાર અને હત્યાનો જઘન્ય અપરાધ થયો, તેમાં બહાર આવ્યું છે કે ગામની બે દીકરીઓ શૌચ માટે રાત્રે વગડામાં ગઈ હતી, ત્યારે તેમની સાથે આ કૃત્ય થયું હતું. આમ ઘરમાં કે ગામમાં શૌચાલયની સગવડના અભાવે આ બનાવ બન્યો હતો અને આવા બીજા ઘણા કિસ્સા પણ પ્રકાશમાં આવ્યા છે. ટાઈમ્સ ઓફ ઇન્ડિયાના તાજેતરના અહેવાલ પ્રમાણે ૨૦૧૧ની વસ્તીગણતરી મુજબ ભારતનાં ગામડાઓમાં સરેરાશ ૬૯.૩% ઘરોમાં શૌચાલયની

સગવડ નથી. રાજ્યોની સૂચી પ્રમાણે જોઈએ તો ઝારખંડ ૯૨% સાથે આ બ્લેકલિસ્ટમાં સર્વ પ્રથમ છે. તે પછી ઓરિસ્સા, છત્તીસગઢ, બિહાર, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ ૮૦%થી વધારે અભાવવાળાં રાજ્ય છે. પ્રગતિશીલ ગણાતું આપણું ગુજરાત રાજ્ય પણ ૬૭% સાથે આ બ્લેકલિસ્ટમાં સાતમા સ્થાને છે, અર્થાત ગુજરાતનાં ગામડાંઓનાં ૬૭% ઘરોમાં શૌચાલયની સગવડ નથી. આ બાબતમાં શહેરોની પરિસ્થિતિ પણ કંઈ ઉત્સાહપ્રેરક નથી, કારણકે શહેરોમાં ૫૩% ઘરોમાં શૌચાલયની સગવડ નથી. આ બાબતમાં વધુ વિગત રજૂ કરું તો તા. ૦૬-૦૮-૨૦૧૪ના ગુજરાત સમાચારના અહેવાલ પ્રમાણે ગુજરાત સરકારના સત્તાવાર આંકડા મુજબ તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ ગુજરાતમાં ૩૧.૩૧ લાખ ઘરોમાં શૌચાલયની સગવડ નથી. જીલ્લા મુજબ પરિસ્થિતિ જોઈએ તો બનાસકાંઠા જીલ્લો ૩.૫૩ લાખ આવાં સગવડવિહોણાં ઘર સાથે બ્લેકલિસ્ટમાં સર્વ પ્રથમ છે. અમારો બનાસકાંઠા જીલ્લો પછાત કેમ ગણાય છે તેનું આ એક વધુ પ્રમાણ.

થોડાં ઊંડા ઉતરીને આ પરિસ્થિતિ માટે જવાબદાર પરિબળો જોઈએ. મારી દૃષ્ટિએ જાજરૂની સગવડના અભાવ માટે સૌથી મોટું પરિબળ આપણી જડ વિચારસરણી છે. શૌચક્રિયા જેવું ગંદુ(?) કાર્ય ઘરમાં ન થાય તેવી આપણા લોકોની પહેલેથી પ્રબળ માન્યતા, તેથી તેના માટે ઘરથી બને એટલું દૂર જવું, પછી એ જગ્યા બીજા કોઈના ઘર પાસે હોય તો એનો વાંધો નહીં ! જયારે ઘરથી દૂર જવું શક્ય ન બન્યું અને ફરજિયાતપણે શૌચાલય ઘરમાં બનાવવાં પડ્યાં, ત્યારે ઘરના સૌથી દૂરના છેડા ઉપર અથવા ઘરની બહાર શેરીમાં પડે તેમ શૌચાલય બનાવ્યાં. છેવટે ફ્લેટ કલ્ચર પ્રચલિત થયા પછી આધુનિક મકાનોમાં શૌચાલય રહેઠાણની અંદરનો ભાગ બન્યાં. હવે તો અલગ શૌચાલયનો કન્સેપ્ટ જ નીકળી ગયો છે અને વોશબેઝિન, બાથ અને શૌચાલય એમ ત્રણે સગવડ એક સાથે ધરાવતા આધુનિક બાથરૂમ રસોડાની બાજુમાં હોય તો પણ સ્વીકાર્ય બન્યા છે. પરંતુ ગામડામાં હજુ જૂની વિચારસરણીમાં ખાસ ફરક પડ્યો નથી.

શૌચાલયની સગવડ ન હોવા માટે વિચારસરણી પછી બીજું અગત્યનું પરિબળ પાણીનો અભાવ છે. પુરતું પાણી મળતું ન હોય તો શૌચાલયની સગવડ ધરાવતા હોય તેઓ પણ તેનો ઉપયોગ ન કરી શકે. પરંતુ આ પ્રશ્નનો સરળ ઉકેલ પણ હવે મળ્યો છે. એસ ટી પી (સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) ના ઉપયોગ વડે ન્હાવા-ધોવાના અને રસોડાની ગટરનાં પાણીને સામાન્ય ટ્રીટમેન્ટ આપીને શૌચાલયમાં

વાપરવા લાયક બનાવી શકાય છે. તાજેતરમાં મારે બેંગ્લોર જવાનું થયું ત્યારે ત્યાં જોવા મળ્યું કે ત્યાં દરેક કોમ્પલેક્ષમાં અને મોટાં મકાનોમાં એસ ટી પી લગાડવામાં આવે છે. એના માટે જાજરૂની ફ્લશટેંક માટે પાણીની તેમજ ગટરની અલગ પાઈપલાઈનો લગાડવી જરૂરી છે. બાથરૂમ અને રસોડાની ગટરનું પાણી પાઈપલાઈન મારફત એસ ટી પી માં જાય, ત્યાં સાદી પ્રક્રિયા વડે ઘન કચરો અને સાબુ જેવાં કેમિકલ દૂર કરી શુદ્ધ થયેલું પાણી અલગ પાઈપલાઈન મારફત જાજરૂની ફ્લશટેંકમાં જાય અને ફક્ત જાજરૂની ગટરનું પાણી મ્યુનિસિપલ ગટરમાં નિકાલ માટે જાય. આમ બાથરૂમ અને રસોડાની ગટરનું પાણી ફરી ઉપયોગમાં લઇ શકવાથી પાણીની ઘણી બચત થઇ શકે છે. વળી ટ્રીટ થયેલું પાણી શૌચાલય ઉપરાંત બગીચામાં પણ વાપરી શકાય છે. દેખીતી રીતે એસ ટી પી પાણીની બચત તો કરે જ છે અને સાથેસાથે ગટરમાં વહી જતા પાણીને રિયુઝ કરી ગટરના પાણીનો જથ્થો પણ ઘટાડે છે. મને લાગે છે કે જેમ સૂર્યકુકર અને સૂર્યહીટર જેવાં ઉર્જા બચાવતાં ઉપકરણો બેસાડવામાં સરકારી સબસીડી મળે છે, તે જ રીતે એસ ટી પી માટે પણ સબસીડી આપીને તેને લોકપ્રિય બનાવી શકાય છે. ઉપરાંત એસ ટી પી લગાડે તે નાગરિકોને પાણીના ટેક્ષમાં રાહતનું પ્રોત્સાહન આપી શકાય છે. વળી નવાં બનતાં દરેક મકાનોમાં એસ ટી પી ફરજીયાત બનાવી શકાય. પાણીની જેટલી બચત થશે, તેટલો મ્યુનીસીપાલીટીનો પાણી પૂરું પાડવાનો ખર્ચ અને ગટરના પાણીના નિકાલનો ખર્ચ પણ ઘટશે અને પર્યાવરણને ફાયદો થશે તે વધારામાં.

ત્રીજું પરિબળ છે શૌચાલય બનાવવા માટે પૈસાનો અભાવ. આપણા દેશમાં ૬૦%થી વધારે પ્રજા ગરીબી રેખાની નીચે જીવે છે, જેઓ શૌચાલય બનાવવા માટે આર્થિક રીતે સક્ષમ નથી. આવા વર્ગ માટે પૂરતા પ્રમાણમાં કોમ્યુનીટી શૌચાલયની સગવડ ઉભી કરવી જોઈએ અને તેની ચોખ્ખાઈ અને સંભાળ માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

પરંતુ સૌથી અગત્યની જરૂર છે આ બાબતમાં લોકોમાં જાગૃતિ લાવવાની. કારણકે આપણા સભ્ય સમાજને તો શૌચક્રિયા જેવો શબ્દ સાંભળતાં કે વાંચતાં જ નાકનાં ફોયણાં ફૂલી જાય છે ! કદાચ કેટલાક વાચકોને પણ એવું લાગતું હશે કે આ લેખક આવા વિષય પર હવે કેટલું પીંજણ કરશે? પરંતુ આપણે વ્યક્તિગત રીતે તેમજ સામાજીક રીતે અનિવાર્ય એવી શૌચાલયની મૂળભૂત જરૂરિયાતને ઘૃણાજનક ગણીને ઉપેક્ષા ના જ કરી શકીએ.

શ્રી જયરામ રમેશ અને શ્રી નરેન્દ્ર મોદી જેવા સમજદાર રાજકીય નેતાઓને શૌચાલયની જરૂરિયાત અને અગત્ય સમજાઈ ગઈ હતી, પરતું તેમણે શૌચાલયની જરૂરિયાતને દેવાલયની જરૂરિયાત સાથે સાંકળીને બિનજરૂરી વિવાદ ઉભો કર્યો અને એમાં મૂળ મુદ્દો બાજુમાં રહી ગયો. પરંતુ તાજેતરમાં (ઓગસ્ટ ૨૦૧૪) આપણા ગુજરાતના નવા મુખ્યપ્રધાન આનંદીબેને આ મુદ્દે અગત્યની જાહેરાત કરી છે કે જે વ્યક્તિના ઘરમાં શૌચાલયની સગવડ નહીં હોય, તે વ્યક્તિ પંચાયતથી પાર્લામેન્ટ સુધીની કોઈપણ ચુંટણી લડી નહીં શકે. ઉપરાંત સ્વતંત્રતા દિવસે લાલકિલ્લા પરથી આપણા લાડીલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દેશમાં શૌચાલયની સગવડ વધારવા અંગે અગત્યની જાહેરાતો કરી છે. આમ રાજકીય ક્ષેત્રે શૌચાલયની જરૂરિયાતને અગત્ય આપવાની શરૂઆત તો થઇ ગઈ છે, જે ધન્યવાદને પાત્ર છે.

સામાજીક દ્રષ્ટીએ જોઈએ તો હાલમાં રેડીયો અને ટીવી ઉપર શૌચાલયની અગત્ય સમજાવતી કેટલીક જાહેરખબરો જોવા મળે છે, જેમાં નવી વહુને શૌચક્રિયા માટે ખુલ્લી જગ્યામાં જવું પડે તો પછી ઘૂમટાથી ચહેરો ઢાંકવાનો શું મતલબ, તેવો સંદેશ વિદ્યાબાલન જેવી લોકપ્રિય અભિનેત્રી દ્વારા આપીને શૌચાલયની અગત્ય અસરકારક રીતે સમજાવી છે. હવે સામાજીક અને ધાર્મિક નેતાઓ અને સંસ્થાઓએ આ મુદ્દો આગળ ધપાવવાની જરૂર છે. અત્યારે આપણો દેશ વિકાસશીલ દેશોની હરોળમાં બેસવા થનગની રહ્યો છે, ત્યારે લોકોના સ્વાસ્થ્યની રક્ષા માટે, સ્વચ્છતા જાળવવા માટે, સ્ત્રીઓની મર્યાદા સાચવવા માટે અને આ મુદ્દે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખરડાયેલી દેશની છબી સુધારવા માટે, દરેક નાગરિકને શૌચાલય (ખાનગી અથવા જાહેર)ની સગવડતા મળે એવી વ્યવસ્થા વહેલામાં વહેલી તકે ગોઠવાવી જોઈએ.

## પંચામૃત

પૃથ્વીના એક ભાગમાં જમીન અને ત્રણ ભાગમાં પાણી છે. પૃથ્વી ઉપર પાણીનો આટલો વિશાળ જથ્થો હોવા છતાં જીવસૃષ્ટિ માટે પીવાનું પાણી કુલ પાણીના જથ્થાના ૩%થી પણ ઓછું છે, કારણકે ૯૭.૨% પાણી સમુદ્રોમાં ખારા પાણી રૂપે છે અને ૨.૧૪% પાણી ધ્રુવપ્રદેશોમાં બરફ સ્વરૂપે કેદ છે.

# ૫. લોકજીવન

છેલ્લાં પચાસ વર્ષના ટૂંકા ગાળામાં ગામડાના લોકોની રહેણીકરણી, સાધનસગવડ અને સુખાકારીમાં એટલો બધો સુધારો થયો છે કે આજની મોબીઝન અને નેટીઝન પેઢીને (સિટીમાં રહેનાર સિટીઝન, તે રીતે આખો દિવસ મોબાઈલ ઉપર રહેતા લોકો માટે મેં શબ્દ વિચાર્યો મોબીઝન અને તેજ રીતે નેટ પર રહેનાર લોકો નેટીઝન) કદાચ કલ્પના પણ નહિ આવે કે તે વખતે ગામડાના લોકોને વીજળી, પાણીના નળ, અનાજ દળવાની ઘંટી અને રસોઈગેસ જેવી આજે મૂળભૂત જરૂરિયાત જેવી લાગતી ચીજો પણ નસીબમાં ન હતી ! જયારે આખા ગામમાં એક પણ સાઇકલ ન હતી ત્યારે સ્કૂટર અને બાઈક, ટ્રેકટર અને ટ્રેલર, મોબાઈલ અને ટેલીફોન, રેડીયો અને ટીવી વિગેરેની તો વાત જ શાની કરવાની. તો તેવા સમયમાં ગામડાનું લોકજીવન કેવું હતું તે હવે જોઈએ.

માણસને જીવવા માટે સૌથી પહેલાં જરૂર પડે હવાની, તે પછી પાણીની અને તે પછી ખોરાકની. કુદરતની મહેરબાનીથી દુનિયાના દરેક જીવોને હજુ સુધી તો હવા એટલેકે ઓક્સિજન જોઈએ તેટલો મળી રહે છે. ભવિષ્યમાં એ રીતે મળશે કે નહીં તેનો આધાર ભવિષ્યમાં આપણે પર્યાવરણની કેવી સંભાળ રાખીએ છીએ તેના પર હશે.

પાણીની વાત કરું તો વાવ તાલુકાનાં અન્ય ગામડાં કરતાં માડકા નસીબદાર હતું, કારણકે પીવાનું મીઠું પાણી ગામની નજીક જ તળાવની બાજુમાં આવેલ કૂવામાં બારે માસ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હતું. જો કે પાણી કૂવામાંથી સીંચીને ભરવું પડતું અને પછી માથા પર ઊંચકીને ઘેર લાવવું પડતું. ગામની સ્ત્રીઓ બે ઘડા લઈને પાણી લેવા જાય જેને ‘‘પાણી ભરવા જવું’’ અથવા ‘‘બેડું (બે ઘડા માટે) ભરવા જવું’’ એમ કહેવાય. તે સમયે પાણી લાવવા અને સંગ્રહ કરવા પિત્તળનાં વાસણ વપરાતાં, કારણકે સ્ટીલ અને પ્લાસ્ટિકનો વપરાશ હજુ ચાલુ થયો નહોતો. દોઢ થી બે ડોલ પાણી સમાય તેવું મોટું વાસણ ‘‘દેગડું’’, એક ડોલ પાણી સમાય તેવું મધ્યમ કદનું વાસણ ‘‘ગુણિયો’’ અને અડધી ડોલ પાણી સમાય તેવું નાનું વાસણ ‘‘વટલોઈ’’ કહેવાય. સ્ત્રીઓ પોતપોતાની શક્તિ મુજબ આવાં બે વાસણની સાથે પતરાની ડોલ અને રાંઢવું (સુતરનું જાડું દોરડું) લઈને કૂવે જતી અને ૧૫ થી ૨૦ ફૂટ ઊંડા કૂવામાંથી

ડોલની મદદથી પાણી બહાર કાઢતી, જેને પાણી સીંચવું એમ કહેવાય. કૂવાની ફરતે બે-ત્રણ ફૂટ ઉંચી અને માંડ એક ફૂટની પહોળાઈવાળી વંડી જેવી દીવાલ ઉપર ઊભા રહીને કૂવામાંથી પાણી સિંચતી પનિહારીઓ મને હમેશાં બહાદુર લાગી છે, કારણકે આવા ઊંડા કૂવાની વંડી ઉપર ખાલી ઉભા રહેવાથી પણ કૂવામાં પડી જવાશે તેવી બીક લાગતી હોય છે. તે જ રીતે માથા પર ઈંઢોણી મૂકીને તેના પર પાણી ભરેલા બે ઘડા ઉપરાંત ક્યારેક કાખમાં પાણી ભરેલું ત્રીજું વાસણ કે નાનું છોકરું તેડીને આસાનીથી સખીઓ સાથે ગપસપ કરતી ચાલી જતી પનિહારીઓ એ ગામડામાં જોવા મળતું સામાન્ય દ્રશ્ય હતું. છુટ્ટા હાથે માથે આટલું વજન લઈને ચાલવું એ કેટલું કુશળતા માગી લે એવું કાર્ય છે, તે તો તમે આવો પ્રયત્ન કરો ત્યારે જ ખ્યાલ આવે. આવી કુશળતા પ્રાપ્ત થાય એટલા માટે છોકરીઓને છ-સાત વર્ષની હોય ત્યારથી જ માતાઓ તેમને માથે નાનાં વાસણ મુકાવી પાણી ભરવા સાથે લઇ જઈ પ્રેક્ટિસ કરાવતી.

અત્યારે મોટેભાગે દરેક ઘરમાં પાણીના નળ આવી ગયા છે તથા પાણીની મોટરની સગવડ પણ હોવાથી ધાબા ઉપર પાણીની ટાંકી મૂકી ઘરમાં ચોવીસ કલાક પાણી મળે તેવી વ્યવસ્થા ઘણી જગ્યાએ થઇ ગઈ છે. પાણીનું કનેક્શન ન લઇ શકે તેવા ગરીબ વર્ગ માટે પણ જાહેર નળની વ્યવસ્થા નજીકની જગ્યાએ હોય છે. જેથી સ્ત્રીઓને પાણી ભરવા જવાના શારીરિક શ્રમમાં ઘણી રાહત થઇ છે, જે એક આનંદદાયક સુધારો ગણી શકાય.

પાણી પછીની જરૂરિયાત ખોરાક, જે તૈયાર કરવા માટે બે અગત્યની ચીજો છે બળતણ અને લોટ. આ બંને મેળવવા માટે પણ તે વખતે સ્ત્રીઓએ ઘણો શારીરિક શ્રમ કરવો પડતો હતો. રસોઈનો ગેસ (એલ પી જી) તે વખતે મોટા શહેરમાં પણ ઘણી મુશ્કેલીથી મળતો એટલે ગામડામાં તો તેનો સવાલ જ ન હતો. કેરોસીન પણ છૂટથી ઉપલબ્ધ ન હતું, વળી તે મોંઘુ બળતણ ગણાતું. તેથી રસોઈ માટે લાકડાં અને છાણાંનો ઉપયોગ થતો જે સહેલાઈથી મળતું સસ્તું બળતણ હતું. સ્ત્રીઓ માથે વાંસનો ટોપલો લઈને સીમમાં લાકડાં વીણવા જતી, જેને ''જાળું કરવા જવું'' તેમ કહેવાય. ઉપરાંત ગામનું ખાંડું (ગાય-ભેંશ જેવાં પશુઓનું ટોળું) જ્યાં ચરતું હોય ત્યાંથી છાણ અને અડીયાં છાણાં એકઠાં કરતી. છાણમાં સૂકું ઘાસ ભેળવીને છાણાં થાપવામાં આવતાં, જે ધીમા તાપે થતી રસોઈ માટે ઘણાં ઉપયોગી હતાં. આ રીતે જાતમહેનત કરો તો બળતણ માટે કોઈ ખાસ ખર્ચ કરવો ન પડતો. જોકે ગામના સુખીવર્ગ માટે ગરીબ સ્ત્રીઓ લાકડાંના ભારા માથે ઊંચકીને વેચવા માટે આવતી. ઉપરાંત ચા બનાવવા જેવા નાના કામ માટે ગામનો સુખીવર્ગ કેરોસીનથી ધમધમાટ અવાજ સાથે

ચાલતા સ્ટવ પણ વાપરતો.

સ્ટવના ઉલ્લેખથી યાદ આવ્યું કે સ્ટવ તે વખતે પ્રાઈમસ તરીકે ઓળખાતા. ખરેખર તો ''પ્રાઈમસ'' એ સ્ટવ બનાવનાર કંપનીનું નામ છે. પણ તેનું બ્રાન્ડનેમ એટલું લોકપ્રિય બન્યું કે પ્રોડ્કટ કંપનીના નામથી જ ઓળખવા લાગી. અત્યારે ''કોલગેટ'' શબ્દ પણ એટલો પ્રખ્યાત થયો છે કે ગામડામાં તો તે ''ટુથપેસ્ટ'' ના પર્યાય તરીકે વપરાવા લાગ્યો છે. હમણાં અમારા ગામમાં એક દુકાને હું બેઠો હતો, ત્યારે પણ આવુંજ બન્યું. એક ગ્રાહકે કહ્યું: એક ક્લોઝઅપની કોલગેટ આપો. દુકાનદાર પણ એવો જ હતો. તેણે જવાબ આપ્યો: ક્લોઝઅપની કોલગેટ તો ખલાસ થઈ ગઈ છે. આ પ્રોમિસની કોલગેટ લઈ જાઓ.

જેમ બળતણ એકઠું કરવામાં શારીરિક શ્રમ કરવો પડે, તેમ ચૂલા પર લાકડાં અને છાણાંના ઉપયોગથી રસોઈ બનાવવામાં પણ ઘણી મહેનત અને માથાકૂટ હોય છે. જો રસોઈ બનાવનાર અનુભવી ન હોય તો ચૂલાનો તાપ જો વધી જાય તો રસોઈ બળી જાય અને જો ચૂલો ઠરી જાય તો રસોઈ જલ્દી બને નહીં. ઉપરાંત પવન હોય તો તાપ વાસણને બરાબર લાગે નહિ. ચોમાસામાં લાકડાં ભેજવાળાં હોય તો જલ્દી સળગે નહિ તથા ધુમાડો ઘણો કરે. આગ ઓલવાઈ જાય ત્યારે ફૂંકો મારીને આગ પેટાવવી પડે, પણ ફૂંક મારવાની આવડત ન હોય તો ચૂલાની રાખ આંખમાં કે રસોઈના વાસણમાં પડે. અત્યારે મોટેભાગે દરેક ઘરમાં રસોઈનો ગેસ અથવા સ્ટવની સગવડ થઈ ગઈ છે. જેથી સ્ત્રીઓને બળતણ લેવા જવાના શારીરિક શ્રમ અને ચૂલા પર રાંધવાની મહેનત અને માથાકૂટમાંથી છુટકારો મળ્યો છે.

તે વખતે અનાજ દળવાનું કામ પણ સ્ત્રીઓએ પથ્થરની ઘંટી હાથથી ફેરવીને કરવું પડતું. તેથી ગામડામાં વહેલી સવારે ઘંટીનો ઘમઘમ અવાજ દરેક ઘરમાં ગુંજતો રહેતો. ડીઝલથી ચાલતી અનાજ દળવાની ઘંટી નવીનવી શરુ થયેલી, પણ તેમાં લોટ ઘણો ગરમ થઈ જતો થતો હોવાથી અનાજનાં પોષકતત્વોનો નાશ થાય છે તેમ માનવામાં આવતું. ઉપરાંત માણસમાં નવી વસ્તુ કે નવી વિચારસરણી જલ્દી અપનાવવાની માનસિકતા હોતી નથી. જ્યારે અમદાવાદ શહેરમાં રસોઈનો ગેસ મળવાની શરૂઆત થઈ ત્યારે તેનો પણ લોકોએ જલ્દી સ્વીકાર કર્યો નહોતો. લોકો એમ માનતા કે ગેસ પર રસોઈ કરવાથી ''ગેસ'' (વાયુ -પાચનની તકલીફ) થઈ જાય. ગેસની એજન્સીના સેલ્સમેનોની ઘણી સમજાવટ પછી પણ લોકો ગેસનું કનેક્શન લેવા તૈયાર ન હતા. છેવટે થોડા સમય પછી ગેસની ઉપયોગિતા સમજ્યા અને અનુભવ્યા પછી લોકોએ ગેસનું કનેક્શન લેવા પડાપડી કરી, જેથી ગેસનું

કનેક્શન મળવું દુર્લભ થઇ ગયું હતું. તે જ રીતે સમયની સાથે લોટ દળવાની ઘંટી જેને લોકો 'ચક્કી' કહેતા તે પણ સ્વીકાર્ય બની અને સ્ત્રીઓને અનાજ દળવાના શારીરિક શ્રમથી પણ છુટકારો મળ્યો.

વીજળી હજુ આખા વાવ તાલુકામાં ક્યાંય પહોંચી ન હતી, તેથી રાત્રે પ્રકાશ માટે લોકો કેરોસીનથી ચાલતું ફાનસ વાપરતા. ગામના મુખ્ય રસ્તાઓ પર ગ્રામપંચાયત દ્વારા રાત્રે ફાનસ લટકાવવામાં આવતાં અને સમયની સાથે તેની જગ્યાએ પેટ્રોમેક્ષ આવ્યાં. સુખીવર્ગ પાસે ટોર્ચ પણ હતી, જે ફક્ત એવરેડી કંપનીની જ આવતી. ફાનસ મર્યાદીત પ્રકાશ આપતાં હોવાથી અને રાત્રે કૂતરા અને સાપ કે વીંછી જેવાં ઝેરી જંતુઓ કરડવાનો ભય પણ રહેતો હોવાથી લોકોને સાંજે વહેલા જમી લઇ વહેલા ઊંઘી જવાની ટેવ હતી. એટલે રાત્રે આઠ વાગ્યા પછી તો ગામમાં સોપો પડી જાય.

ગામની બજારની વાત કરું તો જે પંદરેક દુકાનો હતી તેમાં કાપડ અને કરિયાણું (પ્રોવિઝન સ્ટોર) એમ બે જ જાતની દુકાનો હતી. કરિયાણાવાળા કટલેરી, સ્ટેશનરી વિગેરેની નાની ચીજો પણ રાખે. તેના સિવાય કોઈ પણ વસ્તુ લેવી હોય તો બાજુના મોટા ગામ વાવ જવું પડે. કાપડની દુકાનોમાં મોટેભાગે ગામઠી કાપડ જ મળતું, જે ''હાથ'' ના માપથી વેચાતું, એટલેકે વેપારી તેની કોણીથી આંગળી સુધીનું માપ ''એક હાથ'' ગણીને કાપડ માપીને વેચતો. જોકે ફેન્સી કાપડ માટે ''વાર'' નું માપ હતું, જેની જગ્યાએ પાછળથી મેટ્રિક પદ્ધતિ પ્રમાણે ''મીટર'' નું માપ અમલમાં આવ્યું.

કપડાં સીવડાવવા માટે દરજી ઘેર બેસાડવામાં આવતો, એટલેકે દરજી તેનો સંચો લઈને આપણે ઘેર આવી જાય અને આખો દિવસ બેસીને ઘરના બધા સભ્યોનાં કપડાં સીવવાનું તથા રિપેરિંગનું કામ કરી આપે. બદલામાં તેણે જેટલા દિવસ કામ કર્યું હોય તે ''રોજ'' મુજબ મહેનતાણું તથા એક ટંક જમવાનું તેને મળે. આમ તે વખતે આજની જેમ કપડા દીઠ સિલાઈ ચાર્જ નહોતો. જોકે તે વખતે લોકો સાદાં કપડાં પહેરતા અને ડિઝાઈન કે ફીટીંગની ખાસ ઝંઝટ ન હતી. તેથી અત્યારે કપડાં સીવતાં પહેલાં દરજી આપણા શરીરનું આઠ દસ જાતનું માપ લે છે, તેવી માથાકૂટ પણ નહતી. દરજી પોતાની નજરથી જ જે તે સભ્યના માપનો અંદાજ લઈને કપડાં સીવી નાખતો.

ઘણાં વર્ષો પછીની એક વાત યાદ આવે છે. હું એકવાર દરજીની દુકાને બેઠો હતો, ત્યાં એક વડીલ તેમના દીકરા માટે લેંઘો સીવડાવવા આવ્યા. દરજીએ પૂછ્યું કે છોકરો કેવડો છે. તો વડીલે રસ્તામાં ચાલ્યો જતો કોઈ એક છોકરો બતાવી કહ્યું કે પેલો છોકરો જાય છે, તેના જેવડો છે. દરજીએ કહ્યું: સારું, બે દિવસ પછી લેંઘો

લઇ જજો. મને ઘણું આશ્ચર્ય થયેલું કે વ્યક્તિના શરીરનું કોઈ જાતનું માપ લીધા સિવાય તેનાં કપડાં કઈ રીતે બનાવાય, પણ દરજી માટે તો આ રોજની વાત હતી.

કપડાં સીવવા માટે જેમ દરજી ઘેર આવે તેમ હજામત માટે પણ વાળંદ ઘેર આવીને વાળ કાપવાનું કે દાઢી કરવાનું કામ કરી આપે. તેની પેટીમાં કાતર, કાંસકો, અસ્તરો અને એમરી પથ્થર એ ચાર વસ્તુઓ જ રહેતી. અત્યારે બ્લેડ નાખી શકાય છે તેવા અસ્તરા તે વખતે નહોતા, એટલે જેમ સુથાર તેનાં ઓજારને એમરી પથ્થર પર ઘસીને ધાર કાઢે છે, તેમ વાળંદને પણ પહેલાં અસ્તરાને ઘસીને ધાર કાઢવી પડતી.

તે વખતે બાજુના મોટા ગામ વાવમાં હેર કટિંગ સલુનની સગવડ હતી, જ્યાં લાકડાની ઉંચી ખુરશીમાં બેસવાનું, વળી સામે અરીસો હોય અને વાળંદ હાથથી ચાલતા મશીનથી વાળ કાપે તે બધું અમને ઘણું આકર્ષક લાગતું. તેથી અમે ''મશીન કટ'' વાળ કપાવવા વાવ જવાની જીદ કરતા. વર્ષો પછી અમદાવાદ જવાનું થયું, ત્યારે ખબર પડી કે ''મશીન કટ'' વાળ હોય તે તો ગામડિયા ગણાય. કારણકે ફેશન તો ''કેંચી કટ'' વાળની હતી. આમ અમારો વાળંદ કાતરથી વાળ કાપતો, તે જ નવી ફેશન હતી, પણ અમને તેની જાણ હતી નહીં, તેથી તેની કિંમત નહોતી. માણસને પણ કંઇક આવુંજ થયું છે. પોતાની પાસે જે હોય અથવા આસાનીથી મળતું હોય તેની કિંમત હોતી નથી. માણસ પાસે યુવાનીમાં સારી તબિયત, કુટુંબનો પ્રેમ, અન્ય સગાંવહાલાં તથા મિત્રો સાથે સંબંધ વિગેરે બધુંજ હોય છે. પરંતુ પૈસા કમાવવા માટે આંધળી ભાગદોડ કરતો હોવાથી યુવાનીનાં ઉત્તમ વર્ષો દરમ્યાન જિંદગીનો આનંદ માણતો નથી અને જયારે પ્રૌઢ વયે એકઠા કરેલા પૈસાથી આનંદ લેવાનો પ્રયત્ન કરે છે, ત્યારે ખ્યાલ આવે છે કે હવે તંદુરસ્તી સારી ન હોવાથી ખાવાપીવાનો કે હરવાફરવાનો આનંદ લઇ શકાય તેમ નથી, કુટુંબ અને સંતાનોને પુરતો સમય આપ્યો ન હોવાથી આજે તેમની પાસે પણ સમય નથી, સગાવહાલા અને મિત્રો સાથે વર્ષોથી સારો સંબંધ રાખ્યો ન હોવાથી સામાજીક આનંદ લઇ શકાય તેમ નથી તેમજ માતાપિતા અને અન્ય વડીલો હયાત ન હોવાથી તેમના આશીર્વાદનો લાભ પણ મળે તેમ નથી.

હવે મૂળ વાત ઉપર આવીએ. ગામની બજારમાં અગાઉ જણાવ્યું તે મુજબ ગામઠી કાપડ અને કરિયાણા સિવાય કોઈ વસ્તુ મળતી નહીં. નાસ્તો કરવાની ઈચ્છા થાય તો બે જ ચીજ મળે, ફોફાં (મગફળી) અને ગોળ. ચવાણું, વેફર, બિસ્કીટ કે ચોકલેટ પણ ન મળતાં, ત્યારે સમોસા, કચોરી કે પાણીપુરીની તો વાત જ ક્યાં કરવી. બસ ફોફાં ફોલતાં જવાનું (કારણકે ફોલેલા સીંગદાણા પણ ન મળતા) અને ગોળ સાથે

સીંગદાણા ખાધે રાખવાના. ભલે નાસ્તાની વિવિધતા નહોતી, પણ આ નાસ્તો પૌષ્ટિક અને સ્વાદિષ્ટ તો હતો જ. અત્યારેય મુંબઈમાં ચોપાટી અને જુહુ બીચ ઉપર લોકો ગરમ રેતી ઉપર શેકેલાં મગફળી જાતે ફોલીને સીંગદાણા ખાવાની મોજ માણતા જોવા મળે જ છે ને.

ન્હાવા માટેનો સાબુ તો બાજુના મોટા ગામ વાવમાં પણ મળતો નહીં, તો શેમ્પુ, ક્રીમ, પાવડર વિગેરેનો તો સવાલ જ ન હોયને. કપડાં ધોવા માટે પણ ''નાણાવટી'' કંપનીના સાબુ સિવાય બીજો કોઈ સાબુ ન મળે. તેથી આ કપડાં ધોવાના સાબુથી જ ન્હાવા અને ધોવાનું બધું કામ થાય અને દાઢી કરવામાં પણ આ જ સાબુ વપરાય. સ્ત્રીઓ વાળ ધોવા માટે છાશનો ઉપયોગ કરતી, જે કદાચ વાળની સ્વચ્છતા અને સંભાળ માટે આજનાં જાતભાતનાં શેમ્પુ કરતાં વધારે ફાયદાકારક છે, પરંતુ જાહેરખબરોનો મારો ચલાવીને સાબુ અને શેમ્પુઓએ હવે અજેય સામ્રાજ્ય સ્થાપી દીધું છે. ટૂથબ્રશ અને ટૂથપેસ્ટ તે વખતે ગામડામાં પહોંચ્યા નહોતા, પણ બાવળનાં દાતણ જોઈએ એટલાં મળતાં અને તે પણ લગભગ મફતના ભાવે. એટલે બધા જ લોકો સવારે દાતણથી જ દાંતની સફાઈ કરતા.

કરિયાણું કે શાકભાજી લેવા જાઓ તો કપડાની થેલી કે વાસણ સાથે લઈને જ જવાનું, કારણકે પ્લાસ્ટિકનાં ઝભલાં હજુ આવ્યાં નહોતાં અને કાગળની થેલી વેપારી રાખતા નહીં. ખરેખર તો આ પર્યાવરણલક્ષી (ઈકોફ્રેન્ડલી) વ્યવસ્થા હતી, કારણકે અત્યારે એક-બે રૂપિયાની વસ્તુ ખરીદે તો પણ લોકો ઝભલું માંગે છે અને પછી ઘેર આવીને ઢગલો પ્લાસ્ટીકની થેલીઓ કચરાપેટીમાં નાખે છે, જેનો નિકાલ કરવો એ દરેક પ્રશાસન માટે માથાનો દુખાવો છે. અત્યારે અમેરિકા જેવા વિકસિત દેશ પણ પ્લાસ્ટીકના નિકાલના પ્રશ્નથી ચિંતિત છે. મોટે ઉપાડે તેમણે ''યુઝ એન્ડ થ્રો'' ની નીતિ અપનાવીને કન્ઝ્યુમર ઇન્ડસ્ટ્રીઝનો ઝડપી વિકાસ તો સાધી લીધો, પણ હવે નાગરિકોએ ''થ્રો'' કરેલી ચીજોના ડુંગર ખડકાયા છે ત્યારે તેનું શું કરવું તે મુદ્દે બધા મૂંઝાયા છે. તેથી હવે ''રીડ્યુસ, રીયુઝ અને રીસાયકલ'' અર્થાત્ ''ઉપયોગ ઘટાડો, ફરી વાપરો અને ફરી ઉપયોગી બનાવો'' ની નીતિ અપનાવવી પડી છે. આપણે પણ તેમના અનુભવમાંથી પ્રેરણા લઈને ''રીડ્યુસ, રીયુઝ અને રીસાયકલ'' નો અમલ વહેલી તકે કરીશું તો આપણા દેશની આર્થિક સ્થિતિને તેમજ વિશ્વના પર્યાવરણને મોટો ફાયદો થશે.

વાહનવ્યવહારની વાત કરું તો તે વખતે વાવ તાલુકામાં પાકી સડકની (ડામરના રોડની) સગવડ બહુ ઓછી હતી. વાવ તાલુકો રાજ્યનો છેવાડાનો તાલુકો છે અને

તેની પશ્ચિમ દિશામાં કચ્છનું રણ આવેલું હોવાથી તે દિશામાં ખાસ અવરજવર નથી. એટલે પૂર્વ દિશામાં આવેલ થરાદ અને દીઓદર તાલુકાને અમારા મુખ્ય મથક વાવ સાથે જોડતી પુરા તાલુકામાં માંડ ૫૦ કિમી લાંબી પાકી સડક તે વખતે હતી, જે થરાદ થી વાવ, ત્યાંથી સુઈગામ થઈને દીઓદર તાલુકાના ભાભર સુધી જતી હતી. આ રૂટ ઉપર આવતાં લગભગ પંદરેક ગામો સિવાયનાં તાલુકાનાં બાકીનાં બધાં ગામ, એટલેકે કુલ ૧૨૧ માંથી લગભગ ૧૦૬ ગામ (અર્થાત્ ૮૮% ગામ) તે વખતે પાકી સડકની સગવડવિહોણાં હતાં, જેમાં માડકાનો પણ સમાવેશ થતો હતો. જોકે વાવ અને ભાભરને જોડતો એક ટૂંકો ધૂળિયો રસ્તો હતો, જે માડકા થઈને પસાર થતો અને તેના પર સવારે એસટી ની એક બસ વાવ તરફ અને બીજી બસ ભાભર તરફ જાય અને સાંજે બંને બસ પરત આવે, એટલીજ વાહનવ્યવહારની સગવડ. બાકી જીપ, છકડા કે રિક્ષા એવાં કોઈ વાહન તે વખતે હતાં નહીં. વળી કાચો રસ્તો હોવાથી ચોમાસામાં તો બસ પણ બંધ થઇ જાય. આથી બહારગામ જવા માટે લોકો ઘોડો, ઊંટ અને બળદગાડું જેવાં વાહનોનો ઉપયોગ કરતા.

ગામનું બસસ્ટેન્ડ એટલે ગામના ગોંદરે ઝૂંપડી જેવા છાપરામાં ચાલતી ગામની એકમાત્ર ચાની કીટલીની જગ્યા, પરંતુ ચોતરફ મોટા મેદાન જેવી ખુલ્લી જગ્યા, બાજુમાં પીપળાનાં બે મોટાં વૃક્ષો, પાછળના ભાગમાં નાનુસરખું તળાવ અને તેને કિનારે એક ઘેઘુર વડલાનું વૃક્ષ અને આજુબાજુ નાનાંમોટાં અન્ય વૃક્ષોને લીધે રળિયામણી જગ્યા હતી. વડલાનું વૃક્ષ તો એટલું વિશાળ હતું કે તેની વડવાઈઓ પણ એક વૃક્ષ જેવી હતી. તાજેતરમાં માડકા જવાનું થયું ત્યારે મારે મન માડકાની ઓળખ સમું વડલાનું આ વૃક્ષ હવે રહ્યું નથી, તે જાણી મન ખાટું થઇ ગયું.

આ રૂટ ઉપરનાં બીજાં ગામોમાં તો આવી ચાની કીટલીની સગવડ પણ નહોતી, આથી માડકા તે રૂટનું અગત્યનું સ્ટેન્ડ ગણાતું. પાછા ડ્રાઈવર અને કંડકટર ચા પીવા નીચે ઉતરે, એટલે બસ થોડીવાર રોકાતી. એટલે કોઈ પેસેન્જર બસનો અવાજ સાંભળીને પછી ઘેરથી નીકળે તો પણ બસ ચૂકી ન જવાય. વળી ડ્રાઈવર અને કંડકટર આસપાસના વિસ્તારના જ વતની હોય અને દરરોજ એકજ રૂટ પર આવતા હોવાથી લોકો તેમને સારી રીતે ઓળખતા હોય, એટલે જરૂર પડે તો બસને થોડી વધારે રોકી પણ રાખે. ઉપરાંત છાપું લાવવાનું અને ચિઠ્ઠીચપાટી કે નાનુંમોટું સંપેતરું લાવવા-લઈ જવાનું કામ પણ ડ્રાઈવર અને કંડકટર જ કરતા. બીજા કોઈ વાહનની સગવડ ન હોવાથી ડ્રાઈવર અને કંડકટરને દરેક ગામમાં ખાસ મહત્વ અને માન મળતું.

તે વખતે બસના સમય જાળવવાનું ખાસ મહત્વ નહોતું. એક તો એક્સપ્રેસ

રૂટમાંથી નિવૃત થયેલી બસ પાકી સડકના રૂટ પર મુકે અને ત્યાંથી પણ નિવૃત થાય એટલે તેને કાચા રસ્તાવાળા રૂટ ઉપર મુકે. એટલે જૂની ઠાઠીયા જેવી બસ હોય, એંજીન બંધ કરી નાખે તો પછી બસને ધક્કા માર્યા વગર એંજીન ચાલુ જ ન થાય એવી બેટરી હોય, ઉપરથી ધૂળિયા કાચા રસ્તા. કદાચ ડ્રાઈવર પ્રયત્ન કરે તો પણ સમય સાચવી ન શકે. લોકો પણ એવા ટેવાઈ ગયા હતા કે બસ એકાદ કલાક મોડી પડે તો પણ એ વાતની ખુશી મનાવે કે છેવટે બસ આવી તો ખરી ! કારણકે મહિનામાં બે ચાર દિવસ તો બસ બગડી છે એટલે આવી નથી એવું બનતું જ હોય. અમારે ક્યારેક વાવ જવાનું હોય ત્યારે બસની રાહ જોઇને થાકીએ એટલે કોઈ છોકરાને પીપળાના ઝાડ પર ચડીને જોવાનું કહીએ કે જોને ભાઈ, બસ આવતી દેખાય છે કે નહીં. એ છોકરાને દૂર ધૂળ ઉડતી દેખાય એટલે ખબર પડે કે હવે બસ આવી રહી છે.

અને બસ આવે ત્યારે કેવી હોય ! એક તો જૂની ભંગાર બસ જેની બારીઓમાં કાચ કે પડદા હોય કે ન પણ હોય, સીટો ફાટેલી તૂટેલી હોય, બસ બહારથી તેમજ અંદરથી પણ ગંદી ગોબરી હોય, ખખડી ગયેલી બસના બધાજ પુર્જા કાન ફાડી નાખે તેવો ખડખડાટ કરતા હોય, લોકો તો ઠીક ડ્રાઈવર અને કંડકટર પણ બીડીઓ ફૂંકતા હોય અને ગિરદી તો એટલી હોય કે ડ્રાઈવરની કેબીનમાં પણ ચાર પાંચ માણસો ચડી બેઠાં હોય, કાચા ધૂળિયા રસ્તા પરથી ધૂળના ગોટા અંદર આવતા જતા હોય અને ક્યારેક રસ્તાની બંને બાજુ ઉગેલા ગાંડા બાવળની ડાળીઓના કાંટા બારીમાંથી ગાલ પર ઘસરકો કરી જતા હોય. વળી એકબાજુ મુસાફરો પોતાના પાંચ વર્ષના છોકરાને ત્રણ વર્ષથી નાનો હોવાનું ગણાવી ટીકીટ ન લેવાની માથાકૂટ કરતા હોય તો બીજીબાજુ કોઈ સ્ત્રી ત્રણની સીટ ઉપર પોતાનાં કપડાં ફેલાવીને એકલી એ રીતે બેઠી હોય કે બીજું કોઈ બાજુમાં બેસી ન શકે.

આમછતાં બાળપણમાં અમને બસની મુસાફરી એટલી ગમતી કે આવી અગવડની તો કંઈ પડી જ નહોતી અને બસમાં બારી પાસે બેસવા મળે તો જાણે કે સ્વર્ગનું સુખ મળી ગયું. બારીમાંથી નજીકનાં ઝાડવાં અને ખેતર પાછળ દોડ્યે જતાં હોય અને દુરનાં ખેતર, ઝાડ અને વાદળાં બસની સાથે આગળ દોડતાં હોય એ જોવામાં એવા તલ્લીન થતા કે ક્યારે ઉતરવાનું આવી જાય તે પણ ખબર ન પડતી.

ગામના બજાર માટે જરૂરી માલસામાન ટ્રક મારફત આવતો, જેને લોકો ‘‘ખટારો’’ કહેતા. દસ પંદર દિવસે ખટારો ગામમાં આવે અને કાપડ તથા કરિયાણાની વસ્તુઓ ગામમાં ઉતારે અને ગામમાંથી અનાજની બોરીઓ ભરી જાય. તે વખતે ગામમાં વાહન બહુ ઓછાં આવતાં, તેથી ગમે તે વાહન ગામમાં આવે,

અમે બાલમિત્રો તે વાહન, માલસામાન ઉતારવા અને ચડાવવાની પ્રક્રિયા વિગેરે જોવા માટે ભેગા થઈ જતા.

પાકા રસ્તા અને વાહનવ્યવહારની સારી સગવડ ન હોવાથી લીલાં શાકભાજી, ફળફળાદિ જેવી જલ્દી બગડી જાય તેવી ચીજો બહારગામથી મંગાવવી શક્ય ન હતી, તેથી ગામની આજુબાજુના વિસ્તારમાં પાકતી ચીજોથી જ ચલાવી લેવું પડતું. આથી કોબી, ફલાવર, પરવળ, વટાણા, જેવાં શાક મળતાં નહિ, પરંતુ ગામની વાડીઓમાં રીંગણ, ટામેટાં, ચોળાફળી, ગવારફળી, વાલોળ, કાકડી, દુધી, ભાજીઓ, મૂળા, મોગરી, લીલી ડુંગળી, લીલાં મરચાં, કાળેગાં, કંકોડા, કારેલાં, કોઠેંબા જેવાં શાકભાજી થતાં. જોકે આ બધાં શાક ફક્ત જે તે શાકની સિઝન દરમ્યાન જ મળતાં, તેથી શાકભાજીમાં બટાકા અને ડુંગળીનો વપરાશ વધારે હતો. ઉપરાંત થોડા વિકલ્પો પણ શોધી કાઢવામાં આવ્યા હતા. જેમકે ગવારફળી, કાળેગાં, કોઠેંબા જેવાં શાકની સુકવણી સિઝન દરમ્યાન કરવામાં આવતી, જે આખું વર્ષ શાક બનાવવામાં કામ આવતી. ઉપરાંત કઠોળનો શાક બનાવવામાં વધારે ઉપયોગ થતો અને ચોળાની વડીઓ તથા મગનાં પાપડનો પણ શાક બનાવવામાં ઉપયોગ થતો.

વાહનવ્યવહારની વાત નીકળી છે તો એક વાતની નોંધ લેવાનું મન થાય છે. વાવ તાલુકો સરહદી તાલુકો છે. બાજુના થોડા રણપ્રદેશ પછી તરત જ પાડોશી દેશ પાકિસ્તાનની હદ શરુ થાય છે. તેથી આ વિસ્તારમાં સંરક્ષણની દ્રષ્ટિએ લશ્કરની ઝડપી હેરફેર માટે સારા રસ્તા અને રેલ્વેલાઈન હોવી આવશ્યક છે. અત્યારે વાયબ્રન્ટ ગુજરાત સરકાર દ્વારા આ તાલુકામાં પાકા રસ્તાનું સારું માળખું તો તૈયાર થઈ ગયું છે પરંતુ દુખની વાત તો એ છે કે આઝાદી પછીના સાત દાયકા જેટલા સમય પછી પણ હજુ સુધી વાવ અને થરાદ તાલુકામાં રેલ્વે આવી નથી. કદાચ મજબુત અને દૂરંદેશી સ્થાનિક રાજકીય નેતાગીરીના અભાવે અને લોકોમાં વિકાસ પ્રત્યે જાગરૂકતાની ખામી હોવાથી આવું બન્યું હશે, પણ વાવ તાલુકાના પછાત રહેવા માટે રેલ્વેનો અભાવ એક મોટું પરિબળ રહ્યું છે તેમ મારું માનવું છે.

## પંચામૃત

આપણે એવી પ્રજા છીએ કે આખો દિવસ દેશમાં લાંચરૂસ્વત વધી ગઈ છે તેનો બળાપો કર્યા કરીએ છીએ, પણ જયારે ટ્રાફિક પોલીસ આપણને નિયમભંગ માટે પકડે છે, ત્યારે તરતજ ખિસ્સામાંથી ૧૦ કે ૨૦ ની નોટ કાઢીને લાંચ આપવાનો પ્રયત્ન કરીએ છીએ.

# ૬. મનોરંજન

જે વાચકોને ગામડામાં રહેવાનું થયું નહીં હોય તેમને અગાઉનું પ્રકરણ વાંચીને કદાચ એવું લાગ્યું હશે કે તે જમાનામાં ગામડાના લોકો દુઃખી દુઃખી હશે, કારણકે તેમની પાસે વીજળી, પાણીના નળ, અનાજ દળવાની ઘંટી અને રસોઈગેસ જેવી મૂળભૂત જરૂરિયાતો ઉપરાંત સ્કૂટર અને બાઈક, મોબાઈલ અને ટેલીફોન, રેડીયો અને ટીવી જેવી આજે અનિવાર્ય લાગતી સગવડોનો પણ અભાવ હતો. પરતું વાસ્તવમાં તે વખતે ગામડાના લોકો પોતાની રીતે સુખી હતા અને આનંદથી જીવન ગુજારતા હતા. તેનાં બે કારણ છે. એક તો જે તે વસ્તુ કે સગવડનો અભાવ હતો તે આખા ગામ માટે સમગ્રપણે હતો. પાડોશીને ત્યાં હોય અને આપણે ત્યાં ન હોય ત્યારેજ તેનું દુખ લાગે, આથી આવી સગવડોના અભાવનો અસંતોષ કોઈને નહોતો. બીજું, લોકોને આવી સગવડો વિના જીવવાની ટેવ પડી ગઈ હતી. ઉપરાંત સામાન્ય રીતે પેઢી દર પેઢી લોકોનું જીવનસ્તર થોડું ઊંચું આવતું જ હોય છે. તેથી દરેક પેઢી એમ માને છે કે અગાઉની પેઢી કરતાં પોતે વધારે સુખી છે. જોકે છેલ્લાં ૧૫-૨૦ વર્ષોમાં જીવનસ્તર ઊંચું આવવાનો દર એકદમ વધી ગયો છે, એટલે જૂની પેઢી કરતાં નવી પેઢીને ઝડપથી વધારે સગવડો મળી રહી છે, તેમજ હવે શહેરોની નવી સગવડો તરત જ ગામડામાં પહોંચી જાય છે. તો હવે તે જમાનામાં ગામડાના લોકો મનોરંજનનો આનંદ કઈ રીતે લેતા તે જોઈએ.

તે વખતે ટ્રાન્ઝીસ્ટર રેડિયો ઘેરઘેર પહોંચ્યા નહોતા, પણ ગ્રામપંચાયત કચેરીમાં બેટરીથી ચાલતો રેડિયો અને લાઉડસ્પીકર ગોઠવેલાં હતાં. તેના પર સવાર-સાંજ ભજન અને ગ્રામ્યલક્ષી કાર્યક્રમો લોકો સાંભળતા, જેમાં ''શાણાભાઈ અને શકરાભાઈ''નો વાર્તાલાપનો કાર્યક્રમ ઘણો લોકપ્રિય હતો. કોઈને ત્યાં થાળીવાજું (ગ્રામોફોન) પણ સાંભળવા મળતું, જેમાં હાથથી હેન્ડલ ફેરવીને ચાવી ભરવાથી રેકર્ડ વગાડી શકતી. ગીત અને સંગીતનો શોખ લોકો અવારનવાર ભજનના કાર્યક્રમ ગોઠવી પુરો કરતા. ઉપરાંત લગ્ન પ્રસંગે દસ-બાર દિવસ પહેલાંથી સ્ત્રીઓ લગ્નગીતો ગાવાનો આનંદ લેતી. વળી કોઈપણ તહેવાર કે આનંદનો પ્રસંગ હોય, ઢોલના તાલે

ગરબાની મજા તો સ્ત્રીઓ લે જ. ભલે ગરબા ગાવાવાળી પાર્ટી કે મ્યુઝિક સીસ્ટમની સગવડ નહોતી, લોકો ગરબા રમવાનો આનંદ બરાબર લેતા અને અત્યારે ગરબા રમનાર કરતાં જોવાવાળા વધારે હોય છે તેવું ત્યારે નહોતું બનતું.

જોકે મનોરંજનનું મુખ્ય સાધન તો નાટક હતાં. તે વખતે રાવળીયા તરીકે ઓળખાતા પરંપરાગત નાટકમંડળીવાળા અવારનવાર ગામમાં આવતા અને દિવસો સુધી દરરોજ રાત્રે ભવાઈના ખેલ, રામાયણ અને મહાભારતના પ્રસંગો આધારીત તથા પૃથ્વીરાજ ચૌહાણ અને જસમા ઓડણ જેવા ઐતિહાસિક વિષયો પરનાં સંગીતપ્રધાન નાટકો ભજવતા. ગામના ચોકમાં કુંડાળું કરીને વચ્ચે નાટક ભજવાય અને ચારેબાજુ લોકો બેસે. સ્ટેજ કે પડદા જેવું કંઈ પણ નહીં. પાથરણાંની વ્યવસ્થા પણ ન હોય, ત્યારે ખુરશીઓની તો વાત જ ના કરાય ને. નાટકનાં સ્ત્રીપાત્રોનો વેશ પણ પુરુષ કલાકારો જ ભજવે. પ્રકાશ માટે મશાલનો ઉપયોગ થતો, પણ મોટી મંડળી હોય તો પેટ્રોમેક્ષ લઈને આવે. નાટક જોવા જાહેર આમંત્રણ હોય, એટલે દરેક જણ આવી શકે. બદલામાં ગામલોકો ફાળો એકઠો કરી મંડળીવાળાને ખુશ કરે.

કોઈવાર પ્રોફેશનલ નાટકમંડળી પણ ગામમાં આવતી, જેની પાસે સ્ટેજ, પડદા, સંગીતનાં વાજિંત્રો વિગેરે સગવડ રહેતી. આવી મંડળી સામાજીક નાટકો પણ રજૂ કરતી, જેમાં ગીતો ગાવાની પ્રધાનતા રહેતી. વળી તેઓ લોકોની ફરમાઇશ મુજબ ગીતો રજૂ કરતા અને એક ગીત ગાવાનું ચાલુ હોય ત્યારે બીજા લોકો વધુ રકમ ચૂકવી તે ગીત કટ કરી બીજા ગીતની ફરમાઈશ પણ કરતા. સમય જતાં ટીકીટના દર વાળી નાટકમંડળીઓ પણ ગામમાં આવતી થઇ હતી.

નાટકની આટલી લોકપ્રિયતાને લીધે નિશાળના વિદ્યાર્થીઓ પણ સ્વતંત્રતા દિવસ અને પ્રજાસત્તાક દિવસના રોજ નાટક ભજવતા. તેમાં પણ ગામલોકો નાટક જોવા માટે ઉમટી પડતા અને જે ફાળો એકત્ર થાય તેમાંથી નિશાળની લાયબ્રેરી માટે પુસ્તકો ખરીદાતાં.

બાળપણની અમારી રમતોમાં પણ નાટકનું મહત્વનું સ્થાન હતું. ખાસ કરીને વેકેશનમાં જયારે નિશાળના રૂમો ખાલી હોય અને બહારગામથી બીજા બાલમિત્રો પણ ગામમાં આવેલ હોય, ત્યારે બધા ભેગા થઈને નાટક ભજવવાની રમતો ખુબ રમતા. પૂઠાને કાપીને તેના પર ચળકતો રંગીન કાગળ ચોંટાડી તેમાંથી રાજાનો મુગટ બનાવીએ; લાકડાના દંડામાંથી રામની, રાવણની અને શિવાજીની તલવાર બનાવીએ; જાડા લાકડામાંથી ભીમની ગદા બનાવીએ અને વાંસની પટ્ટીમાંથી અર્જુન

કે પૃથ્વીરાજનું ધનુષ્ય બનાવીએ એટલે નાટકની તૈયારી પુરી. સાધન ગમે તેવું હોય, અમને તો રમવાની ઘણી મજા પડતી અને ટીકા કરનાર તો કોઈ રહેતું નહીં, કારણકે જેટલા મિત્રો એકઠા થયા હોય, તે બધા જ નાટકનાં પાત્ર બન્યા હોય, પ્રેક્ષક તો કોઈ હોય જ નહીં. વળી સીતા કે સંયુક્તા જેવાં સ્ત્રીપાત્રો ભજવવા કોઈ તૈયાર ન થાય એટલે કોઈના નાના ભાઈ પર પસંદગી ઉતારવી પડે અથવા ખુરશી પર રંગીન કપડું ઓઢાડી તેને સ્ત્રી પાત્ર બનાવવું પડે. અમારું નાટકની વાર્તાનું જ્ઞાન પણ મર્યાદિત હોય એટલે ક્લાસિક કોમેડી ફિલ્મ ''જાને ભી દો યારો'' માં મહાભારતના દ્રૌપદી વસ્ત્રાહરણના  નાટકમાં પાંડવકૌરવ સાથે અકબર પણ આવે અને સલીમ પણ આવે, એમ અમારાં નાટકોમાં ક્યારેક રામ સાથે રાવણને બદલે પૃથ્વીરાજની લડાઈ પણ ચાલતી હોય અને ક્યારેક હનુમાન સાથે શિવાજી પણ બાખડતા હોય. પરંતુ વાર્તા કે પ્રસંગ ગમે તે હોય, અમને નાટકનો ખેલ રમવાની મજા ખુબ આવતી.

અમારી બીજી પ્રિય બાળરમત ''પોસ્ટઓફીસની રમત'' હતી. બે મિત્રો પોસ્ટમાસ્તર બને અને બે જુદી જુદી જગ્યાએ બેસે, બે જણ ટપાલી બન્યા હોય, બાકીના બધા મિત્રો બને ગામલોકો. પોસ્ટમાસ્તર પાસેથી લોકો કાગળના ટુકડાનાં બનાવેલાં પોસ્ટકાર્ડ ખરીદે અને બીજા રૂમવાળા મિત્રોનાં નામ લખી એક ડબલામાં નાખે, ટપાલીઓ આ બધાં પોસ્ટકાર્ડ ભેગાં કરીને એક થેલીમાં નાખી બીજા રૂમમાં નામ પ્રમાણે મિત્રોને વહેંચે. અત્યારે એમ લાગે છે કે આવી રમતમાં શું મજા આવે, પરંતુ અમે આ રમત દરરોજ રમતા, એટલે અમને બધાને જરૂર ઘણી મજા આવતી હશે.

ફરી મૂળ વાત પર આવીએ. કોઈવાર ગામમાં સરકારના માહિતીખાતાની જીપ પ્રોજેક્ટર તથા જનરેટર લઈને આવે અને રાત્રે એક બે નાનીસરખી ફિલ્મો બતાવે, સાથે સરકારી ખાતાની કામગીરીને લગતી કોઈ ડોકયુમેન્ટરી ફિલ્મ અને ગુજરાતની જયગાથાનું જાણીતું ગીત ''સુવર્ણ અક્ષરે લખશે કવિઓ જયગાથા ગુજરાતની, આ ગુણવંતી ગુજરાતની'' પણ જરૂર હોય. મજાની વાત તો એ થતી કે આવી જીપ ગામના ચોકમાં ઉભી રહે, એટલે મોટાભાગના લોકો નાટક જોવા બેસવાની ટેવ મુજબ જીપની ચારે બાજુ કુંડાળું કરીને બેસી જાય. પછી તેમને સમજાવવા પડે કે ફિલ્મ તો સામે લગાડેલા પડદા પર જોવાની છે અને જીપમાં કઈ જોવાનું નથી.

દિવસના ભાગમાં કયારેક નટ, મલ્લ અથવા બજાણીયા ખેલ રજૂ કરે તો ક્યારેક વાદી, મદારી અથવા બહુરૂપી પોતાની કળા રજૂ કરે. કોઈવાર જાદુગર આવે તો

કોઈવાર કઠપૂતળીવાળો આવે. આમ અવારનવાર લોકોના મનોરંજન માટે કશુંક આયોજન થયા કરતું. આવો કોઈપણ ખેલ હોય, ગામના લોકો તરતજ ભેગા થઈ જતા અને પોતપોતાની રીતે તેનો આનંદ માણતા. આવા ખેલ સિવાય પણ કોઈ ફેરિયો વસ્તુઓ વેચવા આવ્યો હોય કે વાસણને કલાઈ કરનારો આવ્યો હોય કે તેલના ડબ્બાને કાપીને ઢાંકણાવાળો ડબ્બો બનાવનાર આવ્યો હોય, ત્યારે અમે બાલમિત્રો તો ઠીક, મોટી ઉંમરના લોકો પણ ટોળે વળીને જોવા માટે ઉભા રહી જતા. એ વખતે ભણવામાં હોમવર્ક જેને અમે લેશન કહેતા, તેનું ખાસ દબાણ નહોતું અને ટ્યુશન જેવી પ્રથા તો હતી જ નહિ. તેથી અમને રમવાનો, રખડવાનો (પ્રકૃતિનો આનંદ લેવાનો) અને ઈતરપ્રવૃત્તિ માટેનો પુરતો સમય મળી રહેતો. અત્યારે સ્પર્ધા વધવાથી અને શિક્ષકો તથા વાલીઓની અપેક્ષાઓ પણ ઘણી વધી હોવાથી, પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને પણ હોમવર્ક અને ટ્યુશન ક્લાસ પાછળ એટલો બધો સમય આપવો પડે છે કે મોટેભાગનાં બાળકો બાળપણના સોનેરી સમયનો આનંદ પૂરો માણી શકતા નથી.

બાળપણની શેરીરમતોની વાત કરું તો મોટેભાગે તો રમવા માટે કોઈ સાધનસામગ્રીની જરૂર ન પડે તેવી ખોખો, કબડ્ડી અને દોડપકડ જેવી રમતો જ અમે રમતા. કોઈવાર ગીલ્લીદંડા કે ગેડીદડા જેવી રમતો રમાતી, જેમાં પણ રમવાનાં સાધનો માટે કોઈ ખર્ચ કરવાની જરૂર ન પડતી. કપડા ઉપર દોરી વીંટીને દડો બનાવવામાં આવતો કારણકે રબરના દડા ગામમાં મળતા નહિ, જયારે ગીલ્લી, દંડા અને ગેડી બનાવવા માટે લાકડાં જોઈએ તેટલાં મળી રહેતાં. ગામમાં બાળકો માટે હિંચકો અને લપસણી જેવાં કોઈ સાધનો હતાં નહીં, પરંતુ કોઈને ત્યાં ઝાડ પર રાંઢવું (જાડું દોરડું) બાંધીને બનાવેલા હિંચકા ખાવા અમે જતા. બાળકો માટે ટ્રાઈસિકલ કે બાઈસિકલ જેવું કશું હતું નહિ, તેથી તે શોખ પૂરો કરવા અમે લોખંડના પતરાની પટ્ટીને ગોળ વાળી બનાવેલા પૈડાને લોખંડના તારમાંથી બનાવેલા હૂકથી રસ્તા પર દોડાવીને મજા લેતા.

તે વખતે પ્લાસ્ટિક હજુ આવ્યું નહોતું, તેથી બાળકો માટે લાકડામાંથી અને પતરામાંથી બનેલાં રમકડાં મળતાં, પરતું તેમાં ખાસ વિવિધતા નહોતી. વળી ગામમાં તો એવું કશું મળતું નહીં, તેથી અમે રમકડાંથી ખાસ રમ્યા નથી. એ રીતે જોઈએ તો અત્યારની પેઢીનાં બાળકો એ બાબતમાં નસીબદાર છે, કેમકે તેમને ઘરે જાતજાતનાં રંગબેરંગી રમકડાંથી રમવા મળે છે અને સોસાયટીમાં, જાહેર બગીચામાં અને મોલમાં

અવનવાં સાધનોથી રમવાની મજા માણવા મળે છે.

તહેવારોની ઉજવણીની વાત કરું તો લોકો અખાત્રીજ, દિવાસો, દિવાળી, બેસતું વર્ષ, હોળી, શિવરાત્રી, રામનવમી, નવરાત્રિ જેવા બધા તહેવારો રંગેચંગે ઉજવતા પરંતુ અત્યારે દિવાળીમાં ફટાકડા માટે, ઉત્તરાયણમાં પતંગ માટે અને નવરાત્રીમાં ડેકોરેશન પાછળ જે ધૂમ ખર્ચો થાય છે તેવો ખર્ચ થતો નહીં. વળી ફટાકડા અને પતંગ ગામમાં મળતા પણ નહીં. તે જ રીતે રક્ષાબંધનના તહેવારે બહેનો રાખડી બાંધે તેવી પ્રથા પણ તે વખતે ન હતી. તેને બદલે તે દિવસે ગોર એટલે કે બ્રાહ્મણ પોતાના યજમાનોને રાખડી બાંધતા.

તે વખતે જન્મદિવસ કે લગ્નદિવસ ઉજવવાની પ્રથા પણ ન હતી, પણ લગ્ન જેવા પ્રસંગની ઉજવણી દસથી પંદર દિવસ સુધી ચાલતી અને જાન પણ માંડવે બે-ચાર દિવસ રોકાય તે સામાન્ય હતું. જોકે જાનમાં ૨૦-૨૫થી વધારે વ્યક્તિઓ આવતા નહીં, તેથી જાનની સગવડ સાચવવામાં ખાસ તકલીફ પડતી નહીં. દરેક જ્ઞાતિઓને લગ્ન પ્રસંગ ઉજવવાના પોતપોતાના અલગ અલગ સામાજીક રીવાજો હતા. અમારી શ્રીમાળી બ્રાહ્મણ જ્ઞાતિમાં તે વખતે જાન સાત ટંક સુધી રોકાતી. સમય જતાં જાન રોકાવાનો સમય ઘટતો ગયો અને જાનમાં વ્યક્તિઓની સંખ્યા વધતી ગઈ. વર્ષ ૧૯૭૫માં મારાં લગ્ન થયાં ત્યારે અમારી જ્ઞાતિમાં જાન ત્રણ ટંક સુધી રોકાતી અને જાનમાં પચાસેક માણસ લઇ જવાનો રિવાજ હતો. ઉપરાંત ત્રણે ટંક માટે જમવાનું મેનુ નક્કી કરેલું હતું, અર્થાત સમાજમાં કોઈને પણ ઘેર લગ્ન હોય, જમવાનું મેનુ એક જ હોય. પહેલા ટંકમાં જમવામાં શીરો અને ચોળાનું શાક એ બે જ આઈટમ હોય, જોડે પુરી, ફરસાણ કે સલાડ કશું જ નહીં. બીજા ટંકમાં જરા વ્યવસ્થિત મેનુ મળે જેમાં મોહનથાળ, પુરી, ભજિયાં કે ફૂલવડી, લીલું શાક, દાળ તથા ભાત હોય. છેલ્લા ટંકમાં લાપશી, વડીઓનું શાક અને તળેલો પાપડ એમ ત્રણ જ આઈટમ હોય, પરંતુ પાપડ વ્યક્તિ દીઠ ફક્ત એક જ મળે !

તે વખતે વાહનવ્યવહારની સારી સગવડ ન હોવાથી લીલાં શાક ખાસ મળતાં નહીં, તેમજ લગ્નની રસોઈ પણ કુટુંબના સભ્યો જાતે જ બનાવી નાખતા, તેથી લગ્નના જમણમાં આવી સાદી રસોઈ બનાવવાનો રિવાજ હતો. વળી નક્કી મેનુને લીધે ચડસાચડસીમાં થતા વધારે ખર્ચમાંથી પણ બચી શકાતું. અત્યારે લગ્નના જમણવારમાં જાતભાતનાં પકવાન અને ફરસાણ બનાવવામાં આવે છે, તેથી વાચકોને એ જાણીને કદાચ નવાઈ લાગશે કે જાન જયારે સાત ટંક રોકાતી, ત્યારે

તો સવારે બાજરીના રોટલા તથા શાક અને સાંજે ખીચડી તથા કઢી એવું સાદું મેનુ જ રહેતું, ફક્ત વરરાજા માટે ઘઉંની રોટલી બને, જેના ઉપર દળેલી ખાંડ અને ઘી આપવાથી મીઠાઈની ગરજ સરે !

જમવાના મેનુની વાત નીકળી છે તો એક નવાઈભરી વાત યાદ આવે છે. મારા એક નાગર બ્રાહ્મણ મિત્ર કહેતા કે તેમના જ્ઞાતિના જમણવારમાં આઈસ્ક્રીમ, પુરી અને બટાકાનું શાકનું મેનુ હોય છે અને આઈસ્ક્રીમ રીતસર ડોલમાં ભરીને ચમચાથી થાળીમાં પીરસવામાં આવે ! એથી પણ વધારે નવાઈ મને તળાજા (જીલ્લો ભાવનગર)ના કોળી જ્ઞાતિના જમણવારની સાદગીની વાત સાંભળીને લાગેલી. ત્યાંનાં ગામડાઓમાં કોળી જ્ઞાતિનો જમણવાર હોય, ત્યારે યજમાને ફક્ત બે જ વસ્તુઓની સગવડ કરવાની. એક તો મોટું કડાયું લાવીને તેમાં જથ્થાબંધ શીરો બનાવી દેવાનો અને બીજું ઢોરને પાણી પાવાનો અવાડો (સિમેન્ટની લાંબી ખુલ્લી ટાંકી) હોય તેને સાફ કરી તેમાં પીવાનું ચોખ્ખું પાણી ભરી દેવાનું. જમવા માટે લોકો આવે ત્યારે તાંસળું (મોટા બાઉલ જેવું વાસણ) સાથે લઈને આવે, તેમાં શીરો જમીને તે જ તાંસળામાં અવાડામાંથી પાણી લઈને પી લે. પછી અવાડાના પાણીથી પોતાનું તાંસળું જાતે જ સાફ કરી તેને માથા પર ઊંધું મૂકી તેના પર ફાળિયું બાંધીને ચાલતા થાય. યજમાન તથા મહેમાન બંને પક્ષ માટે કેટલું સાદું અને સરળ !

## પંચામૃત

આપણે એવા દેશમાં વસીએ છીએ જ્યાં પગમાં પહેરવાનાં બુટચંપલ એસી શોરૂમમાં વેચાય છે અને ખાવા માટેનાં શાકભાજી ફૂટપાથ ઉપર કચરાના ઢગલાની બાજુમાં વેચાય છે.

# ૭. ગામડાનાં દૂષણો

**ગામડું** હોય કે શહેર, બંનેને પોતપોતાની જુદી ખાસિયતો અને ઉજળી બાજુઓ છે, સાથેસાથે પોતપોતાની નબળાઈઓ પણ છે. શહેરમાં રહેતો માણસ બેચાર દિવસ માટે ગામડે જાય ત્યારે તે ગામડાની ઉજળી બાજુઓનો આનંદ લઈને ગામડું વધારે સારું છે તેમ માની લે છે. પરંતુ જ્યારે તેને બેચાર મહિના ગામડામાં રહેવાનું થાય, ત્યારે ત્યાંના લોકોની જડ અને રૂઢીચુસ્ત વિચારસરણી, આધુનિક સગવડોનો અભાવ અને વ્યસન, વહેમ, અંધશ્રદ્ધા, જાતિવાદ જેવાં અનેક દૂષણોનો અનુભવ થયા પછી ફરી પોતાનું શહેર પ્યારું લાગવા માંડે છે. આવો જ અનુભવ ગામડાના માણસને શહેરમાં જઈને થાય છે. અત્યાર સુધી ગામડાંની ખાસિયતો અને ઉજળી બાજુઓની ઘણી વાત કરી તો હવે ગામડાંનાં દૂષણોની વાત કરવી પણ જરૂરી છે.

મારી દ્રષ્ટીએ જડ જાતિવાદ એ ગામડાનું સૌથી મોટું દૂષણ ગણાય, કારણકે તે ગામડાંના લોકોમાં ફાટફૂટ અને વેરઝેર માટે જવાબદાર સૌથી મોટું પરિબળ છે. દુઃખની વાત તો એ છે કે પચાસ વર્ષ પહેલાં અનુભવેલું આ દૂષણ આજે પણ ગામડાઓમાં તે જ પ્રમાણમાં પ્રસરેલું છે, કદાચ વધારે વકર્યું છે. જાતિવાદથી ફક્ત સવર્ણ અને દલિત એમ બે વર્ગ જ પડ્યા છે એવું નથી. ગામડાઓમાં સવર્ણવર્ગમાં પણ ઊંચનીંચના અનેક ભેદ છે અને આવુંજ દલિતવર્ગની અંદર પણ છે. વળી હલકા રાજકારણને લીધે અને જાતિવાદના આધારે લડાતી ચુંટણીઓને લીધે સમાજના જુદાજુદા વર્ગો વચ્ચેની ખાઈ વધતી જાય છે, જે ગામડાંના સર્વાંગી વિકાસ માટે અવરોધરૂપ બને છે. પચાસ વર્ષ પહેલાંના સમયની વાત કરું તો તે વખતે આભડછેટનું દૂષણ ઘણું વકરેલું હતું અને દલિત વર્ગનું આર્થિક, સામાજીક અને શૈક્ષણિક સ્તર ઘણું નીચું હતું. વિજ્ઞાન અને કેળવણીના વિકાસથી, સુધારાવાદી પ્રચારથી અને સરકાર તથા સામાજીક સંસ્થાઓના સક્રિય પ્રયત્નો પછી હવે તેમાં ઘણો સુધારો આવ્યો છે. શહેરોમાં તો રહેઠાણ માટે ફ્લેટ કલ્ચર વ્યાપક બન્યા પછી એક બિલ્ડીંગ કે કોમ્પલેક્ષમાં બધી જ જ્ઞાતિઓના માણસો જોડે રહેતા થયા હોવાથી જુદીજુદી

જ્ઞાતિઓ વચ્ચેના ભેદભાવ હવે ઓછા જોવા મળે છે તથા સવર્ણ અને દલિતવર્ગો વચ્ચેની દૂરી પણ અમુક અંશે ઓછી થઈ છે. પરંતુ ગામડાઓમાં જે તે જ્ઞાતિઓનાં રહેઠાણ મોટેભાગે એક જ વિસ્તારમાં હોવાથી બીજી જ્ઞાતિઓ સાથે અંતર અને ભેદભાવ વધારે જોવા મળે છે. વળી શિક્ષણના અભાવથી અને રૂઢીચુસ્ત વિચારસરણીથી જાતિવાદનું દૂષણ ગામડાંના લોકોના માનસમાં ઘણું ઊંડું ઉતરેલું છે, જેને દૂર કરવા માટે ભગીરથ પ્રયત્નની જરૂર પડશે. આ મુદ્દે ધાર્મિક, સામાજીક અને રાજકીય એમ બધા જ નેતાઓ સાથે મળીને પ્રયત્ન કરે, તો જ સુમેળભર્યો ઉકેલ લાવી શકાય તેમ છે.

તે વખતનાં ગામડાંઓનું બીજું મોટું દૂષણ બાળકોને શિક્ષણ ન આપવાની માનસિકતા હતું. ગામમાં શાળાની સગવડ હોય, તો પણ લોકો તેમનાં બાળકોને ભણવા ન મોકલે અથવા બેચાર ધોરણથી આગળ ન ભણાવે. આને લીધે એક આખી પેઢી ઝડપથી વિકસતા જમાના સાથે તાલ મિલાવી ન શકવાથી આર્થિક અને સામાજીક એમ બંને રીતે પછાત રહી ગઈ. અત્યારે આ પરિસ્થિતિમાં ઘણો સુધારો થયો છે. હાલ માડકામાં આંગણવાડી, પ્રાથમિક શાળા અને હાઈસ્કુલ એમ બધી સગવડ ઉપલબ્ધ છે અને સારી એવી સંખ્યામાં બાળકો શિક્ષણનો લાભ લે છે તે એક સંતોષજનક બાબત કહેવાય.

સ્ત્રીઓનું નીચું સ્થાન અને સ્ત્રીશક્તિની અવગણના એ પણ ગામડાનું મોટું દૂષણ હતું. આપણો સમાજ પુરુષપ્રધાન હોવાને લીધે કુટુંબના આર્થિક, સામાજીક, ધાર્મિક, નૈતિક વિગેરે તમામ જાતના નિર્ણયોમાં સ્ત્રીવર્ગની થોડીઘણી અવગણના તો થાય જ છે, પરંતુ ગામડામાં આનું પ્રમાણ ઘણું વધારે છે. એક તો છોકરીઓને શિક્ષણ અપાતું નહિ. અશિક્ષિત માતાઓ તેમનાં બાળકોનો ઉછેર યોગ્ય રીતે ન કરી શકે, તેથી પછીની પેઢીનો પણ યોગ્ય વિકાસ ન થાય. આમ એક વિષચક્રને લીધે ગામડાંનો સમાજ પછાત રહી ગયો. વળી બાળલગ્નના કુરિવાજથી બાળકીઓ નાની ઉમરે માતા બની જતી. તેને લીધે અને ગામડામાં દવાખાનાની સગવડ ન હોવાથી પ્રથમ પ્રસુતિ વખતે માતા અને બાળકનું મૃત્યુ થવાનો દર ઘણો ઉંચો હતો. ઉપરાંત માસિક સમયને લગતી જડ માન્યતાઓને લીધે અને લાજ કાઢવાના કુરિવાજને લીધે ગામડાની સ્ત્રીઓએ ઘણી હેરાનગતી અને મૂંઝવણ ભોગવવી પડી છે. વિધવા સ્ત્રીઓની સમાજમાં ખુબ ઉપેક્ષા થતી અને તેમાંય નાની ઉમરમાં વિધવા બનેલી સ્ત્રીઓની તો ખરેખર દયાજનક સ્થિતિ હતી. આજે ગામડામાં સ્ત્રીઓની સ્થિતિમાં થોડો સુધારો જરૂર થયો છે, પણ હજુ ઘણું કરવાનું બાકી છે.

શિક્ષણના અભાવને લીધે તે વખતે ગામડાંના લોકોમાં વહેમ અને અંધશ્રદ્ધા વ્યાપક પ્રમાણમાં ફેલાયેલાં હતાં, તેમજ લોકો શુકન-અપશુકન, ભૂતપ્રેત, વિગેરેમાં એટલું માનતા કે રોગ મટાડવા તેમજ સામાજીક અને આર્થિક મુશ્કેલીઓના નિવારણ માટે બાધાઆખડી, મંત્રતંત્ર, દોરાધાગા, વિગેરેનો આશરો લઇ બરબાદ થતા. આજે શિક્ષણના પ્રચાર થકી અને આરોગ્ય અને ટ્રાન્સપોર્ટની સગવડો ગામડાઓમાં પહોંચ્યા પછી લોકમાનસમાં ઘણો સુધારો થયો છે જે સંતોષ લેવા જેવી વાત છે.

તે વખતે ગામડાંઓમાં બીડીનું વ્યસન વ્યાપક પ્રમાણમાં ફેલાયેલું હતું અને ખેડૂત, કારીગર તથા મજુરવર્ગના તો મોટાભાગના પુરુષો બીડીના બંધાણી હતા. આશ્વાસનની વાત એ ગણાય કે અગાઉની પેઢીના ઘણા પુરુષો અફીણના બંધાણી હતા, પરંતુ અફીણનું વેચાણ અને ઉપયોગ ગેરકાયદેસર જાહેર કરાયા પછી નવી પેઢીમાં અફીણનું વ્યસન ઓછું થયું છે. જોકે તેનું સ્થાન બીડીએ લીધું, જે ભલે અફીણ કરતાં ઓછી નુકશાનકારક છે, પરંતુ આરોગ્ય અને આર્થિક રીતે લોકોને પાયમાલ કરનારી તો છે જ. આજે બીડીનું સ્થાન ગુટખાએ લઇ લીધું છે. ગુટખા કંપનીઓ માર્કેટિંગનાં તિકડમ ચલાવીને ગામડાંઓના લોકોને પાયમાલ કરી રહી છે, જયારે સરકાર ટેક્ષની આવક સાચવવા ગુટખા પર પ્રતિબંધ મુકતી નથી અને લોકોનાં આરોગ્ય બગડવા દે છે.

ગામડાનાં દુષણોની વાત કર્યા પછી હવે ગામડાંના અભાવોની વાત કરીએ. મારી દ્રષ્ટિએ ગામડાનો સૌથી મોટો અભાવ બાથરૂમ અને શૌચાલયની સગવડનો અભાવ ગણાય, જેની વિસ્તારપૂર્વક ચર્ચા આપણે અગાઉ કરી ચુક્યા છીએ. તે પછીનો અભાવ ગામડામાં દવાખાનાની સગવડ ન હતી તે ગણાય. તે વખતે માડકા ગામમાં એકપણ દવાખાનું નહોતું કે કોઈ ડોક્ટર ન હતો. ઉપરથી પાકા રોડ અને વાહનવ્યવહારની સગવડનો અભાવ. એટલે રોગની આપાતકાલીન સ્થિતિમાં (મેડીકલ ઈમરજન્સી) તો લોકો રામભરોસે જ રહે. માંદા પડે એટલે કેટલાક લોકો ''ડોશીમાનું વૈદું'' અજમાવી રોગમુક્ત થવાનો પ્રયત્ન કરે, જયારે કેટલાક લોકો દોરાધાગા, માનતા (રોગ મટશે તો અમુક દેવને અમુક વસ્તુ ચડાવીશ એવા સંકલ્પ) અને ભૂવાઓનો આશરો લે. જયારે રોગ બહુ વધી જાય ત્યારે જ મોટા ગામ કે શહેરમાં ડોક્ટરની દવા લેવા જાય. પણ બહારગામ જવાની પ્રતિકૂળતા, દવાના સેવન અંગે માનસિક જાગૃતિનો અભાવ અને આરોગ્યના દ્દષ્ટિકોણથી અસ્વચ્છ, અનિયમિત તથા અનિયંત્રિત જીવનશૈલીને લીધે લોકોમાં રોગોનું પ્રમાણ વધારે હતું અને લોકોના

જીવનની સરેરાશ ઉંમર પણ ઘણી નીચી હતી. ૬૦ વર્ષે લોકો ઘરડા લાગવા માંડતા અને ૭૦ વર્ષથી  વધુનું આયુષ્ય પ્રમાણમાં ઓછા લોકો ભોગવી શકતા. કૂવા કે તળાવનું પાણી શુદ્ધિકરણ વગર પીવા માટે વપરાતું, જેથી લોકો અનેક બીમારીઓનો ભોગ બનતા, જેમાં ''વાળો'' જેવા ભયંકર રોગનો પણ સમાવેશ થતો. વાળાના જંતુવાળું દૂષિત પાણી પીવાથી શરીરમાં જ આ જંતુ મોટું થઇ સાપોલિયા જેવડું બની આખા શરીરમાં ફર્યા કરે અને અનેક તકલીફો આપે છે. આ ઉપરાંત શીતળા અને ઓરી જેવા રોગ પણ વ્યાપક પ્રમાણમાં ફેલાયેલા હતાં. દવાખાનાની સગવડને અભાવે સ્ત્રીઓની પ્રસુતિ માટે દાયણોની સેવા લેવી પડતી, જેમાં વૈદકીય જ્ઞાન, યોગ્ય દવાઓ અને સાધનોના અભાવથી માતા અને નવજાત બાળકના મૃત્યુનું પ્રમાણ ઘણું ઊંચું હતું.

લોકોનાં ઘર કાચાં અને છાપરાવાળાં હોવાથી અને લાકડાં, ઘાસ જેવી વસ્તુઓનો સ્ટોરેજ ઘરના વાડામાં જ થતો હોવાથી ઘરમાં સાપ અને વીંછી જેવાં સરીસૃપો અવારનવાર આવી ચડતા. વળી લોકોને ખેતી, પશુપાલન, બળતણ માટેનાં લાકડાં વીણવા જેવાં કામ માટે સીમમાં જવું જ પડે, જ્યાં પણ સાપ અને વીંછી કરડવાના ઘણા બનાવ બનતા. દવાખાનાની સગવડના અભાવે આવા કિસ્સામાં ભૂવા પાસે મંતરાવીને ઝેર ઉતારવાનો પ્રયત્ન કરાતો. સાપ બિનઝેરી હોય કે પ્રમાણમાં ઓછું ઝેર શરીરમાં ગયું હોય તો વાંધો ન આવતો, અન્યથા જે તે વ્યક્તિનું મોત નિશ્ચિત થતું. આ ઉપરાંત હડકાયા કૂતરાઓનો પણ ગામડામાં ઘણો ત્રાસ હતો. મહિનામાં એક કે બે વખત તો કુતરું હડકાયું થઈને ગામમાં આતંક મચાવી જ દે. અને જો આવું કૂતરું કરડી જાય તો સારવાર માટે દુરના મોટા ગામ થરાદ જવું પડતું અને હડકવાનાં ૧૪ ઈન્જેકશન લેવાં પડતાં. આમ ગામમાં દવાખાનાની સગવડનો અભાવ ગામડાનાં લોકો માટે ઘણો દુઃખદાયક હતો. હાલ આ પરિસ્થિતિમાં થોડો સુધારો થયો છે, પરંતુ હજુ ઘણું કરવાનું બાકી છે.

મારા આ લખાણને મઠારતી વખતે મને લાગ્યું કે એકવાર માડકાની નવેસરથી મુલાકાત લઈને ગામની પચાસ વર્ષ પહેલાંની હાલત અને અત્યારની પરિસ્થિતિની થોડી સરખામણી કરવી જોઈએ. મારે ઘણા દુઃખ સાથે લખવું પડે છે કે મારી તાજેતરની માડકાની મુલાકાત દરમ્યાન મને થોડી નિરાશા અને હતાશા થઇ છે, કારણકે સમયની સાથે ગામનો જેવો અને જેટલો વિકાસ થવો જોઈએ તેવો વિકાસ થયો નથી.

પહેલાં વિકાસના સારા મુદ્દા જોઈએ તો ગામને પાકા રોડની સુવિધા મળી છે અને એસ ટી બસની તેમજ ખાનગી વાહનોની સગવડ વધી છે, જેથી મુસાફરી સરળ બની છે. પાણીના નળ મોટા ભાગના ઘરે મુકાઇ ગયા છે, જેથી પાણી સરળતાથી મળી રહે છે. ગામમાં આંગણવાડી, પ્રાથમિક શાળા અને હાઇસ્કુલની સગવડ થઇ છે તથા શિક્ષણ માટે જાગૃતિ વધી છે. આંગણવાડીમાં બાળકોના આરોગ્યનું ધ્યાન રખાય છે તેમજ ખાનગી દવાખાનાની સગવડ ઉપલબ્ધ છે. વળી દૂધમંડળી તથા બેંકની સગવડ પણ થઇ છે. ગામમાં પાકાં મકાનો વધ્યાં છે અને હવે આધુનિક સગવડતાવાળાં મકાનો બને છે. લોકો આર્થિક રીતે સમૃદ્ધ થયા છે અને રાંધણગેસ, ટીવી, ફ્રીજ, ટેલીફોન, મોબાઈલ, વાહન જેવાં આધુનિક ઉપકરણો વસાવવા લાગ્યા છે. આમ લોકોનું જીવનધોરણ ઊંચું આવ્યું છે.

હવે લાખ રૂપિયાનો સવાલ એ છે કે લોકોનું જીવનધોરણ ઊંચું આવ્યું છે તો ઉણપ શાની છે ? મારા નિરિક્ષણ મુજબ અત્યારે માડકા ગામમાં (અને વાવ તાલુકાનાં મોટા ભાગનાં અન્ય ગામોમાં પણ) સૌથી મોટી ઉણપ એ છે કે ગામલોકોમાં ઉત્સાહ અને ચેતનાનો અભાવ પહેલી નજરે દેખાઈ આવે છે. વધારે વિગતથી સમજાવું તો ગામમાં ધંધારોજગારની કમી હોવાથી વેપારીવર્ગ અને કારીગરવર્ગનાં સંતાનો ગામ છોડીને અમદાવાદ કે સુરત જેવાં શહેરોમાં સ્થાયી થઇ ગયાં છે. તે જ રીતે ખેતીના ધંધામાં પણ કસ ના હોવાથી અને શારીરિક મહેનત વધારે હોવાથી ખેડૂતવર્ગની નવી પેઢીએ પણ નોકરી કરવા માટે કે હીરા ઘસવાના ધંધા માટે ગામ છોડી દીધું છે. હવે સ્ફૂર્તિ, ઉત્સાહ અને તરવરાટથી થનગનતી યુવાનપેઢી વગર ગામમાં ઉત્સાહ અને ચેતના કઈ રીતે દેખાય ?

નિરાશાની બીજી વાત એ દેખાય છે કે આધુનિકરણની લ્હાયમાં ગામડાએ પોતાની આગવી ઓળખ ગુમાવી દીધી છે. ગામમાં આધુનિક સગવડની સાથે આધુનિકતાના અભિશાપ સમ પ્લાસ્ટિકની કોથળીઓ તથા ગુટખાનાં પાઉચનો કચરો રસ્તાઓ પર પથરાઈ ગયો છે અને વીજળી, ટેલીફોન અને ટીવી કેબલના વાયર આકાશમાં છવાઈ ગયા છે. ગામના તળાવ, કુવા અને મોટાં વૃક્ષોની જાળવણીની ઉપેક્ષા થઇ છે. ગામની સીમમાં ઘટાદાર મોટાં વૃક્ષોની હારમાળાને બદલે કાંટાળા બાવળિયા છવાઈ ગયેલા દેખાય છે. મનોરંજન માટે મેળો, ગરબા, ભવાઈ, નાટક કે જાહેર ફિલ્મની વ્યવસ્થા હતી ત્યારે લોકો સામુહિક રીતે ભાગ લેતા, જેથી અરસપરસ મેલઝોલ વધતા હતા, જયારે હવે ટીવી અને મોબાઈલથી વ્યક્તિગત

મનોરંજન મેળવીને ગામડાનો માણસ પણ એકલો પડી ગયો છે. દરરોજ સાંજે ગામના ચોકમાં બધા લોકો સાથે બેસીને અલકમલકની વાતો કરતા અને ભૂલકાંઓ ધીંગા મસ્તી કરતાં એ દ્રશ્ય હવે જોવા મળતું નથી.

હું જાણું છું કે પરિવર્તન અનિવાર્ય છે અને ગયેલા દિવસો પાછા આવતા નથી. તેથી ઘડિયાળના કાંટા ઉંધા ફેરવવાનો મારો કોઈ આશય નથી. પણ ગામડામાં આધુનિકતા આવે તો અધકચરી નહીં પરંતુ સંપૂર્ણ રીતે આવે અને આધુનિક સગવડ વધે પરંતુ ગામના પર્યાવરણને નુકશાન ન કરે તે ધ્યાન રાખવામાં આવે એ જરૂરી છે. પાકાં મકાનો બાંધવાથી કે લોકો પાસે મોબાઈલ તથા બાઈક આવી જવાથી ગામનો વિકાસ થયો છે તેમ ના કહી શકાય, પણ જયારે ગામમાં શિક્ષણ, આરોગ્ય, સમૃદ્ધિ અને સુખાકારી વધે ત્યારે ગામનો વિકાસ થયો કહેવાય.

અત્યારે ગામડાંની પ્રજા નોકરી, ધંધા અને વેપાર માટે શહેરોમાં વસીને શહેરોની ભીડ વધારી રહી છે. આ ટ્રેન્ડને અટકાવવા માટે અને ગામ છોડી ગયેલા લોકોને પાછા પોતાના ગામમાં લાવવા માટે ગામડાં આર્થિક રીતે સમૃદ્ધ બને તેવાં પગલાં પડશે. આ માટે સૌ પ્રથમ તો ખેતીને કાર્યક્ષમ બનાવવી પડશે. તેના માટે જરૂરી છે કે વરસાદનું પાણી તળાવો અને ચેકડેમમાં સંગ્રહ કરીને ખેતી માટે વાપરવામાં આવે; વધારાનું પાણી કૂવા તથા રિવર્સ બોર મારફત જમીનમાં ઉતારવામાં આવે; વધારે ઉપજ અને નફો આપતા પાક ઉગાડવા માટે ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન અને સાધનસામગ્રી પુરી પાડવામાં આવે; તૈયાર પાક સંગ્રહ માટે ગોડાઉનની સામૂહિક સગવડ ઉભી કરવામાં આવે; પાક વેચાણ માટે બધા લોકો સહકારી રીતે સાથે મળી ટ્રાન્સપોર્ટ અને ભાવતાલ નક્કી કરે તો જથ્થાબંધ વેચાણ માટે ખર્ચ ઘટાડીને વધારે સારો ભાવ મેળવી શકાય. આ ઉપરાંત પશુપાલનના વિકાસ માટે ગોચરની જમીન ફાળવવામાં આવે, પશુ દવાખાનાની સગવડ કરવામાં આવે, દૂધ એકઠું કરવાની યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવે અને તેના વેચાણ માટે સહિયારો પ્રયાસ કરવામાં આવે, તો ખેડૂતવર્ગને ખેતી ઉપરાંત વધારાની આવક પ્રાપ્ત થશે.

કારીગરવર્ગના આર્થિક વિકાસ માટે લઘુઉદ્યોગ અને ગૃહઉદ્યોગને પ્રોત્સાહન આપી યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવે, તો ગામડામાં શહેર કરતાં ઓછા ખર્ચમાં ઉત્પાદન કરી શકાય છે. આ રીતે ગામનો ખેડૂત અને કારીગરવર્ગ આર્થિક રીતે સમૃદ્ધ થશે તો તેમની ખરીદશક્તિ વધવાથી વેપારીવર્ગનો ધંધો પણ વધશે. આમ ગામડાની સ્વતંત્ર આવક શરૂ થાય તો ગામડાં ભાંગતાં બંધ થાય. ગામના સેવાભાવી નાગરિકો

અને નિવૃત સિનીયર સિટીઝન તેમની કુશળતા અને અનુભવનો લાભ ગામના વિકાસકાર્યોના વહીવટ માટે આપે તો સોનામાં સુગંધ ભળે.

આવો વિકાસ સપનામાં જ શક્ય છે, તેમ તમે માનતા હો તો તમે ખાંડ ખાઓ છો. તાજેતરના નવગુજરાત સમયના એક અહેવાલ મુજબ આપણા સાબરકાંઠાના જ પુંસરી ગામે ચારપાંચ વર્ષના ટુંકા ગાળામાં અદભૂત વિકાસ હાંસલ કરી ગામની કાયાપલટ કરી છે. પુંસરીના યુવાન સરપંચે દૂરદર્શી નેતૃત્વ, પારદર્શક વહીવટ અને નિષ્પક્ષ વ્યવહાર થકી ગામલોકોને સાથે રાખીને પુંસરીને આદર્શ ગામ બનાવી દીધું છે. ગામના તમામ બાળકોને શાળામાં જતા કરીને ૧૦૦% શિક્ષણદર હાંસલ કર્યો છે. દરેક ગ્રામજનને સ્વાસ્થ્ય અને જીવન વીમા પોલીસીનું કવચ પુરું પાડવામાં આવ્યું છે. ઊંટગાડી દ્વારા ગોબર (છાણ) એકઠું કરી તેમાંથી ગોબરગેસ પ્લાન્ટ ચલાવીને બાયોગેસ ઉત્પન્ન કરી સસ્તી વીજળી મેળવાય છે. ટ્રેકટરથી ગામનો કચરો એકઠો કરી ગામને ચોખ્ખુંચણાક રખાય છે. દૂધમંડળી દ્વારા દૂધ એકઠું કરવાની સુંદર વ્યવસ્થા ગોઠવી ગામલોકોને પશુપાલન માટે પ્રોત્સાહિત કરાય છે. ગામમાં વાઈ ફાઈ, સીસીટીવી કેમેરા, અને પબ્લિક એડ્રેસ સીસ્ટમ લગાડવામાં આવી છે. આમ દ્રઢ ઈરાદો હોય અને બધા લોકોનો સાથસહકાર હોય તો આવો વિકાસ દરેક ગામમાં શક્ય છે.

આ જ રીતે માડકામાં પણ હાલ લોકમુખે ચડેલું સુત્ર ''સબકા સાથ, સબકા વિકાસ'' અમલમાં મુકાય અને ગામના બધા લોકોને સાથે લઈને બધાનો વિકાસ થાય અને માડકા ગામ ફરી ''ગોકળીયું ગામ'' બને તેવી અંતરેચ્છા સાથે આ પુસ્તિકાનું સમાપન કરું છું.

## પંચામૃત

જ્યારે ભગવાન તમારી મુશ્કેલીઓ દૂર કરે છે, ત્યારે તમને ભગવાનની શક્તિમાં વિશ્વાસ હોય છે અને જ્યારે ભગવાન તમારી મુશ્કેલીઓ દૂર નથી કરતા, ત્યારે ભગવાનને તમારી શક્તિમાં વિશ્વાસ હોય છે.